# ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી ૨:૧

## લોકભારતી પ્રકાશન



લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા દ્વારા પ્રકાશિત
'ઝાડનાં પારખાં ફળ પરથી' શ્રેણી – ૨૨

# કેરડે ફૂટ્યાં ફૂલ

લેખક
હીરજી ભીંગરાડિયા
ગોદાવરી ભીંગરાડિયા

પહેલી આવૃત્તિ: ઓગસ્ટ-2004
પ્રકાશક : નિયામકશ્રી લોકભારતી સણોસરા
------------
બીજી સંવર્ધિત આવૃત્તિ : નવેમ્બર, 2014
લટ્ટૂર પ્રકાશન
'અવનિલોક', 3, શાંતિનગર સોસાયટી
2273, હિલડ્રાઈવ, ભાવનગર. મો. 9624695646
|C| નીતિન અને ભરત ભીંગરાડિયા
**ISBN** : 978-81 924436-7-6
પ્રત : **1000** / કિંમત ; **150**
પ્રાપ્તિસ્થાન : [1] હીરજીભાઈ ભીંગરાડિયા, પંચવટી બાગ,
માલપરા, જિ. બોટાદ, પિન:364730 / [મો. 93275 72297]
------------
ત્રીજી ઈ–બુક આવૃત્તિ : ૨૦૧૫
પ્રકાશક : નિયામકશ્રી, લોકભારતી સણોસરા

મુદ્રણ–સુશોભન :
સત્ય ગ્રાફિક્સ : ફોન 94288 02482 / 079–26810446

## અર્પણ

વાત્સલ્યધામ લોકશાળા માલપરા,

ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા

તથા

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરાને

ચરણે

## અનુક્રમ

થોડુંક......... ....6

ઉપહાર....8

માલપરાનો મનમોહક મનખો....9

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....12

પરોઢ....14

જીવન ઘડતરના રાહબર બન્યા માટલિયાભાઈ....18

પારિવારિક સંબંધોની જાળવણી....23

માટલિયાભાઈ એટલે માટલિયાભાઈ !....24

લોકભારતીમાંનો મારો વિદ્યાર્થીકાળ....29

મારા ગુરુજનો....30

બાપ ગુમાવ્યાનો આઘાત....36

થોડુંક અંગત અને કૌટુંબિક....39

ડો'કાકા પાસેથી "મધ્યમ માર્ગ" અભિગમની જાણકારી મળી....41

નાનાં મટી મોટેરાં બની જવાની ફરજ પડી....42

આજનો અમારો પંચવટી પરિવાર....49

સામાજિક અને શૈક્ષણિક કામનું સરવૈયું....51

પંચાયત સંભાળવાની ફરજ ઊભી થઈ....52

ચૂંટણીફાળો પરત કરાયો....55

વિરોધીઓમાંથી દુર્ભાવ દૂર થયો....57

પંચવટી બાગની ખેતી....59

ખેત ઉત્પાદનમાં વૃક્ષોની ભાગીદારી....63

દર્શક વાડીએ આવ્યા ....................................................66
પત્ની તરફથી  કાયમનો સધિયારો....................................................72
મગફળીની ખેતીના વિશેષ અભ્યાસાર્થે ચીનનો પ્રવાસ ....................................................75
કુદરતની કૃપાવર્ષા ....................................................79
મુલાકાતીઓનું આકર્ષણ ....................................................80
પ્રેરણાસ્રોત લોકભારતીએ કરાવ્યાંઅનેકવિધ સન્માનો ....................................................83
ઇન્ટરનેટ પર મારાં કાર્યોનો પરિચય....................................................88
અમારું તારણ ....................................................89
છાપાં અને કૃષિ સામયિકોમાં લખવાં શરૂ કર્યાં અનુભવ લખાણ : ....................................................90
કૃષિ વિષયક પુસ્તકોની વિશાળ શ્રેણી : ....................................................91
આકાશવાણી અને ટી વીમાં રજૂઆતો : ....................................................93
કૃષિ વિકાસ મંડળની સ્થાપના અને સંચાલન :....................................................95
કેટલાક યશભાગીઓ....................................................96
અને  છેલ્લે...... ....................................................98
અવતરણો....................................................99
ખેડૂતો અને સંસ્થાઓ તરફથી આવેલા પત્રોમાંથી કેટલાક ....................................................110
કાર્ય અને લખાણ બાબતના  પ્રતિભાવો....................................................116

## થોડુંક.........

પૂ.મનુભાઈ પંચોળી-દર્શકે સને 1983- માર્ચમાં "ઝાડનાં પારખાં ફળ પરથી" અન્વયે પોતાનાં 21 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કાર્યઅહેવાલો તેમની પોતપોતાની કલમે પુસ્તિકાઓરૂપે પ્રથમ શ્રેણી અન્વયે પસિદ્ધ કરાવેલા. અને ફરી 2004માં પૂ.જયાબહેન શાહની હાજરીમાં "ઝાડનાં પારખાં ફળ પરથી " શ્રેણી - 2 અન્વયે પાંચ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કાર્યાનુભવ સંસ્થાએ પ્રગટ કર્યા , એમાં મને પણ આદેશ થયેલો કે "તમારા કામનો અનુભવ તમારા શબ્દોમાં, ટૂંકમાં લખીને મોકલો." અને મેં જે ટૂંકું લખાણ મોકલ્યું તે "કેરડે ફૂટ્યાં ફૂલ " નામે –નાની પુસ્તિકારૂપે પસિદ્ધ થયું. એની પ્રસિદ્ધિને એક દસકો વીતી ગયા પછી એ પુસ્તિકાની પ્રતો મળવી બંધ થઈ ગયેલી , અને મિત્રો-સ્નેહીઓ-સગાંઓ અને પરિચિત ખેડૂતો તરફથી એ પુસ્તિકાની માગણી ચાલુ રહી.

લોકભારતીના વર્તમાન સંચાલક આદરણીય શ્રી ડૉ.અરુણભાઈ દવે પાસે અમે વાત મૂકી કે "કેરડે ફૂટ્યાં ફૂલ"ની બીજી આવૃત્તિ સંસ્થા વતી અમે પ્રસિદ્ધ કરી ન શકીએ ?" તેમણે સંમતિ સાથે ઉમેર્યું કે "એમાં લખાણને વધુ લાંબુ નહીં કરવાની મર્યાદા સાચવીને તમે કરેલા કેટલાક નવીનતમ પ્રયોગો અને કાર્યોની વિગતો જે ન જણાવી શક્યા હો , તે આમાં ઉમેરો અને "લોકભારતી દ્વારા પ્રકાશિત "ઝાડનાં પારખાં ફળ પરથી " શ્રેણી -2-1 ની સંવર્ધિત આવૃત્તિરૂપે જરૂર પસિદ્ધ કરો.." બસ, એની જ ફળશ્રુતિ એટલે "કેરડે ફૂટ્યાં ફૂલ."

આ બીજી આવૃત્તિમાં લેખક તરીકે અમ પતિ-પત્ની બન્નેનાં નામો રખાયાંનો સુધારો કરાયો છે તે સંબંધે ચોખવટ કરવી રહી કે મારાં પત્ની ગોદાવરી વાત્સલ્યધામ લોકશાળા માલપરા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા કે લોકભારતી સણોસરામાં વિદ્યાર્થિની તરીકે રીતસર દાખલ થઈ, વર્ગો ભરી ભણેલાં નથી. પણ "કેળવણી કંઈ ચાર દીવાલો વચ્ચે જ ભણવાથી નથી થતી" એવું તો આ સંસ્થાઓએ જ અમને શીખવાડ્યું છે. એ ન્યાયે મારું આખું કુટુંબ વાત્સલ્યધામ લોકશાળા માલપરા, ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા અને ગ્રામવિદ્યાપીઠ લોકભારતી સણોસરામાં રહી શિક્ષિત થયું છે. મારા પછી, મારા ભાઈઓ અને મારી બહેનોના અભ્યાસકાળ ઉપરાંત અમારા કુટુંબનાં બાળકો સહિતના તમામ સાથેના સતત સહવાસ થકી, આ માતૃસંસ્થાઓના ગુરુગણ સાથેનાં સતત સાન્નિધ્ય , વારંવાર ઉજવાતા શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાવાનું અને આ ત્રણે સંસ્થાના વાતાવરણમાં જીવનને ઢાળવાનું બની શક્યું છે , અને મારાં બધાં જ કૃષિ તેમજ સામાજિક કાર્યોમાં ગોદાવરીએ ખભેખભો મિલાવી-ડાબી ધોંહરીએ જૂતી રહેવાનું પસંદ કર્યું છે. તેથી જે કંઈ થઈ શક્યું છે

તેનો યશ હું એકલો લઈ શકું તેમ નથી. અમારા પ્રામાણિક વ્યવસાયે તેમ જ તેના અનુસંધાને જિવાતા ગ્રામજીવન સાથે તાદાત્મ્ય કેળવવાની જે તક મળી છે , વાત્સલ્યધામ, ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીની ભોં સાથે આજ લગી તેનો તાંતણો જાળવી શકાયો છે , એનું મૂલ્ય કોઈ રીતે આંકી શકાય તેમ નથી. આ પુસ્તિકાને અમે ગુરુજનોને અપાયેલા અર્ઘ્યરૂપે જોઈએ છીએ.

જે મુરબ્બીના આગ્રહથી અમારા અનુભવો ગામડાંનાં લોકો અને ખેડૂતો સમક્ષ રજૂ કરવાનું અન્ય પુસ્તકો દ્વારા બન્યું છે , તે અમારી "ખેતી કરીએ ખંતથી શ્રેણી"નાં પુસ્તકોમાં અને અત્યારે આ પુસ્તિકા - 'કેરડે ફૂટ્યાં ફૂલ' વિશે માર્ગદર્શન ઉપરાંત પ્રસ્તાવનારૂપે "માલપરાનો મનમોહક મનખો" લખી આપી અમારા કામમાં દિશાદર્શન કરનાર આ. શ્રી અરુણભાઈ દવે હંમેશાં અમારા પ્રેરક રહ્યા છે. એવું જ મોટાભાઈ તુલ્ય કવિ શ્રી મનોહરભાઈ ત્રિવેદી માર્ગદર્શક જ નહીં , છેલ્લા પ્રૂફની , પુસ્તકના આકારની ઉપરાંત આ લખનારને કાવ્યનાયકરૂપે પણ જુએ ! એવા જ મારા વડીલ શ્રી લાભુભાઈ ગ. પટેલનું. જૈફવયને ગાંઠ્યા વગર, બધું લખાણ સમુસૂતરું છે કે નહીં , તે તપાસે. જુદાઈ હોય તો આભારનાં બેએક વચન ઉચ્ચારવાં પડે પરંતુ એવું તો છે નહીં.

પુસ્તકના અન્તે "અવતરણ" શીર્ષક નીચે થોડાં પ્રતિભાવો ઉમેર્યા છે. સેંકડોની સંખ્યામાં મળેલા પત્રો અને અવલોકનોને અમારાં હૈયાં સિવાય બીજે ક્યાં સંઘરીએ ? છતાં જરૂરી જણાયાં તેવાં થોડાંક લખાણોને એમાં સમાવ્યાં છે.

ગુજરાતી ભાષાના મૂઠી ઊંચા વાર્તાકાર આ. શ્રી માય ડિયર જયુએ લટૂર પ્રકાશનના માધ્યમથી આ પુસ્તક છાપવાની હોંશ બતાવી એનો ઊંડો રાજીપો છે તો ઓછા સમયમાં મુદ્રિત કરવા ઉત્કંઠ ભાઈ અવનીન્દ્રને પણ કેમ ભુલાય ?

વાચકો પાસે નાનકડી આકાંક્ષા : આ પુસ્તિકા સંદર્ભે કોઈ સૂચન, કોઈ સલાહ અથવા માર્ગદર્શન આપવાનું મન થાય તો અમને પોતીકાં માનીને એ કર્તવ્ય નિભાવવાની નમ્ર અપીલ છે. અસ્તુ.

**- હીરજી ભીંગરાડિયા [મો. 93275 72297]**

**ગોદાવરી ભીંગરાડિયા [મો.93773 72297]**

**પંચવટી બાગ, માલપરા-364730 જિ. બોટાદ**

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનરરચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.

તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩

## માલપરાનો મનમોહક મનખો

આજે સમગ્ર વિશ્વમાં એક પ્રકારનો અજંપો જોવા મળે છે. ભૌતિક સુવિધાઓ-સગવડતાઓ ખૂબ વધી છે પણ જીવનનું સુખ વધ્યું નથી. પરસ્પરની ચાહતનો અભાવ સૌ અનુભવે છે. શું કરવું જોઈએ એ ખબર હોવા છતાં એ પ્રમાણેનું આચરણ થઈ શકતું નથી. સર્જનાત્મક-રચનાત્મક એવો હકારાત્મક અભિગમ વાણી-વર્તન-વ્યવહારમાં અનુભવાતો નથી. માનવજાત સમક્ષ ઊભા થયેલા પ્રશ્નોની યાદી મોટી છે પણ તે તમામ પ્રશ્નોના ઉકેલનું વિચારનારા તજજ્ઞો એક જ ઉકેલ પાસે આવીને અટકે છે ! આ ઉકેલ છે માણસની જીવન જીવવાની શૈલી. હા, એટલે ઉકેલ માણસની 'જીવનશૈલી'માં સમાએલ છે. હવે પ્રશ્ન એ થાય કે કેવી જીવનશૈલી ? તો તજજ્ઞો સમજાવે છે કે સંસ્કૃતિને સાચવતી અને પ્રકૃતિને પોષતી એવી જીવનશૈલી આદર્શ ગણાય. આવી જીવનશૈલીને પશ્ચિમનું જગત 'ઈકો ફ્રેન્ડલી લાઈફ સ્ટાઈલ' એવું રૂપાળું નામ આપે છે. આ વાત ગાંધીજી અને વિનોબાજીએ તેમના શબ્દોમાં સરસ રીતે સમજાવેલી જ છે.

આવી જીવનશૈલી કેમ જીવાય તેના સમાજ પાસે જીવંત નમૂનાઓ હોવા જોઈએ. શ્રી હીરજીભાઈને હૈયે વસેલી અને તેમણે આચરેલી જીવનશૈલી આવી નમૂનારૂપ જીવનશૈલી કહી શકાય. તેમની આ પુસ્તિકા આત્મકથાની સંક્ષિપ્ત આવૃત્તિ હોવા છતાં તેમાં પોતે જાતને અલગ રાખીને રજૂ કરી શક્યા છે તે બહુ મોટી જમા બાબત છે. તેમણે જે ઘટનાઓ-પ્રસંગો-અનુભવો અને સંવેદનાઓ વર્ણવી છે તે વાચકને પોતીકી લાગે છે. મૂલ્યનિષ્ઠ હોવા છતાં બોધનો બોજો જણાતો નથી. તેમનાં અનેક સદગુણો કે સેવાકીય કાર્યો કે પ્રશંસાઓ વાંચતાં-જાણતાં જણાય છે કે દરેક સારી બાબતનો જશ તેઓ કોઈ ને કોઈ વડીલ કે શિક્ષક કે માર્ગદર્શક કે આત્મજનને આપી દઈને હળવા થઈ જાય છે. આમ આ વાચક માટે પ્રેરક બનતી પુસ્તિકા વાચકને પોતાનું જીવન કેમ અને કેવું જીવવું તે માટેની પ્રેરણા પૂરી પાડે છે.

સમગ્ર લખાણની શૈલી અત્યંત સરળ છતાં હૃદયસ્પર્શી છે. આથી સામાન્ય ખેડૂત , વિદ્યાર્થી, શિક્ષક , સમાજસેવક , શ્રમિક , સરકારી અધિકારીથી લઈ કૃષિ વૈજ્ઞાનિકો સુધીના સૌને આ વાંચવું-માણવું અવશ્ય ગમશે.

વાત્સલ્યધામ માલપરા અને લોકભારતી સણોસરાની કેળવણીને ઉજાગર કરીને તેમણે બન્ને માતૃસંસ્થાઓને ઊજળી કરી બતાવી છે. ભલે તેમણે જશ સંસ્થાઓ અને તેના પૂજ્ય ગુરુજીઓને આપ્યો હોય પણ તેમની શૈલીમાં કહેવું હોય તો ...મૂળે બી સારું જાતવાન

હોવું જોઈએ ! ખેડ , ખાતર, પાણી, માવજત, રક્ષણ વગેરે ગમે તેટલાં ઉત્તમ હોય પણ જો બી સડેલું કે નબળું હોય તો બધું નકામું જાય. પ્રભુકૃપાએ આ સુખદ અકસ્માત ગણાય કે ઉત્તમ બીને તમામ પરિબળો ઉત્તમ કક્ષાના પ્રાપ્ત થયાં.

તેમની ઈશ્વર અને ગુરુજીઓ પ્રત્યેની સમર્પિત શ્રદ્ધા અને માનવીય અભિગમને પ્રગટાવતી સંવેદનાએ તેમના જીવનને સાધુત્વના દ્વારે લાવી મૂક્યું છે. માતા-પિતા , કાકા-કાકી, સગા-સંબંધીઓ , ગુરુજીઓ , સાક્ષીઓ , મિત્રો , સંતાનો વગેરે પાસેથી તેઓએ જે સદગુણો-શીખ-જ્ઞાન પ્રાપ્ત કર્યા છે તેના સરવાળા જેટલું મૂલ્યનિષ્ઠ જીવન તેમના જીવનસાથી ગોદાવરીબહેન પાસેથી સહજ પ્રાપ્ત થયું છે એ સૌથી મોટી ઈશ્વરકૃપા ગણાય. વળી, તે બાબતનો હીરજીભાઈ દ્વારા થતો સ્વીકાર –એકરારા એ એથીયે ચડિયાતી બાબત ગણવી જોઈએ. સાચા અર્થમાં એક દુજે કે લિયે .....થયેલું નિર્માણ !

ખેતીને એક વ્યવસાય તરીકે નહીં પણ જીવન જીવવાના નિજાનંદી આનંદસ્રોત તરીકે પણ પ્રયોજી શકાય તેવું આ પુસ્તિકા દ્વારા વાચકને સ્પષ્ટ થશે. આજે મોટા ભાગના માણસોને આજીવિકા અને આનંદ માટેની અલગ અલગ પ્રવૃત્તિઓ કરવી પડે છે. આથી બમણો સમય અને બમણાં નાણાં પણ વપરાય. એક બીજી પ્રવૃત્તિઓ એકબીજાને અવરોધે પણ ખરી ! ! અહીં તો આજીવિકા અને આનંદ બન્ને મેળવવા એક જ પ્રવૃત્તિ કરવાની છે ત્યારે જીવનશૈલી કેટલી સમૃદ્ધ અને સમરસ બને એ સમજી શકાય તેવું છે. શ્રી હીરજીભાઈનું બચપણ, વિદ્યાર્થીકાળ , અભ્યાસ , પરિવાર , યુવાવસ્થા , લગ્ન , ખેતી , અનુભવો , પ્રયોગો , પ્રકૃતિ સાથેનું જોડાણ , પ્રશ્નો ઉકેલવાની કોઠાસૂઝ , સંબંધો બાંધવા અને ટકાવવા , સરકારી અને સહકારી પ્રવૃત્તિઓનું સંચાલન , ગ્રામાભિમુખ કેળવણી , શિક્ષણ સંસ્થાઓનું સંચાલન , મળેલી નિષ્ફળતાઓ , સફળતાઓ , પારિવારિક પ્રસંગો , તૂટેલાં અને સાકાર થએલાં સ્વપ્નાંઓ.....વગેરેની કરેલી છણાવટમાં "હું" વકર્યો નથી એ જ હીરજીભાઈની સાચી ઓળખ છે. પ્રકૃતિ બરાબર વિજ્ઞાન બરાબર ઈશ્વર એવું સમજનારો જ આવું આચરણ કરી શકે. પોતાના સાથી-દાડીયાઓ અને શ્રમિકો સાથે તો ઠીક પણ વિરોધીઓ માટે ઉદારતાથી સકારાત્મક વિચારવું એ બહુ મોટી તપશ્ચર્યા માંગી લે તેવું વરદાન છે.

શ્રી હીરજીભાઈ-ગોદાવરીબહેનના આ જીવનપથ પર તેમણે લોકભારતીની કેળવણીને આપેલ જશ તેમની ઉદારતા , નમ્રતા અને ગુરુજીઓ પ્રત્યેની અપાર શ્રદ્ધા-આદરને જાય છે. સૌરાષ્ટ્રની તળપદી ગામઠી રજૂઆત કારણ વગરના વૈભવી શબ્દોની ભરમારથી દૂર રાખી આત્મીયતાનો ભાવ જન્માવે છે.

લોકભારતીના ધ્યાનમંત્ર પ્રમાણે 'વિદ્યા' અને 'અવિદ્યા' એમ બન્નેને એક સાથે પ્રાપ્ત કરી જીવનરૂપી સમુદ્રને પાર કરવાનાં શક્તિ અને સામર્થ્ય પ્રાપ્ત કરનાર તથા જીવનની સફળતાપૂર્વકની યાત્રા માટે અધ્યાત્મજ્ઞાન દ્વારા અમૃત્વને પ્રાપ્ત કરવાના મૂલ્યનિષ્ઠ પ્રયત્નથી યજ્ઞાર્થે જીવતા કર્મયોગી શ્રી હીરજીભાઈ-ગોદાવરીબહેન દંપતીને આ પુસ્તિકા માટે અભિનંદન પાઠવી ભવિષ્યના તંદુરસ્ત જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી ધન્યતા અનુભવુ છું.

**તા-20-09-2014-ડૉ.અરુણભાઈ દવે**

**મે.ટ્રસ્ટી-લોકભારતીસણોસરા [મો.94264 61277]**

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી શ્રી જુગલકિશોરભાઈ દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનાં પ્રૂફરીડિંગ, ગ્રાફિકકાર્ય તથા પ્રકાશનકાર્યની કામગીરી પણ તેમણે જાતે અજમાવવાની હોંશ બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના શ્રી રમેશભાઈ **પટેલ –'આકાશદીપ'**ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે**) **તથા શ્રી ચિરાગભાઈ પટેલના સૌજન્ય** થી આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે.**

**(મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પરોઢ

### ચોસલા, માલપરા અને વાત્સલ્યધામ

"ચોહલું" એટલે ચોહલું, કહો ને એક નાનકડો ટુકડો ! આવું ટુકડા જેવું બટુકડું-વસ્તી અને વિસ્તાર બન્નેમાં સાવ ઝીણકુડું ગામ ચોહલા [પણ રેકર્ડમાં લખાય "ચોસલા"] એ મારું મૂળ ગામ. જે ભાવનગર [હવે બોટાદ] જિલ્લાના ગઢડા તાલુકામાં કાળુભાર ડેમના ડુબાણમાં આવી ગયેલાં ત્રણચાર ગામડાંઓ પૈકીનું એક. બસ , અમારું કુટુંબ ત્યાં જ રહી ખેતી વ્યવસાય દ્વારા ગુજરાન ચલાવતું.

પિતા ભીખાભાઈ નિર્ભિક , સત્યનિષ્ઠ અને દૃષ્ટિસંપન્ન ખેડૂત ગણાતા. ગામમાં સૌ કોઈ આદર આપે. ઘસાઈને ઊજળા રહેવાની તેમની પ્રકૃતિ. માતા દિવાળીબા પૂરાં પરિશ્રમી , નિરભિમાની અને સરળ સમર્પિત વ્યક્તિત્વ ધરાવનારાં. ખેતીકામમાં ભારે ખંતીલાં, પાવરધાં અને સમત્વથી ભરેલાં. ન કદી વ્યવહારમાં ચંચુપાત કરે. પૂરાં પરગજુ. દાદીમા થોડા ડાંખરાં ! કુટુંબ પર શાસન તેમનું જ ચાલે.

ગામ વચ્ચોવચ એક ચોરો , અને એમાં ભણાવાતાં ચાર ધોરણવાળી ધૂડી નિશાળ એ અમારું-બાળકોનું સંસ્કારકેંદ્ર. બાળકોને આટલે સુધીયે ભણાવવાં જોઈએ એવી કોઈ વડીલને જરૂરિયાત જણાતી નહોતી. જોકે એ વખતનું જે ભણતર હતું તે ગણિત અને અક્ષરજ્ઞાન પૂરતું સીમિત હતું. જ્યારે પૂ. બાપુ નિર્દિષ્ટ નઈતાલીમમાં અહિંસક અને શ્રમનિષ્ઠ માનવી તૈયાર કરવાને પ્રાધાન્ય અપાતું.

પૂ. ગાંધીબાપુની નઈ તાલીમની કલ્પનાને સૌરાષ્ટ્રમાં સાકાર કરી પૂ. નાનાભાઈ ભટ્ટે. સૌ પ્રથમ છાત્રાલય દ્વારા જીવનઘડતર કરવાનો પ્રયોગ તેમણે કરેલો. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ શિક્ષણ ભવનનું નિર્માણ કર્યું. અનેક સમર્પિત સાથીઓ દ્વારા પ્રવૃત્ત આ સંસ્થા દેશભરમાં પ્રતિષ્ઠા પામેલી.

ગ્રામશિક્ષણ દ્વારા ગ્રામોત્થાન કરવાની વાત સમજાતાં જ નાનાભાઈએ પળનાયે વિલંબ વિના 1939માં ભાવનગરની દક્ષિણામૂર્તિ જેવી સમૃદ્ધ શિક્ષણ સંસ્થા છોડી ગામ આંબલામાં ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. અહીં દીક્ષિત થઈ , કેટલીક વિશિષ્ટ પ્રકારની તાલીમ પામી, દુલેરાય માટલિયા નામના એક દૃષ્ટિસંપન્ન, નિષ્ઠાવાન અને સમર્પિત યુવાને છેલ્લાં કેટલાક વરસોથી નાનાભાઈ-મનુભાઈએ સૂચવેલી , પાડોશવાડિયા ગામ માલપરામાં કેટલીક સાવ મૌલિક ગ્રામોત્થાનની પ્રવૃત્તિઓ આદરેલી.

ગામનાં છોકરા-છોકરીઓને શિક્ષણ અને સંસ્કાર આપવાના , માંદા માણસો પ્રત્યે હમદર્દી, અને એની સેવા-શુશ્રૂષા કરવાના , ખેડૂતોની ખેતી અને ગોપાલનમાં સુધારણા કરવાના, અરે ! કોઈ માથાભારેપણું દેખાડતું હોય , તો એવાના અન્યાયોનો સામનો કરી , તેની સામે શિંગડાં માંડી , હિંમતથી લડી લેવા ઉપરાંત સમાજમાં પ્રસરી રહેલાં અંધશ્રદ્ધા , ખોટા રીત-રિવાજો , અને અસ્પૃશ્યતાને તિલાંજલિ આપવાના સંસ્કારો સીંચી સર્વાંગી ગ્રામોત્થાનની પ્રવૃત્તિઓ ચલાવેલી. તેમની અસરમાં મારા પિતાજી ભીખાભાઈ આકર્ષાયેલા. અવારનવારના તેમની સાથેના સંપર્કે માટલિયાભાઈની પ્રવૃત્તિઓમાં સહયોગ આપતા થયેલા. મારા ચોસલાની ધૂડી નિશાળનાં ચાર ધોરણ પૂરાં થવાં સાથે 1956માં એમણે સ્થાપેલી વાત્સલ્યધામ શાળામાં વધુ અભ્યાસ અર્થે બાપુજીએ મારું કાંડું એમના હાથમાં સોંપી દીધું.

**જુદી ભાત પાડતી શાળા**

બીજી ગ્રામીણ શાળાઓ કરતાં આ નિશાળની ભાત કંઈક જુદી જ હતી. ચોસલામાં તો આરંભે સાહેબના પગનાં આંગળાંના ટચાકિયા ફોડતાં ફોડતાં "પેલા મોરલાની પાસ માતા શારદા જો ને !" એ કવિતા ગવાતી. પછી થોડાં પલાખાં–આંકમાંથી ગડિયા પૂરા બોલાયા ન બોલાયા કે તરત સાહેબના ઘર માટે જોઈતાં છાણાં વીણવાં જવાનું હોય . જેને ઘેર દુઝાણું હોય એમણે સાહેબની ચા માટે દૂધ, નહીંતર તેમના ફરાળ માટે થોડી મગફળી લાવી દઈએ કે છુટ્ટી ! ભણાવાનો લગીરે ભાર નહીં સાહેબને કે નહીં ભણવાનો અમને ! સાવ મુક્ત શિક્ષણ ! કહો ને શિક્ષણમાંથી જ મુક્તિ !

અને આ માલપરામાં સવારના સાડા પાંચ વાગે ઊઠી , પ્રાત:વિધિ પતાવી, ગૃહકાર્યો આટોપવાનાં, સંડાસ-મૂતરડીની સફાઈ કરવાની, પાણી ભરવાનું, શાક સમારવાનું, રસોઈમાં મદદ કરવાની, શિક્ષકો સાથે ખેતીના કામમાં જોતરાવાનું. લગભગ બધા છાત્રો ખેડૂતપુત્રો હોવાથી તેમને આવું જીવન ગમી જતું , અને શિક્ષક દંપતીઓનાં માતા-પિતા જેવી કાળજી અને પ્રેમ મળતાં હોવાથી ઘર સુધ્ધાં ભુલાઈ જવાતું.

એક નવું હતું : રોજ નહાવાનું અને જાતે કપડાં ધોવાનાં , વાસણ પણ જાતે સાફ કરવાનાં. ભણવાનું દોઢના ટકોરે શરૂ થાય. વિષયો બધા રસભર્યા લાગે. નોંધો, સ્વાધ્યાય સમયસર અને ખંતથી કરું. પહેરવેશ ખાદીનો. કાંતણ દ્વારા સ્વાવલંબન પ્રાપ્ત કરેલું. સાંજના રમત-ગમત. સાયં ભોજન પછી રાત્રે પ્રાર્થના , આંખો મીંચી ટટ્ટાર બેસવાનું , ઝોલે નહીં ચડવાનું. પણ ભજન-ધૂન માણવામાં રસ બહુ પડે હો !

અમારા કુટુંબની આર્થિક સ્થિતિ સાધારણ. તેલિયા ડબામાંથી બનાવેલી પેટીમાં કપડાં અને પુસ્તકો રાખવાનાં. અહીં તો મારાથી પણ ગરીબ વિદ્યાર્થીઓ હતા. સોમવારે શાળામાં રજા રહેતી. તે દિવસે ગામમાં ખેડૂતોને ત્યાં દાડીએ જઈએ. તે આવકમાંથી સાબુ , તેલ, નોટબુક, પુસ્તકો, ખાદી વગેરે ખરીદીએ. કોઈકોઈ તો પ્રવાસ માટેની રકમ પણ એકઠી કરી લે. વરસની ચાર ચડ્ડી અને બે બુશર્ટે બેડો પાર ! બુશર્ટ તો વર્ગ વખતે જ પહેરવાનું હોય ને ! મારા પિતાજી તો એક માગું ત્યાં બે રૂપિયા આપતા અને પાછા હરખથી કહેતા- "બેટા ! ખર્ચથી મૂંઝાતો નહીં. મહેનત કરતાં તૂટ પડશે , તો બે-પાંચ વીઘા જમીન વેચી દઈશ પણ તારે ભણતર છોડવાનું નથી. ગામનાં લોકો અને સગાંઓ ભલે કહેતાં કે મોટે ઉપાડે ભણવા મોકલ્યો છે, તે બગડીને બેહાલ થવાનો છે ! બાવાના બેય ન બગડે તો હાંઉ કહેજો ! મારે આ બધાંને દેખાડી દેવું છે કે ભણેલા ખેતી કરે તો મોટરૂંમાં ફરે એવી કરે ! એટલે તું તારે મોકળાશથી ભણ. આપણો ખેતીનો ધંધો છે, સાવ હાચનો ધંધો. ક્યાંય કશું ખોટું કરતો નહીં, અણહકનું લેતો નહીં." પ્રેમથી કહેવાયેલા આ શબ્દો તે વખતે મારા હૃદય સોંસરવા ઊતરી ગયેલા. જે હજુ પણ ભુલાતા નથી.

નાનાભાઈ-મનુભાઈ પ્રેરિત માટલિયાભાઈની કોઠાસૂઝ વાત્સલ્યધામની વિદ્યાવાડીમાં આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કામે વળગી હતી. જે પરિપાટી ગ્રામદક્ષિણમૂર્તિ આંબલાની, તે જ પરિપાટી વાત્સલ્યધામ માલપરાની. જાણે બન્ને નાની મોટી બહેનો !

ગામડાંનાં બાળકો નવી જાતની કેળવણી મેળવે , શરીરશ્રમથી ભાગે નહીં , ભણીને પાછા ગામડાંમાં જ બેસે , ગામડામાં પોતાનાં ખેતી-ગોપાલન સંભાળતાં સંભાળતાં જ સામાજિક ઉત્થાનમાં યોગદાન આપતાં રહે , લોકોની કેળવણી લોકો દ્વારા જ થાય. તેથી કાર્યકર્તાઓ સ્થાનિક હોય તો વધુ સારું, એવો આગ્રહ માલપરા સંસ્થાએ રાખેલો.

વિદ્યાર્થીઓ ગામડાંઓની સમસ્યા સમજે , તેના ઉકેલ માટેની વિદ્યા-કળા હસ્તગત કરે, સમાજ માટે ન્યોછાવર થવાની નિષ્ઠા પ્રાપ્ત કરે , તો જ ભાવિ કામગીરીમાં સફળ થઈ શકાય એ ખ્યાલે, ગ્રામસમાજ સાથે તાદાત્મ્ય કેળવવા કૌટુંબિક અભ્યાસ , આવક જાવકનાં લેખાંજોખાં, ખેત ઉત્પાદનમાં સુધારા , પૂરક આવક માટે ઉત્તમ ઓલાદનું ગોપાલન , અને રેંટિયા દ્વારા વસ્ત્રસ્વાવલંબન–એ બધાં કેળવણીનાં અંગો બન્યાં.

શિક્ષણનું પ્રમાણ વધે , છૂતાછૂત દૂર થાય , બહેનોની ઘૂંઘટપ્રથાને તિલાંજલિ અપાય, લોકોમાં ઘર કરી ગયેલાં ભૂત , ભૂવા , ડાકલાં જેવી અંધશ્રદ્ધા , ખોટા વહેમો , પ્રેતભોજન વગેરે કુરિવાજોથી મુક્ત થવાની હિંમત કેળવાય અને લોકોમાં અન્યાયનો

પ્રતિકાર કરવાની ત્રેવડ વિકસે એ માટે ખંતીલા કાર્યકર્તાઓની ટીમને કામે લગાડી હતી. આમ લોકાભિમુખ શિક્ષણ દ્વારા સમાજ પરિવર્તનનું એક બેનમૂન ઉદાહરણ માલપરાએ પૂરું પાડ્યું છે.માટલિયાભાઈની રીત જ અનોખી. વિદ્યાવિસ્તારના અનેકવિધ બોધપાઠો નાટકો દ્વારા આજુબાજુનાં ગામોમાં રજૂ થતા. સમાજમાં ઘર કરી ગયેલા બેહૂદા રિવાજોને દૂર કરવા, ગામડાંઓનાં માથાભારે તત્ત્વોને નિર્મૂળ કરવાં જેવી પ્રવૃત્તિઓની સાથોસાથ વિનોબાજીની ભૂદાનયજ્ઞયાત્રામાં પણ વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવતા.

માલપરા વિસ્તારનું ભૂમિદાનકાર્ય ગુજરાતભરમાં પ્રશંસનીય રહ્યું હતું. ભૂમિદાન પછી ભૂમિ વિતરણ અને દાન પ્રાપ્ત કરનારાઓને સમૃદ્ધ અને સ્વમાનભર્યા જીવન ઘડતરના સરસ પ્રયત્નો થયા હતા. વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં આવાં સેવાકાર્યોની ભારે મોટી અસર થતી.શ્રેણી 5થી 10 હું માલપરા લોકશાળાએ પસારેલી પાંખ નીચે ભણ્યો. અહીં હું ઘણું ઘણું પામ્યો. એ સોનેરી દિવસો યાદ આવતાં કેટલાય પ્રસંગો હજુ કાલે જ બન્યા હોય તેમ નજર સામે ખડા થઈ જીવનની પ્રસન્નતાને ઉજાગર કરી જાય છે.

**માટલિયાભાઈનો પ્રેમ વીંછીના ડંખને પચાવી ગયો !**

માલપરાની શાળામાં પાંચમા ધોરણમાં દાખલ થયાનું પહેલું જ અઠવાડિયું. મન લાગે નહીં, ઘર બહુ સાંભરે અને રીતસરનું રોવાઈ જવાય ! દાખલ થયાના ચોથે દાડે , સીતાપરી નદીના કાંઠે પાણીની કૂંડી બાંધવાનું કામ ચાલે. ત્યાં કડિયાને પથ્થર અંબાવવાનું કામ કરીએ. અને માળું ! જમીન પરથી પથ્થર ઉપાડતાં હાથની આંગળીએ વીંછીએ ટચકાર્યો. મન ઉદ્વેગમાં તો હતું જ ! તેમાં આ બહુ મોટો વેગ ભળ્યો ! રાડારાડ ને બોકાહા ! “મારે ઘેર જવું છે......ઘેર જવું છે. ” ઉપલા છઠ્ઠા ધોરણવાળા અને જૂના એવા સાથેના વિદ્યાર્થી ભાઈઓ - જેઠીરામ લશ્કરી , પરશોતમ પરમાર અને પ્રેમજી ભીંગરાડિયાએ ટીંગાટોળી જેવું કરી મને છાત્રાલયે પહોંચાડ્યો અને માટલિયાભાઈને ખબર કર્યા. તેઓ દોડતા આવ્યા. “ક્યાં આંકડો માર્યો ? બતાવ જોઉં ! ” મેં પીડાથી ફાટતો હાથ મહા પ્રયત્ને આગળ ધર્યો. તેમણે હથેળી જમીન પર મુકાવી , હળવે હળવે પંપાળી , આંખો મીંચી કંઈક હોઠ ફફડાવ્યા. ચાર-પાંચ વાર આમ કરતા જઈ, હથેળીને જરા ખંખેરી, જમીન પર પછાડાવી. એક જણને વાટકામાં ઘી-ખાંડ લેવા મોકલી મને છાનો રાખ્યો. ટુચકારૂપી ગુદગુદી કરી સૌને એવા હસાવ્યા, અને સૌ સાથે હસવામાં હુંયે એવો ભળી ગયો કે રડવાનાં આંસુ, હસવાનાં આંસુમાં ક્યારે ફરી ગયાં એની મનેય ખબર ના રહી ! પછી પાસે બેસી , પ્રેમથી ઘી-ખાંડ ખવરાવ્યા. પૂછ્યું “ચોસલા-ઘેર જવું છે ? તો મૂકવા આવે.” મેં ના પાડી.

## જીવન ઘડતરના રાહબર બન્યા માટલિયાભાઈ

શ્રેણી પાંચથી દસ સુધી હું તેમના સાન્નિધ્યમાં ભણ્યો. આજે યાદ કરું છું , એ દિવસોમાં એમણે મને શું નથી આપ્યું ? જીવનના મૂલ્યનિષ્ઠ સંસ્કારો અને પાઠ તેમની પાસેથી પામ્યો છું. એની કિંમત પ્રથમ પારખેલી મારા પિતાજીએ, કે જેમણે મને કાળજીપૂર્વક માટલિયાજીની સંસ્થામાં પરોવી દીધો !

મારી જોડે મારાં નાનાં ભાઈ-બહેનો અને છેલ્લે બાળકો પણ આ શાળામાં શિક્ષણ-સંસ્કાર પામ્યાં છે. માલપરા લોકશાળાનું શિક્ષણ પૂરું થતાં મારું આગળનું ભણતર ગોઠવવા મારા પિતાજીને રૂબરૂ બોલાવી પૂછ્યું. મારા પિતાજીની ઇચ્છા હું ગમે તેટલું ભણું , પણ મને પોતાની પાસે ખેતીમાં જ રાખવાની હતી , તેથી માટલિયાભાઈએ સણોસરા નાનાભાઈ-મનુભાઈની લોકભારતીમાં દાખલ કરાવી દીધો. આ માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. માટલિયાભાઈ મારા ગુરુ, તો નાનાભાઈ-મનુભાઈ તો તેમનાયે ગુરુ. પણ લોકભારતીના વાર્ષિક ઉત્સવમાં માટલિયાભાઈને જ્યારે વિશેષ માન સાથે સન્માનિત કરાયા ત્યારે કંઈક બોલવાનું મને કહેવાયું. એ વખતે મેં કહેલું, “ગુરુ ગોવિંદ દોનો ખડે , કિસકો લાગું પાય ? બલિહારી ગુરુદેવકી, જિસને ગોવિંદ દિયો બતાય ! ” પહેલાં માટલિયાભાઈને અને પછી મનુભાઈને હું પગે લાગેલો.

તેમના સાન્નિધ્યવાળા મારા છ વર્ષના અભ્યાસકાળ અને છેલ્લે તેમણે જામનગર નિવાસસ્થાન બનાવ્યું તે વખતના તથા તેમના આખરી જીવનકાળના અગણિત સ્નેહ સંભારણાંઓમાંથી બે-ચારને ટાંક્યા વિના રહી શકતો નથી.

### ઉદારતાની ઊંચાઈ અને ઘડતર બાબતની ચિંતા

10મા ધોરણમાં અમે 6 વિદ્યાર્થીઓ. પ્રવાસમાં મુંબઈ જવાનું ગોઠવાયેલું. સૌને કંઈક ને કંઈક કામની સોંપણી થયેલી. મારે ભાગે ખજાનચીનું કામ આવ્યું. રકમ સાચવવાની , જરૂરી ખર્ચ કરવાનો અને તેનો હિસાબ રાખવાનો. સમયનો ભોગ આપે , પૈસા ખર્ચે અને માટલિયાભાઈનો પડ્યો બોલ ઝીલે એવા કુટુંબો મુંબઈમાં ઘણાં. અમને તો એની મોટરમાં બેસારી બધે ફેરવે, જોવા લાયક સ્થળો દેખાડે , સારી સારી હોટલોમાં અવનવી વાનગીઓ ખવડાવે અને અમને બધી જગ્યાએ ખર્ચ કરવાથી બચાવે....પણ માછલીઘર જોવા અમે એકલા ગયેલા. છએની પ્રવેશ ટિકિટ લઈ બાકીની વધેલી રકમ ઝભ્ભાના બાજુના લટકતા ખિસ્સામાં મૂકી, રંગબેરંગી અને નાની-મોટી માછલીઓની અજાયબી જોવામાં એવા તો તલ્લીન થઈ ગયા કે કોઈ ઉઠાઉગીરે મારા ખિસ્સાનો ભાર ક્યારે હળવો કરી નાખ્યો તેની

ખબર રહી નહીં. 'ખિસ્સું કપાઈ ગયું' એવો ખ્યાલ આવતાં મોઢું પડી ગયું. રોવાઈ ગયું. તે વખતના 42 રૂપિયા ! કંઈ નાની રકમ થોડી કહેવાય ? સાંજે રડમસ અવાજે માટલિયાભાઈને વાત કરી. પાસે ખેંચી લીધો. વાંહામાં હાથ ફેરવી ઉદ્વેગ મિટાવી દીધો. "એમાં કંઈ રડવાનું હોય ગાંડિયા ! થઈ ગયું તે થઈ ગયું. જાવ , ભૂલી જાવ બધું. આનંદ કરો. હવે ધ્યાન રાખજો." પણ મને ક્યાંય ચેન પડે નહીં. તે દિવસે ફોન તો હતા નહીં. મેં મારા પિતાજીને પત્ર લખી જણાવ્યું કે "મારા ખિસ્સામાંથી સંસ્થાના પૈસા ચોરાયા છે. અમે અમુક તારીખે માલપરા પાછા ફરશું. " પ્રવાસ પૂરો કરી માલપરા પરત પહોંચ્યા તે જ દિવસે મારા બાપા માટલિયાભાઈ પાસે આવ્યા અને 42 રૂપિયા તેમના હાથમાં આપ્યા.

"શાની રકમ છે ?"

"મારા હીરજીની જવાબદારીમાં મુંબઈમાં સંસ્થાની રકમ ચોરાઈ ગયેલી ને ? તે."

"અરે ભીખાભાઈ ! એ પૈસા હીરજીના નથી ગયા , અમારા પ્રવાસીઓના ગયા છે. એ તો અમારો ખજાનચી હતો. આવાં કામ કરનારને અંગત દંડ ભરવો પડે તો તો કાલ ઊઠીને કોઈ સામૂહિક કામ કરશે જ નહીં. અને ખિસ્સાં તો મુંબઈમાં ભલભલાનાં કપાઈ જાય છે. આ તો નાનું છોકરું કહેવાય. અને આ છોકરો તો તમે મને સોંપેલો છે ને ! એનામાં કશી કચાશ દેખાય તો એમાં ખામી અમારી ગણાય. હીરજીએ એ પૈસા ચૂકવી દેવાનું તમને લખ્યું તે બદલ તેને ધન્યવાદ, અને તમે એ આપવા આવ્યા તે માટે તમને સવાયા ધન્યવાદ. આ વાત હવે મનમાંથી કાઢી નાખજો. " આ હતી માટલિયાભાઈની ઊંચાઈ અને બાળકોના ઘડતરની ગુરુચાવી.

### એમના પરની શ્રદ્ધા મોટું કામ કરી ગઈ

હું દસમા ધોરણમાં ભણું. મારાથી નાનો ભાઈ નરસિંહ આઠમામાં અને એથી નાનો ભાઈ રામજી છઠ્ઠા ધોરણમાં. ત્રણેય લોકશાળાના છાત્રાલયમાં રહીએ અને સંસ્થાના રસોડે જમીએ. નરસિંહને બગલમાં બાંબલાઈ થઈ. પીડા એવી કરે કે નરસિંહ રડે અને નાનો રામજી એના પર ખાટો થાય "લે કર ને કસરત ! નહીં ભાળ્યો હોય મોટો પહેલવાન થવા નીકળ્યો છે તે ! હાથ હલાવી હલાવીને જ બાંબલાઈ કરી છે !"

માટલિયાભાઈ વૈદક જાણે. મેં બન્ને ભાઈઓને તેમની પાસે મોકલ્યા. પાછા આવીને કહે, "માટલિયાભાઈએ તો 'રાખ' ખાવાનું ને ચોપડવાનું કહ્યું છે. " મેં પૂછ્યું ,"શું ? રાખ ખાવાની અને ચોપડવાની ? તેમનું કહ્યું બરાબર સમજ્યા તો છો ને ?" નાનાએ ટાપસી પૂરી- "હા મોટાભાઈ ! વધુ ખાવાની અને થોડીક ચોપડવા કહ્યું છે. " હું તો મૂંઝાયો. નરસિંહ

પણ રડે.....“હું રાખ નહીં ખાઉં.... રાખ નહીં ખાઉં !” મેં વચલો રસ્તો કાઢ્યો. “તું રડ નહીં, આપણે રાખ ખાવી નથી બસ ! પણ ચોપડવાની ચીવટ રાખ. ” બે ત્રણ દિવસ રાખ ચોપડ્યા કરી, એકધારી રાખની લુગદી બાંધ્યા કરી. બાંબલાઈ પાકીને ફૂટી ગઈ, અને ચાર-પાંચ દિવસે રૂઝ આવી ગઈ. આઠેક દિવસ પછી માટલિયાભાઈએ મને પૂછ્યું ,“ નરસિંહની બાંબલાઈને હવે કેમ છે ?” મેં કહ્યું, “તમે ચીંધ્યું હતું તેમ નરસિંહે રાખ ખાધી તો નહીં, પણ ચોપડ્યા કરી હતી.”“હં ! પછી શું થયું ?” મેં કહ્યું, “એતો મટી ગઈ.” તેઓ કહે –“સારું, સારું ! એક નવી દવા મળી ગઈ ! મેં એ ગાંડિયાને ‘ધરાખ’ ખાવાનું અને ચોપડવાનું કહેલું,‘રાખ’ નહીં !” મને લાગ્યું કે આમાં તો રાખ નહીં, પણ માટલિયાભાઈ ઉપરની અમારી શ્રદ્ધા કામ કરી ગઈ !

## અસ્પૃશ્યતાને તિલાંજલી

માટલિયાભાઈ અસ્પૃશ્યતાને હટાવવાની માત્ર વાતો જ નહીં , અમલ પણ કરતા હતા. હરિજનોને પોતાને ઘેર બોલાવે, સાથે રાખે, જમાડે, હરિજનોને ત્યાં પોતે જાય, ખબર અંતર પૂછે, માંદગી વખતે દવા આપે. આ બધું મેં જાતે જોયું-અનુભવ્યું તેની અસર મારા મન પર દૃઢ થઈ..

હું ખેડૂતનું સંતાન. એટલે વેકેશન આખું વાડીએ કામ કરવાનું હોય. બપોરનું ભાતું વાડીએ જ આવે. હરિજન સાથી ગાંડાભાઈનું ભાતું પણ અમારા ઘેરથી જ આવે. પણ “દેવની આડી” એવી કે તેને અમારા ઘરે ઘડેલો રોટલો ન અપાય , પાડોશીને લોટ આપી તેમને ઘેર ઘડાવેલો રોટલો જ અપાય. રોટલા બેય ઓળખાઈ જાય. મારો રોટલો ઘીએ ચોપડેલો, ગાંડાભાઈનો એકદમ કોરો ! બપોરા બન્ને સાથે કરીએ. મારા જીવને આ ખટકે. હું બન્ને રોટલાના પાડું ભાગ. ગાંડાભાઈને આ ન ગમે. કહે “આવું ન કરાય ભાઈ ! અમે નીચું વરણ, અમે માતાજીના ગનામાં આવી જાઇં ! ” રોજ કકળાટ કર્યા કરે. પણ હું દાદ દઉં તો તો માલપરાનો નિહાળિયો કેમ કહેવાઉં ?

એક દિવસે મારા દાદીમા બપોરનું ભાત લઈને વાડીએ આવ્યાં. થોડી વારે વાડીપડામાં આંટો મારી બાજુમાં આવીને બેઠાં. અમારી રોટલાની વહેંચણી પકડાઈ ગઈ ! – “મારા રોયા ! આ ગાંડિયાનો રોટલો તું ખા છો ? અને ઘરનો ઘડેલો રોટલો ગાંડિયાને દે છો ? ઓલ્યા ગોખલામાં બેઠેલા દેવને જોયા છે ? એનું પૂરું નહીં પડે. તેં તો કાળો કેર કર્યો બાપલિયા ! એલા ગાંડિયા ! તનેય શરમ નો આવી ? અમને અભડાવી માર્યાં ! શું થવા બેઠું છે ભગવાન !”

મેં કહ્યું, “કાંઈ થવા બેઠું નથી મા ! વેકેશન પડ્યું ત્યારથી આમ જ હાલે છે , કંઈ થવાનું હોત તો થઈ ન ગયું હોત ? માટલિયાભાઈ કહે છે કે દેવના નડતર જેવું કંઈ હોય જ નહીં. દાણા જોવા, વળગાડ વળગવો, ભૂત-ડાકણ બધું જ તૂત. આપણા વહેમો જ આપણને નડે છે. હરિજન શું માણહ નથી ? ગાંધીબાપુ પણ આવી આભડછેટથી નારાજ હતા. ” મારા અને મારા શિક્ષણ પર તેમને ઊંડું માન હતું તેથી માનો રોષ શમ્યો. મારી સમજાવટ ફળી.

## સુરધનદાદા અને શિકોતરમાને વિદાય

ચોસલાના અમારા પિંઢોરના [ગારાના] મકાનની ઓંશરીના ભડે ગોખલામાં સુરધનદાદાનો વાસ, અને ઘરની પછીતે ગોખલામાં શિકોતરમા બિરાજે. વર્ષમાં બે-ત્રણ વાર નૈવેદ્ય ચડાવાય. વહુવારુઓએ સુરધનદાદાની લાજ કાઢવાની , એટલે ગોખલે પડદો રાખીએ. સુરધનદાદાના નૈવેદ્યના ચોખા બધાંથી ખવાય પણ શિકોતરમાવાળા ચોખા માત્ર છોકરીઓથી જ ખવાય. છોકરાઓ ખાય તો તેને મૂછો ન ઊગે ! આવું બધું !

આ વાત મેં માટલિયાભાઈને કરી. તેમણે રસ્તો કાઢી દીધો ,–“આપણે ગંગાજીનો પ્રવાસ કરીએ ત્યારે દેવ-દેવલાંને ગંગાજીમાં પધરાવી એનો મોક્ષ કરી દેવાનો. ” આ વાત મારા પિતાને ગળે ઉતરાવી શક્યો , પણ ભૂવાએ શરત મૂકી કે “જો સામા પૂરે તરતા હાલે તો પાછા લાવવા , અને સોનાની મૂર્તિ બનાવડાવી ફરી ગોખલામાં બેસાડવા. ” જ્યારે આઠમા ધોરણમાં હતો ત્યારે ગંગાજીનો પ્રવાસ ગોઠવાયો. બત્રીશ વિદ્યાર્થીઓની હાજરી વચ્ચે મેં સુરધનદાદા અને શિકોતરમાતાને ગંગાજીમાં પધરાવ્યાં અને એને ગંગાજીના પ્રવાહમાં વહેવું ગમી ગયું ! એ રીતે વર્ષોથી વસેલાં સુરધન-શિકોતર સાથે અમારી અંધશ્રદ્ધા પણ ગંગાજીના પવિત્ર જળમાં તણાઈ ગઈ.

**અન્યાય સામે લડત – અને પછી પાછો ભાઈચારો**

માટલિયાભાઈ ઉપર મારા પિતાજીને તો મારા કરતાં પણ વધારે પાકી શ્રદ્ધા. એક પ્રસંગ એનો પણ ટાંકું. મારા ગામ ચોસલામાં જમીન એક અને વેચાણ દસ્તાવેજ થયા બે ! મારા બાપા ભીખાભાઈએ બાજુની જમીન તેના મૂળ માલિક પાસેથી વેચાણથી રાખી. અને ગામના બીજા ચાર જણાએ બદઈરાદાથી, ભેગા મળી મૂળ માલિકના મામા જેને આ જમીન વાવી ખાવા માટે જ આપેલી હતી તેની પાસેથી રાખી. કોર્ટમાં કેસ ચાલે. સામસામા સ્ટે મુકાય. કેસ ઘણો લાંબો ચાલ્યો. માટલિયાભાઈની સલાહ લેવાઈ. તેઓએ પૂરી વિગત જાણી, કેસનો અભ્યાસ કર્યો. ભીખાભાઈનો સોદો સાચો લાગ્યો એટલે એને મદદ કરી. નવ વરસે ફેંસલો આવ્યો-ભીખાભાઈની તરફેણમાં ! જમીન તેમને સોંપાઈ.

માટલિયાભાઈ ચોસલા આવ્યા. ચોરે બેઠક રાખી. ગ્રામજનોને ભેળા કર્યા.
"ભીખાભાઈ ! તમે સાચા હતા અને કોર્ટે તમારી તરફેણમાં ફેસલો આપ્યો તે બદલ ધન્યવાદ. પણ મારી દૃષ્ટિએ કોર્ટ-કચેરીને કારણે આ નાના ગામમાં જે ભાઈ-ભાઈની જેમ રહેતા હતા , તે મટી જઈ સામસામે આવી ગયા. આજ દિન સુધી તમારા ગામના ઝઘડાઓમાં તમે દરમ્યાનગીરી કરી ભાઈચારાનું રક્ષણ કરતા હતા. આજ તમારા જ ઘરના પ્રસંગે જો ઓટ આવે તે તો કંઈ ઠીક કહેવાય ? બોલો ભીખાભાઈ ! આનોયે આપણે કંઈ ઉપાય કરવો જોઈશે ને ?"

"માટલિયાભાઈ જે ઉપાય બતાવે તે ગામલોકોને મંજૂર જ હોય , ખરું ને ભાઈઓ ?" ગામલોકો તરફ જોઈને ભીખાભાઈએ સૌની સંમતિ માગી.

"ગામ લોકોને પૂછવાનું નથી. મારો બતાવેલો ઉપાય માત્ર ભીખાભાઈની જ મંજૂરી માગે છે."

"તો તો માટલિયાભાઈએ હુકમ જ કરવાનો હોય, ભીખાભાઈ પાસે મંજૂરી માગવાની ન હોય !" ભીખાભાઈ બોલ્યા.

"આપણી સાચી લડત તો સામેવાળાઓનો પણ પ્રેમ જીતવા માટેની ગણાય ભીખાભાઈ ! અરધી જમીન સામેવાળાઓને કાઢી આપો અને એય સ્વેચ્છાથી. તો મારે મન તમે જીતેલા ગણાઓ. શું આ થઈ શકશે ?"

ભીખાભાઈએ ગદગદ થઈ જઈ કહ્યું ,"માટલિયાભાઈ પોતે વેણ નાખે અને મારે પાળવાનું બને એવો રૂડો અવસર બીજો ક્યો હોય, કહો !"

સામેવાળાઓને બોલાવાયા. અને ભીખાભાઈએ કહ્યું કે "મેં જમીનનો સોદો કર્યા પછી તમે એની એ જમીન ફરી વાર રાખી , તેથી મારું હળાહળ અપમાન થતું લાગ્યું , એટલે હું લડ્યો. મારે જમીનની ભૂખ નથી. ગામમાં ભાઈચારો રહે તે માટે , માટલિયાભાઈ કહે છે કે અરધી અરધી જમીન સગા ભાઈની જેમ વહેંચી લો અને ભાઈ-ભાઈની જેમ રહેવા માંડો. આ વાત મને કબૂલ છે. " વાત પૂરી કરે તે પહેલાં જ સામેવાળા ભીખાભાઈને ભેટી પડ્યા. બધાંની આંખો ભીની થઈ. બધાંએ સાથે જઈ માટલિયાભાઈને પ્રણામ કર્યાં. સાકર વહેંચાઈ. તે દિવસ ગામને માટે 'ઉત્સવ દિન' બની રહ્યો.

## પારિવારિક સંબંધોની જાળવણી

માટલિયાભાઈ મને પુત્રવત માનતા. જેમને તેમણે પોતાના માન્યા હોય તેની તેઓ કેટલી બધી ચિંતા કરતા એનો એક દાખલો આપું. મારે લગ્ન થયા પછી લાંબા સમય સુધી બાળક નહોતું. માટલિયાભાઈ એ બાબતથી ચિંતિત રહેતા , એ વાતની જાણ તો મને બહુ વરસો પછી – જ્યારે મારા મોટા દીકરા નીતિનનાં 22 વરસની વયે લગ્ન થયાં પછી માટલિયાભાઈનું જામનગરથી માલપરા આંટો આવવાનું થયું ત્યારે થઈ. વરઘોડિયાં નીતિન-નયના તેમને પગે લાગ્યાં. પોતે એક નાની ચોપડી સાથે લાવેલા તેની ભેટ [અમારે મન પ્રસાદી] આપી અને કુટુંબના સૌ હાજર સભ્યોને બેસાડી નિરાંતે વાતો કરી. કહ્યું "મેં જિંદગીમાં બે જ વખત બાળક માટે ભગવાનને પ્રાર્થ્યા છે , તેમાંની એક માગણીના જવાબરૂપે આવેલો તારો આ દીકરો નીતિન છે. પ્રભુએ મારી સાંભળેલી પ્રાર્થનાની એ પ્રસાદી છે, નીતિન એ દેવનો દીધેલ દીકરો છે. " આ તો માટલિયાભાઈનું વરદાન બનીને આવ્યો છે, તેની અમને ત્યારે ખબર પડી.એક બીજો પ્રસંગ પણ વર્ણવી દઉં. મારું મૂળ ગામ ચોસલા કાળુભાર નદીના ડેમમાં ડૂબમાં જવાથી મારે માલપરા ગામે સ્થળાંતર કરવાનું થાય તેમ છે, તેવી જાણ જામનગર માટલિયાભાઈને થતાંવેંત મને પત્રથી જણાવ્યું, "તું માલપરા રહેણાક ફેરવે છે, તે મને બહુ ગમ્યું. તારી ખેતી અંગેના જે સમાચારો હું સાંભળ્યા કરું છું –તે પ્રયોગો ચાલુ રાખજે. તારી ખેતી બીજાને ધડારૂપ બને તેવી આશા સેવું છું. ગામનાં કામો હોંશથી કરવાં, પણ પંચાયત કે મંડળીના હોદ્દાઓથી દૂર રહેજે. ગામના રાજકારણમાં પડીશ નહીં." ચોસલા હતો ત્યારે 'આવી પડેલી આફત ' ગણી સરપંચ-પ્રમુખ જેવી સત્તાકીય જવાબદારીઓ સંભાળવી પડેલી. પણ તેમની સમયસરની ચેતવણીને કારણે માલપરામાં વસ્યા પછી, સત્તાપ્રાપ્તિની ખેંચતાણથી બચતો રહ્યો છું.

1991-92માં લોકભારતીએ ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અંતર્ગત મારું બહુમાન જયાબહેન શાહના હસ્તે શાલ ઓઢાડીને કર્યું , એ ખબર શ્રી માટલિયાભાઈને જામનગર મળ્યા. તેમણે મને અભિનંદન આપતાં લખ્યું ,"ભાઈ હીરજી, મનુભાઈએ લોકભારતી દ્વારા તારાં કામોનું મૂલ્યાંકન કરી વાર્ષિકોત્સવ વખતે બહુમાન કર્યું તેથી હું ખૂબ રાજી થયો છું. તું મારા પુત્રવત હોવાના નાતે લોકભારતીએ જાણે મને ફરી સન્માનિત કર્યો હોય તેવું અનુભવ્યું છે." ધન્યવાદના પત્રો તો મને ઘણા મળ્યા-જેમાં સૌથી પહેલો પત્ર એમનો હતો ! એમની માફક એમના પત્ર દ્વારા હું પણ ફરી સન્માનિત થયો.

## માટલિયાભાઈ એટલે માટલિયાભાઈ !



માટલિયાભાઈ એ કોઈ વ્યક્તિ માત્ર નહોતા. તેથી વિશેષ જાણે ગામડાંઓની સર્વાંગી ઉત્ક્રાંતિ માટેની ચળવળ સમાન હતા. માત્ર વિચારરૂપે કદી તેમને જોયા નથી. પ્રત્યક્ષ આચરણ એ તેમના વિચાર સાથે જોડાએલ અંગ હતું. બહેનોમાં રહેલી ઘૂંઘટપ્રથા એ એક અનિષ્ટ છે તેવું સમજાયું કે તરત જ કર્યો અમલ. સંસ્થામાં જે કાર્યકર પોતાનાં પત્ની પાસે લાજ કઢાવે, તે સમાજ પરિવર્તનમાં શો ભાગ ભજવી શકે ? તેમને માટે લાજ છોડવી અનિવાર્ય બનાવી. કાર્યકર્તાએ વેતન જરૂરિયાત પૂરતું જ લેવાય-ક્વૉલિફિકેશન પ્રમાણે નહીં ! નિયામક હોય કે આચાર્ય, કુટુંબની જરૂરિયાત ઓછી હોય તેને પગાર ઓછો. પટ્ટાવાળાની જરૂરિયાત તે કરતાં વધારે હોય તો આચાર્ય કરતાં તેને વેતન વધારે મળે. આવા પારિવારિક ધોરણે સંસ્થામાં વેતન ચૂકવાતાં.

આ વિસ્તારમાં કોઈ માથાભારે માણસ કોઈને દબાવે, કે રંજાડે, કે અન્યાય આચરે તો ત્રાહિત વ્યક્તિ તરીકે માટલિયાભાઈ એક જ આશરો ! તેમની પાસે પહોંચી જાય કે વાત પૂરી ! એમની સુવાસ અને વગ સરકારમાં ઉચ્ચ સ્થાને બેઠેલા સમક્ષ એવી કે તેમની નાનકડી ચિઠ્ઠીમાં લખાએલ સંદેશો પહોંચે કે તુરત જ સત્તાસ્થાને રતુભાઈ હોય કે રસિકભાઈ હોય, જાદવજીભાઈ હોય કે સુપ્રીન્ટેન્ડેન્ટ હોય-અમલમાં વિલંબ ન થાય. પિડાયેલાનું આશ્વાસન કેવળ માટલિયાભાઈ. "અમે માટલિયાભાઈ પાસે જઈએ છીએ" કહે, ત્યાં જ પેલો માણસ નમતું જોખી દે. માટલિયાભાઈને વાંધો અન્યાય સામે , વ્યક્તિ સામે નહીં. જેના

વિરોધમાં જાહેરમાં ભાષણ કરે, તેને જ પાછા સામેથી કહે,"દરબાર ! આજ જમશું તમારે ત્યાં અને સૂઈશું પણ તમારી સાથે જ ! " દુશ્મનને વશ કરવાનો પ્રેમથી -ધમકાવીને નહીં, સંપૂર્ણ ગાંધીગીરી !

માટલિયાભાઈ એટલે એકલા માલપરાનું રખેવાળું નહીં , આસપાસના વિસ્તારમાં જ્યાંથી તેમની મદદ માટેની માગણી ઊઠી હોય ત્યાં પહોંચી જ ગયા હોય ! બીજા વિસ્તારો કરતાં આ વિસ્તાર અસ્પૃશ્યતા, સ્ત્રી કેળવણી, રૂઢિ અને વહેમો, પ્રેતભોજન, ખેતી-ગોપાલન-વિકાસ અને શિક્ષણ જેવી ઘણી બાબતોમાં તેમના પ્રતાપે જુદો તરી આવે છે. નજરે ચડતાં લક્ષણોમાં અંદરોઅંદરના ઝઘડા વખતે એકતાની જાળવણી , સત્તાકીય રાજકારણની ગંદકીથી બચવાનું , વિના ચૂંટણીએ સર્વાનુમતિથી સમરસ નિયુક્તિ , ભૂમિ વિહોણા અને નબળાઓને જમીન , મૃત્યુ પ્રસંગે કુટુંબને સાંત્વના ખાતર યોજાતી જાહેર પ્રાર્થના , લોકભારતી જેવી સંસ્થાઓમાં સંતાનોને ભણાવવાનું વલણ જેવા ગાંધીવિચારને સમર્પિત હતા માટલિયાભાઈ.

ખ્યાતિ પામેલું આજનું માલપરા અને તેની શક્તિશાળી પેઢીના પાયામાં માટલિયાભાઈનું અને તેમણે સ્થાપેલી વાત્સલ્યધામ સંસ્થાના વિકાસમાં યોગદાન આપનારાઓનું તપ પડેલું છે. આ પ્રાપ્તિઓ માટે ગામે માટલિયાભાઈની અને તેમને આ વિસ્તારની સેવા કરવાનો સંયોગ ઊભો કરનાર ભગવાનની કૃપા ભૂલાય તેવી નથી.

**વાત્સલ્યધામનું અભ્યાસપૂર્ણ વાતાવરણ**

સંસ્થામાં અભ્યાસનું વાતાવરણ બહુ મજેદાર. અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ સરસ. ઇતરવાચન માટે પ્રેરણા મળી રહેતી. અરે, અભ્યાસની રુચિ તો જુઓ !

[1]...... હિંદી "**विनीत**"ની પરીક્ષા તો મેં દસમા ધોરણમાં જ પાસ કરી વાળેલી , અને આસપાસનાં કેંદ્રોમાં **दूसरी** અને **तीसरी** ની મૌખિક પરીક્ષા લેવા જવાની શરૂઆત કરી દીધેલી.

[2]......માટલિયાભાઈએ આસપાસનાં ગામોની સહકારી મંડળીઓના મંત્રીઓને વહીવટી તાલીમ આપવા "સહકારી મંત્રી તાલીમ વર્ગ " ખોલેલો. એમાં દસમા ધોરણના કોઈ વિદ્યાર્થીને રસ હોય તો બેસવાની છૂટ આપેલી. મેં એ તાલીમ લઈ , પ્રમાણપત્ર મેળવેલું. એ ખરું કામ લાગ્યું , ભણી રહ્યા પછી ચોસલાની સેવાસહકારી મંડળીને અરાજક તત્વોના બાનમાંથી મુક્ત કરાવતી વખતે.

[૩]........અને અંગ્રેજી પાકું કરવા તો દિવાળીના વેકેશન દરમ્યાન લાલજીકાકાની રાહબરીમાં થોડા વિદ્યાર્થીઓ છેક કોલકી મુકામે કરશનભાઈ વાછાણીની વાડીએ રહેલા. બપોર સુધી ડાંગર વાઢવા-ખેરવવાની અને બપોર પછી અંગ્રેજી ભણવાનું. પૂરો એક મહિનો ખાસ વર્ગો ભરેલા અને એ વિષયમાં એવી નિપુણતા મળી ગઈ કે તે પછીના લોકભારતીના કૃષિસર્ટિનાં બે વર્ષના કૉલેજકાળ દરમ્યાન અંગ્રેજી બિલકુલ ન ભણ્યા છતાં કૉલેજના ત્રીજા વર્ષમાં સૌ વિદ્યાર્થીઓની સાથમાં અંગ્રેજી વિષય હું હિંમતપૂર્વક રાખી શકેલો. અને 'अ' શ્રેણીમાં પાસ થયેલો. સ્વયંશિક્ષણદિન , સ્વયંપાક , વિદ્યાર્થીમંડળ , ઉત્સવોની ઉજવણી , દાંડિયારાસ, વિવિધ રમતો , ભજવાતાં નાટકો , બિલેશ્વર-ઘેલા સોમનાથના પેદલ પ્રવાસો અને ભાતાંપોતાં વહેવા અમે પાળેલો એક વહાલસોયો ગધેડો; ગિજુભાઈ-મેઘાણીની વાર્તાઓ, અંતાક્ષરી વગેરે દ્વારા અમે અજાણપણે ઘડાતા રહ્યા , વિકસતા રહ્યા.મારા પછી મારાં ભાંડરડાં અને અમારાં બાળકો પણ અમારી આ વહાલુડી શાળામાં સંસ્કાર પામ્યાં છે

**બાળકને શાળાએ આવતો કરવાની શિક્ષકની તરકીબ તો જુઓ !**

એ વખતે લોકશાળાની જેમ જ પ્રાથમિક શાળામાં પણ કાર્યકરગણ કેવા વાત્સલ્યભાવથી બાળકોને પોતાનાં બનાવી લઈ કેળવણી આપતાં તેનું મારા જ કુટુંબનું એક ઉદાહરણ ટાંકી લઉં.

1982માં જ્યારે ચોસલાથી રહેણાક ફેરવી માલપરામાં કર્યું એ વખતે મારો નાનો દીકરો ભરત ચોસલામાં પહેલાં ધોરણમાં ભણતો હતો. પણ એ નિશાળ હતી માત્ર એક ઓરડાની , અને નિશાળિયા પણ કુલ મળીને હતા ત્યાં પંદર વીસ જ ! અહીં માલપરામાં આવી નિશાળે તો ગયો, પણ દરવાજામાં દાખલ થયા ભેળો અટક્યો , અને પાછો ભાગી આવી , થઈ ગયો ઘર ભેળો ! હવે ? અમને મનમાં થયું કે કંઈ વાંધો નહીં , આજ અજાણ્યું લાગ્યું હશે , કાલ જશે, પરમ દી ' જશે. એમ કરતાં કરતાં અઠવાડિયું થઈ ગયું પણ નિશાળે નહીં જવાના બહાનાં કાઢ્યા કરે ! એક દિવસ નિશાળનો વખત થયો ત્યાં "નિશાળે નથી જવું, મને પેટમાં બહુ દુ;ખે છે" કહી માંડ્યો એ તો તાણી તાણીને રડવા. અમે તો તબિયત બતાવવા લઈ ગયા ડૉ. કળથિયાસાહેબ પાસે ગઢડા. કેસ કઢાવ્યો. અને જ્યાં "ભરત" એમ વારો આવ્યે નામ બોલાતું સાંભળ્યું ને માળો હાથ મૂકાવતોક ને મૂઠીઓવાળી ભાગ્યો , તે થઈ ગયો બસસ્ટેંડ ભેળો ! અમે મૂંઝાયાં. હવે ? આ છોકરો ભણશે જ નહીં તો શું કરશું ?તે વખતે પ્રાથમિકશાળામાં પ્રતાપભાઈ ત્રિવેદી આચાર્ય. એ મારા ખૂબ જ નિકટના મુરબ્બી મિત્ર. બાળકો પાસેથી કેમ કામ લેવું તેના પૂરા માહિર. અમારો મૂંઝારો એમને જણાવ્યો. તમે

જુઓ, બાળમાનસના એ એવા અભ્યાસી કે આખી વાત પામી ગયા અને ઉપાય સૂચવ્યો "શરૂઆતમાં થોડો સમય તમારે કડવા થઈ , તે મારા ઉપર વધુ ભરોસો મૂકે તેવો કંઈક કારહો તમારે કરવો પડશે. મારો વરસોનો અનુભવ છે કે જે બાળક પહેલી વાર નિશાળે આવતું હોય અને એ રડતું રડતું આવતું હોય , તે ભણવામાં કદી નબળું રહેતું નથી . તમે ભરત મને સોંપી દો , હું એને સંભાળી લઈશ , તમે ચિંતા કરો મા , હું કહું એટલું કરો. " ઊગ્યો પછીનો દિવસ. નિશાળનો વખત થયો એટલે મેં યાદ કર્યું, "બેટા ભરત ! નિશાળે જવું નથી ગમતું ને ?" તો રડમસ અવાજે કહે, "ના ના, બાપા !" મેં કહ્યું –"કંઈ વાંધો નહીં. તો પછી આપણે એક કામ કરીએ. જો ફરજામાં ગાયોની નીચે જે છાણ-પોદળા પડ્યાં છે ને ? એ મંડી જા તગારામાં ભરવા , ને માંડ્ય વાસીદુ કરી ઉકરડે નાખવા. " એને તો મજા પડી ગઈ કે હાશ ! નિહાળ્યથી તો છૂટ્યા ! મને કહે, "બાપા ! તગારું ક્યાં છે ?" મેં કહ્યું "એ પૂછ્ય તારી બાને." એ તો ગયો એની બા પાસે અને બોલ્યો, "બા, તગારું આપોને, મારે નિશાળે નથી જવું, વાસીદું કરવું છે.""અરે વાસીદાવાળા ! જાય છે નિહાળ્યે કે લઉં બડિયો ?" કહી, જુવારનું રાડું [સોટી] હાથમાં લઈને પડી પાછળ. ભરત રડતો રડતો દોડ્યો જાય આગળ ને વઢતી વઢતી એની બા પાછળ ! આઘેરેક જ હાથ પહોળા કરી પ્રતાપભાઈ ઊભા હતા." અરે અરે ! બહેન તમે આવા ડાહ્યા ને હોશિયાર દીકરાને કાં મારો ? આવી જા બેટા, આવી જા , મારી પાસે આવી જા. હું તને મારવા તો નહીં દઉં , પણ વઢવાયે નહીં દઉં. " અને ભરત પ્રતાપભાઈની ગોદમાં ભરાઈ ગયો. એની તકલીફ શું છે તે પ્રતાપભાઈએ જાણી લીધી. અને એનાથી મોટી મારી દીકરી વનિતા છઠ્ઠા ધોરણમાં ભણતી હતી તેની સાથે બેસીને ભણવાનો ઉકેલ કાઢી આપ્યો. ભરત ટેક્સટાઈલ ઍંજિનિયર બની સૂરતમાં ઉત્તમ ઉદ્યોગપતિ બની ધંધો વિકસાવી રહ્યો છે. માટલિયાભાઈના સાથી કાર્યકર્તાઓની આવી આવડતનો લાભ અમારા કુટુંબને સંસ્કારિત થવા માટે મળ્યો છે એ અમારે મન બહુ મોટી વાત છે.

**અવિધિસર બન્યો આંબલાનો વિદ્યાર્થી :**

માલપરામાં મારો નવમા ધોરણમાં ભણતી વખતનો પ્રસંગ છે: માટલિયાભાઈએ માલપરાનાં બધાં જ કુટુંબોનો સર્વે આરંભેલો. કુટુંબોની હકીકતો અને કોઠાઓની સારણી બનાવવાનું કામ મને સોંપાયેલું. તે દિવસોમાં ખાસ કામે માટલિયાભાઈનો મુકામ આંબલામાં. એટલે મારે પણ આંબલા રહેવાનું ઠર્યું. ત્યાં લોકશાળામાં વર્ગો ભરું અને સર્વેનું કામ પણ કરું. ક્યા સ્થળે કેટલો વસવાટ કર્યો તે મહત્ત્વનું નથી , પણ શું મેળવ્યું તે મહત્ત્વનું છે. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સાથે આજીવન ઘરોબો બંધાયો. આ સોનેરી દિવસો જીવનભાથું બની રહ્યા છે. સંસ્થાના વાતાવરણની ભીનાશમાંથી મને જે ભણવાનું , ગણવાનું, જાણવાનું મળ્યું છે , તેને મારો અમૂલ્ય, અખૂટ ખજાનો આજેયે સમજું છું.

## લોકભારતીમાંનો મારો વિદ્યાર્થીકાળ

એસ.એસ.સી.ની પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં દાખલ થવાનો વિચાર કર્યો. લોકભારતી મહાવિદ્યાલયમાં ત્યારે ત્રણ વિદ્યાશાખાઓ. લોકસેવા, ગ્રામનિર્માણ અને કૃષિવિજ્ઞાન. મેં તો "ખેતી" શિક્ષણ માટેની કૃષિ વિદ્યાશાખા જ પસંદ કરી. કૃષિ વિદ્યાશાખામાં પાછા બે વિભાગ: એક કૃષિસ્નાતક અભ્યાસક્રમ અને બીજો કૃષિ સર્ટિફિકેટ અભ્યાસક્રમ. આ બે વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ દિલ્હી સરકાર માન્ય હતો. જે પાસ કર્યા પછી લોકભારતીના ત્રીજા વર્ષમાં સીધો પ્રવેશ મેળવી કૃષિસ્નાતક થવાતું. એટલે હું પહેલાં સર્ટિફિકેટ અભ્યાસક્રમમા દાખલ થયો.

માલપરા લોકશાળામાં હું સર્વાધિક ગુણ મેળવી ઉત્તર બુનિયાદીની એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલો. પણ અહીં લોકશાળા સંઘમાં પ્રથમ આવેલો શારદાગ્રામનો એક વિદ્યાર્થી મારો સહાધ્યાયી બન્યો. મનમાં થોડી ગભરામણ થઈ . પણ "એ ભલે લોકશાળા સંઘમાં પ્રથમ રહ્યો , પણ હવે સર્ટિફિકેટ કોર્સમાં એનાથી આગળ નીકળી જવું છે ! " એવી મનમાં ગાંઠ વાળી. મહેનતુ તો હતો જ , ઇચ્છાશક્તિ એમાં ભળી તો ભારતભરની આ પ્રકારના સર્ટિફિકેટ અભ્યાસક્રમ ચલાવતી તમામ સંસ્થાઓમાં હું ફર્સ્ટક્લાસ ફર્સ્ટ આવ્યો. ભારતના ઉપરાષ્ટ્રપતિ ઝાકીરહુસેનજીના વરદ હસ્તે મને પ્રમાણપત્ર આપીને , બહુમાન કરાયું.




**ડૉ. ઝાકીરહુસેનના હાથે પ્રમાણપત્ર (૧૯૬૨-૬૩)**

## મારા ગુરુજનો

કૃષિ વિદ્યાશાખામાં દાખલ થયો. કૃષિવિજ્ઞાનના વિષયો ઘણા બધા. પણ ભણવાનો ભાર ક્યારેય લાગ્યો નહીં. હસમુખા ઇસ્માઈલદાદાને હું તો 'સ્માઈલદાદા' જ કહેતો. રતિભાઈ અંધારિયાનો મરક મરક ચહેરો અને મીઠપભરી વાણી ભુલાતાં નથી. કુમુદભાઈની પ્રશ્નો પૂછવાની રીત જ નિરાળી ! શુકલભાઈ અને સોમાભાઈ , પ્રમોદભાઈ પંડિત અને પંડ્યાભાઈ એટલે સૈદ્ધાંતિક અને પ્રયોગાત્મકતાનો સમન્વય. વંડ્રાભાઈ એવી રીતે ભણાવે કે તે બધું યાદ રહી જાય ! ગાલાભાઈ અને જ.મ. શાહનું ભણાવેલું આજેય એટલું ને એટલું જમા બોલે છે વ્યવહારમાં. જિતુબાપુ, ઝાલાબાપુ, વલ્લભભાઈ અમને આપે પ્રત્યક્ષ પાઠ. સાંતી જોડવાં-છોડવાં, શાળા-મંડળી-પંચાયત સહિતબધું જ વિદ્યાથાળીમાં પિરસાય.

બધાના વિષયો જુદા જુદા , પણ અમારા પ્રત્યેનું એ બધાનું વહાલ એક સરખું ! છાત્ર સંખ્યા મર્યાદિત હોવાથી ગુરુજનો સાથે ખૂબ જ નિકટતાથી રહેવાનો લાભ મળેલો. અમારા કૌટુંબિક પ્રશ્નો અને આર્થિક સામાજિક સ્થિતિની જાણકારી સ્નેહભાવે મેળવે. ઘર ભૂલી જવાય એવી આત્મીયતા. આજે ખેતીમાં અને સામાજિક કાર્યોમાં ઊભા થતા અંતરાયોના ઉકેલની ચાવીઓનો 'ઝૂડો' મને લોકભારતીમાંથી મળ્યો હતો. જેમાંથી જેની જરૂર પડે તે લગાડી "ફટ" દઈને તાળું ઉઘાડું છું.

### મનુભાઈની પ્રેમપ્રસાદી

કૃષિ સર્ટિફિકેટ અભ્યાસક્રમનાં બે વરસ પૂરાં કર્યાં ત્યાં સુધી મનુભાઈ, મૂળશંકરભાઈ કે બુચભાઈના પરિચયમાં આવેલો જ નહીં. સર્ટિફિકેટ કોર્સમાં તેમના વર્ગો નહીં. પ્રાર્થના સંમેલનમાં કે વિશિષ્ટ કાર્યક્રમોમાં તેમને સાંભળતા.

ત્રીજા વર્ષમાં ત્રણે વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને મનુભાઈ રાજ્યશાસ્ત્ર ભણાવે. અમને ખૂબ મજા પડતી. સમયનું કોઈ બંધન નહીં. ભોજનવેળા વીતી જાય એનોયે ન ખ્યાલ રહે અમને, કે ન એમને !

પંદરેક દિવસે લેવાઈ કસોટી , અને બીજા જ દિવસે બધાની ઉત્તરવહીઓ તપાસાઈને એક પછી એક, નામ બોલી બોલી સૌને પરત અપાઈ. મારું નામ ન બોલાયું. એક ઉત્તરવહી મનુભાઈના હાથમાં. મને હૃદયમાં ફફડાટ પેઠો –"જવાબ લખવામાં મારી કંઈ ભૂલ થઈ ગઈ હશે ? કંઈ ખોટું લખાઈ ગયું હશે ? ભારે કરી ! હવે ?........".હું મૂંઝવણમાં હતો, ત્યાં મનુભાઈ

હાથમાં રહેલી ઉત્તરવહી ઉપર નજર ફેરવી બોલ્યા,"હીરજી ભીંગરાડિયા કોણ, ઊંચી આંગળી કરે !"

મેં ગભરાતાં ગભરાતાં ઊંચો હાથ કર્યો. મનુભાઈ કંઈક યાદ તાજી કરતા હોય તેમ ઘડીક મારી સામે ને સામે જોઈ રહ્યા , અને પછી હસીને કહે ,"હં….હં…! ભીંગરાડિયા, તમે તો માટલિયાના વિદ્યાર્થી ખરું ને ? ઓણના વરસમાં કૃષિસર્ટિના કોર્સમાં પ્રથમ આવ્યા તે જ ને ?" કહી, ઉત્તરવહીમાં અપાએલ જવાબ સૌની સમક્ષ મોટેથી વાંચ્યો , અને કહે, "મારે આવા જવાબની અપેક્ષા હતી. ધન્યવાદ ! વર્ગો પૂરા થયે ઘેર આવી મને મળજો."

વર્ગો પૂરા થયે હું તેમને ઘેર ગયો. આંગણબાગમાં વિજ્યાબહેન આંટા મારે. મને ફાટકની અંદર આવેલો ભાળી કહે,"કેમ ભાઈ ! કોનું કામ છે ? શું કંઈ આંખ-માથું દુ:ખે છે ? તાવ આવ્યો છે ? કંઈક બોલ તો ખબર પડે ને …કે….. "! જવાબમાં "હું ….મને….મનુભાઈએ…" એવા હજુ ગોટા વાળતો હતો ત્યાં રૂમમાં સામે જ બેઠેલા મનુભાઈનું ધ્યાન અમારી તરફ આવ્યું અને તરત બોલ્યા: "આવો આવો ભીંગરાડિયા ! એ માટલિયાનો વિદ્યાર્થી છે, એમણે આપેલ રાજનીતિની કસોટીના જવાબોથી હું ખૂબ ખુશ થયો છું , અને મેં જ એને બોલાવ્યા છે. પહેલા એને નાસ્તો કરાવો . " વિજયાબહેને આગ્રહ કરીને 'નાસ્તો' નહીં, રીતસર ભોજન જ કરાવી દીધું અને મારો સંકોચ છોડાવ્યો.

મનુભાઈ અને વિજયાબાનો એ પહેલો પ્રસાદ. પછી તો કંઈ ને કંઈ નિમિત્ત શોધી તેમને મળવાની તક શોધ્યા કરતો. અભ્યાસકાળની એ મુલાકાતો દ્વારા તેમણે મારામાં જે આત્મવિશ્વાસ ભર્યો છે , તેણે જીવનમાં આવી પડેલા કંઈ કેટલાયે વિકટ સંજોગોમાં સંઘર્ષ સામે ટકવાનું બળ પૂરું પાડ્યું છે. મને આત્મીયભાવે તેમણે સ્વીકાર્યો , તેથી હું કાયમ માટે તેમનો બની ગયો.

### વિદ્યાર્થીનું વેન ભાંગ્યું

હું જ્યારે કૃષિ-સર્ટિનાં બે વર્ષ પૂરાં કરી સ્નાતક-કોર્સના ત્રીજા વર્ષમાં દાખલ થયો ત્યારે જાણ્યું કે ભાષાના ખાસ વિષય તરીકે ગુજરાતી , હિંદી અગર ઇંગ્લીશ-ત્રણ પૈકી , ફાવે તે ભાષા પસંદ કરી શકાય છે. મને ભાષાના વિષય તરીકે 'ઇંગ્લીશ' રાખવાનું મન થયું , એટલે ઇંગ્લીશના વર્ગમાં બેઠો. અંગ્રેજીના વર્ગો ચૂનીદાદા લે. "And the foug rousout of the Ocses streem" લહેકા સાથે બોલી "Sorab and Rustam" ઇંગ્લીશ પુસ્તિકામાંથી પાઠ શરૂ કર્યો. મજા પડી ગઈ !અંગ્રેજીના પિરિયડમાં હું તો ખુશખુશાલ ! એમાં ઓચિંતાની ચૂનીદાદાની નજર મારા પર પડી. એને મારો ચહેરો અજાણ્યો લાગ્યો હોય તેથી મારી તરફ

આંગળી ચીંધી અન્યોને ઈશારાથી પૂછી રહ્યા કે આ કોણ ? હું ગભરાયો ! ત્યાં મારી બાજુમાં બેઠેલ પ્રથમ વર્ષથી જ ઇંગ્લીશના વર્ગો ભરનાર વિદ્યાર્થી ગોવિંદ બોલ્યો કે, " દાદા ! એ કૃષિ સર્ટિમાંથી આવ્યો છે." ચૂનીદાદા ત્યારે તો બીજું કાંઈ ન બોલ્યા , પણ વર્ગ પૂરો થયે પાસે બોલાવી મને કહે, "તારે અંગ્રેજીના વર્ગમાં નહીં બેસવાનું." મેં કહ્યું "કેમ ?" તો કહે "તું બે વરસ સુધી અંગ્રેજી ભણ્યો જ નથી." વાતેય સાચી હતી કે બે વરસ સુધી હું અંગ્રેજી ભણ્યો જ નહોતો. દાદાને વિનયથી કહ્યું "દાદા ! કૃષિ-સર્ટિ કોર્સમાં અંગ્રેજી ભણાવાતું નથી , એટલે ભણ્યો નથી. હવે અહીં અંગ્રેજી ભણાવાય છે એટલે મારે ભણવું છે. " મારો હઠાગ્રહ જોઈ ચૂનીદાદા તો "આ એમ નહીં માને" હળવેકથી બોલી નીકળી ગયા. હું મૂંઝવણમાં મુકાયો- "હવે શું કરવું ?"

ત્યાં તો ભોજનના બેલ પહેલાં એક વિદ્યાર્થીએ સંદેશો આપ્યો કે "તને મનુભાઈ બોલાવે છે." કેમ બોલાવ્યો હશે ? વિચાર કરતો કરતો મનુભાઈને ઘેર પહોંચ્યો. તો ત્યાં ચૂનીદાદાને બેઠેલા જોયા. ભારે કરી ! માર્યા, હવે ? ત્યાં ચૂનીદાદાએ જ શરૂ કર્યું "મનુભાઈ ! આ વિદ્યાર્થી મારી ના હોવા છતાં ઇંગ્લીશના પિરિયડ ભરવાની હઠ લઈને બેઠો છે , એટલે તમારી પાસે લાવવો પડ્યો છે."

મનુભાઈ મારી સામે જોઈ રહ્યા. પછી કહે, "કેમ ભીંગરાડિયા, ચૂનીભાઈની ના છતાં એમના વર્ગમાં બેસો છો ?""મનુભાઈ, મારે અંગ્રેજી ભણવું છે. " ત્યાંચૂનીદાદાએ ઉમેર્યું- " મનુભાઈ, એ સર્ટિનાં બે વર્ષમાં અંગ્રેજી ભણ્યો જ નથી , સીધો ત્રીજા વર્ષમાં મારે એને કેમ ભણાવવો ?" મનુભાઈની સાથે મારે બેત્રણ વાર મળવાનું બની ચૂક્યું હતું તેથી તેમની પાસે વાત કરવાની હિંમત મારામાં પ્રવેશી ચૂકી હતી. મેં કહ્યું "મનુભાઈ,એમાં મારો વાંક નથી. સર્ટિના કોર્સમાં અંગ્રેજી ભણાવાતું જ નથી , એટલે હું ભણી શક્યો નથી. હવે મારે અંગ્રેજી ભણવું છે. હું બહુ ધ્યાન આપીશ. ચૂનીદાદાનો ઠપકો નહીં આવવા દઉં. મને અંગ્રેજી રાખવા દો."

મનુભાઈ ઘડીક વિચારમાં પડી ગયા. "ચૂનીભાઈ, આમનું વેન ટળે એવું કંઈક કરીએ." થોડી વાર સુધી મૌન , અને પછી માથું ખજવાળતાં ખજવાળતાં કહે ,"ભીંગરાડિયા, હું રસ્તો કાઢું. કબૂલ હોય તો !""હા, કહો મનુભાઈ !" મેં અને મારા મિત્ર શંભુભાઈ ગોટી બન્ને જણાએ 'હા' રાખી. હવે મનુભાઈએ ચૂનીભાઈને કહ્યું, "તમારી પાસે બે વરસ અંગ્રેજી ભણેલા બે વિદ્યાર્થીઓ અને આ બે વિદ્યાર્થીઓ – ચારેને સાથે કસોટીમાં બેસાડો. પ્રશ્નો પાઠ્યપુસ્તક સિવાયના પૂછજો. એટલે એના અંગ્રેજી ભાષા વિશેના સ્તરનો ખ્યાલ આવી જશે. " પછી

અમારી તરફ મોઢું ફેરવી કહે ,"મંજૂરછે ને ભીંગરાડિયા ?" અમે બન્ને મિત્રોએ 'હા' કહી. બે વરસ એમની પાસે ભણેલા અને હોંશિયાર ગણાય એવા બે વિદ્યાર્થીઓની સાથે હું અને મારા જિગરજાન મિત્ર શંભુભાઈ ગોટી [જે મારી સાથોસાથ માલપરાની લોકશાળામાં જ પાંચમાં ધોરણથી સાથે ભણનાર અને લોકભારતીમાં કૃષિ સર્ટિના પણ સહાધ્યાયી] કસોટીમાં બેઠા અને ચૂનીદાદા પાસે સતત બે વરસ અંગ્રેજી ભણેલા વિદ્યાર્થીઓ કરતાં વધુ માર્ક્સ લઈ આવ્યા, અને અમને અંગ્રેજી અપાયું. અમે બન્ને મિત્રો 'વીથ ઇંગ્લીશ' કૃષિ સ્નાતક બની શક્યા.

તે દિવસોમાં ગુરુજીઓ પાસે આવા વેન કરાતાં અને વિદ્યાર્થીઓની અભ્યાસુવૃત્ તિને વેગ આપવા નિયમોમાં બાંધછોડ કરીને પણ આવાં કરાએલાં વેનનાં રચનાત્મક વળોટ લોકભારતીમાં અપાતા હતા.

ખબર નથી, વડીલ થઈને માનથી બોલાવે તે મને ન ગમતું હોવાછતાં મનુભાઈ કાયમ "ભીંગરાડિયા !" એવા માનવાચક શબ્દથી સંબોધતા. "તું" ક્યારેય કહેતા નહીં. હા , વિજયાબહેન "તું" કહેતાં, અને એ મને બહુ ગમતું. અભ્યાસ પૂરો કર્યા પછી ખેતી કરતાં કરતાં પ્રસંગોપાત્ત જ્યારે જ્યારે લોકભારતી જવાનું બનતું ત્યારે મનુભાઈ-વિજયાબહેનને મળવા તો જવાનું જ હોય ! એટલે પછીથી તો વિજયાબહેન તરફથી રીતસર કડક આદેશ શરૂ થયેલો : "ભીંગરાડિયા ! આમ એકલા એકલા લોકભારતી ક્યારેય નહીં દોડ્યા આવવાનું. લગ્ન કર્યા છે ને ? તો પછી ઘરવાળીને સાથે લઈને આવવાનું, સમજ્યો ?"

અને જ્યારે જ્યારે બન્ને જણાં ગયાં હોઈશું તો મકાનની ફરતાં ઉછેરેલાં ફળઝાડોની મુલાકાત કરાવે,"જો આ કાગડો બોર તો ગોલા અને ઉમરાન બન્ને બોર કરતાં મીઠાં છે , તારે ત્યાં આ બોરડી ન હોય તો આની બે-પાંચ કલમ કરી વાળજે , ઈ તો તને ફાવે છે ખરું ને ! " અને વાલપાપડી, ચોળા, ચીભડાં,તૂરિયાં એવાં કૈંક ચીંથરડીમાં બાંધી સંઘરી રાખેલાં બીયાં શોધી શોધી મારી પત્નીને આપે અને કેટલીય ભળભળામણ કરે. અરે , બે ત્રણ વખતની મુલાકાતો પછી તો એમના સ્નેહવાત્સલ્યનું એવું બંધાણ થઈ ગયેલું કે કેટલીય વખત તો એવું બન્યું છે કે મારે લોકભારતીનું કંઈ કામ ન હોય, પણ પત્ની જ કહ્યાં કરતી હોય, "હાલો ને લોકભારતી જઈ આવીએ , વિજયાબા સાંભર્યાં છે ! " અને બીજા કશાય કામ વિના. માત્ર વિજ્યાબાને મળવાના હેતુથી જ લોકભારતી આવ્યા હઈશું. માતપિતા પોતાનાં સંતાનોની જે ખેવના કરે, તેવી ખેવના તેમણે અમારે માટે કરીછે.બનેલા ઘણા પ્રસંગો માંહ્યલા એક બે પ્રસંગની હજુ ટૂકી વાત કરું.

**બહેન કે દીકરી ? થયો ગોટાળો !** લાભુ અને વિમળા, એક પછી એક એમ મારી બે બહેનો ગ્રા.દ.મૂ.આંબલા લોકશાળામાં ભણતી , અને એના પછી મારી દીકરી વનિતા પણ ત્યાં ભણતી. છોકરીઓ તો જ્યારે જ્યારે મનુદાદા આંબલા આવ્યા હોય ત્યારે મળવા જતી જ હોય !

**પહેલો પ્રસંગ :** મારી નાની બહેન વિમળાએ દાદાને પ્રણામ કર્યાં એટલે દાદાએ દીકરીની સામું જોઈ પૂછ્યું, "કાં તું ભીંગરાડિયાની દીકરી, ખરું ને ?" વિમળા કહે, "શું દાદા તમેય તે ! હું હીરજીભાઈની નાની બહેન છું. " દાદા કહે, "સારું સારું, પત્ર લખે ત્યારે ભીંગરાડિયાને લખજે કે દાદા યાદ કરતા હતા.""ભલે દાદા !" ત્યાર પછી ચારેક વર્ષ વીત્યાં હશે. હવે આ ટાણે મારી દીકરી વનિતા આંબલામાં ભણે.

**બીજોપ્રસંગ :**મનુદાદાને આંબલા આવેલા ભાળી વનિતા મળવા ગઈ અને કહે ,"દાદા પ્રણામ !" દીકરીની સામું જોઈ રહી દાદા કહે,"મેં તને ઓળખી કાઢી છે હો ! તું ભીંગરાડિયાની નાની બહેન ખરું ને ?" વનુ કહે "ના દાદા ! હું હીરજીભાઈ ભીંગરાડિયાની દીકરી છું ". દાદા માથું ખંજવાળતાં ખંજવાળતાં કહે ,"આમ કેમ ગોટાળો કર્યા કરે છે ? ઓલ્યા વખતે પૂછ્યું ત્યારે કહેતી હતી કે હું ભીંગરાડિયાની બહેન છું, અને આ વખતે કહે છે કે હું એની દીકરી છું. કહેવું પડે હો તારું તો ભૈ !" વનિતા હસતી હસતી કહે "દાદા ! હું ગોટાળો મુદ્દલ નથી કરતી. અને તમે કહો છે એય સાવ સાચું છે. પહેલાં ભણતાં હતાં તે મારાં ફૈ , એટલે કે હીરજીભાઈની બહેન હતાં અને હવે હું અહીં ભણુ છું એ હીરજીભાઈની દીકરી છું. ""ઠીક, એમ છે ત્યારે, એમ કહે ને ! તારા બાપુજીને લખજે દાદા યાદ કરે છે એવું. લખીશ ને ?" વનુ કહે "હા દાદા !" એમની જૈફ વયે પણ એમનું આવું વહાલ વરસતું રહેતું.

**બાપ-દીકરાના નાતે વૃદ્ધ બાપ એના છોકરા પાસે કેવી બાળક જેવી હઠ કરી શકે એનો પ્રસંગ નોંધું =**

માલપરામાં વાત્સલ્યધામ સંસ્થામાં સાધન વિતરણ સમારોહ અને મનુદાદા એમાં મુખ્ય મહેમાન. અન્ય આગંતુકોને હજુ સવારનો નાસ્તો અને ચા-પાણી ચાલુ હતાં ને દાદા ધાર્યા કરતાં વહેલા આવી પહોંચ્યા. સૌને નાસ્તો કરતા જોઈ કહે ,"ભીંગરાડિયા ! નાસ્તો તો હુંયે કરીશ - પણ આ ગાંઠિયા-જલેબીવાળો નહીં.""તો દાદા !""તમે ગાયો રાખો છો ને ? તો ઘરવાળીને કહો કે બાજરાનો ટાઢો રોટલો અને દહીં મને જોયશે ! ""સારું દાદા !" કહી હું તો ઉપડ્યો ઘેર. "જલ્દી જલ્દી મને બાજરાનો ટાઢો રોટલો અને દહીં આપી દે , મનુદાદાને નાસ્તો કરાવવો છે." ઘેર પહોંચ્યા ભેળો હું ઉતાવળ કરવા માંડ્યો. ઘરવાળી પણ ઘડીક તો

વિચારમાં પડી ગઈ કે ઓચિંતાનો હાલદમ “ટાઢો રોટલો” કાઢવો ક્યાંથી ? મને કહે “ આમ ચડ્યે ઘોડેથી હેઠાતો ઊતરો ! અને ઘડીક ધીરજ ધરો તો બધું થઈ રહેશે. ” અને માળું કહેવું પડે ભાઈ ! એણે તો ફટાફટ રોટલો ઘડી , ચોડવી, ફ્રીજના ઉપલા ખાના-ફ્રીજર-માં ઘડીક વાર મૂકી, ઠંડો બનાવી, દહીંની તાંહળી સાથે ભાતું બાંધી દીધું . લઈને હું પહોંચ્યો સંસ્થાએ. દાદા તો રાહ જોઈને જ બેઠા હતા કે ક્યારે ટાઢો રોટલો આવે ! ભાતું ખોલી , રોટલો હાથમાં લઈ, આમતેમ ફેરવી મને કહે, “ભીંગરાડિયા ! આ રોટલો ઠંડો છે પણ ટાઢો એટલે કે સાંજનો ઘડેલો નથી લાગતો ! ”“ભલે હો દાદા ! હવે તમારી તબિયત માટે આને જ ટાઢો ગણી લેવાનો છે. ખાઈ લો જોઉ છાનામાના !” મારાથી થોડુંક ભઠાઈ ગયું અને તમે માનશો ? દાદા એ રોટલો અને દહીં ટેસથી જમવા મંડી ગયેલા.

**આવાં લખાણો મફતમાં ન દેવાય !**

તેમની અતિ લથડેલી તબિયતની ગોંદિયા હૉસ્પિટલ રાજકોટમાં સારવાર લઈ , સાજા થઈ લોકભારતી આવ્યા પછી તેમના નિવાસસ્થાને માલપરાથી અમે ચારેક મિત્રો ખબર પૂછવા આવેલા. તબિયત એકદમ સારી હતી. વાતો કરતાં કરતાં કહે, “ભીંગરાડિયા ! ખેતીવાડીના વિષયો અંગે સારું લખો છો.” મેં કહ્યું,“ક્યારે અને ક્યાં વાંચ્યું દાદા !” તો કહે, “કેમ, હું સાહિત્યનો માણસ એટલે ખેતીવાડીનાં લખાણો નહીં વાંચતો હોઉં એમ લાગે છે ? રાજકોટથી આવતું ‘કૃષિવિજ્ઞાન’ વાંચુ છું. સંદેશમાં અને ક્યારેક ફૂલછાબમાં પણ તમારાં લખાણો ભાળું છું. લખાણની શૈલી સારી છે. લખતા રહેજો. સંદેશવાળા કંઈ મહેનતાણું આપે છે ? આવાં લખાણો કંઈ મફતમાં ન મળે. તે બધા તો ધંધાર્થીઓ છે , ખૂબ કમાતા હોય છે. ન આપતા હોય તો કહેજો, મફતમાં લખી આપવાની આપણને નવરાશ નથી.” તમે જુઓ ! મને લખવા બાબતે ઉત્સાહિત કરવાની તેમની કાળજી કેટલી ?

## બાપ ગુમાવ્યાનો આઘાત



**દર્શકદાદા**

2000ની સાલમાં મને હાર્ટએટેક આવ્યાથી મેં બાયપાસ સર્જરી કરાવેલી. મનુભાઈને એની જાણ થઈ.. માલપરા ચિઠ્ઠી આવી -"મંગળવારના રાજકોટ જવાનો છું, વચ્ચે તમારે ત્યાં આવીશ." લિ. મનુભાઈ

ઓપરેશન પછી પંદરેક દિવસ થયેલા. ડૉક્ટરની સલાહ મુજબ આરામ કરી રહ્યો હતો. એમની ગાડી દરવાજે આવી. હવે મારી ધીરજ રહે ખરી ? ઉતાવળે પગલે દરવાજે પહોંચ્યો. ગાડીનું બારણું ખોલી દાદા તો મારી વાટ જ જોઈ રહ્યા હતા. " આવો દાદા ! નીચે ઊતરો અને અંદર આવો. " તેમને પગે લાગ્યો. તેમનો હાથ મારી પીઠ પર ફરવા લાગ્યો. "મને નીચે ઉતારવાનું રહેવા દ્યો , ગાડીની ચડ-ઊતરમાં બહુ તકલીફ પડે છે. પણ તમારી તબિયત હવે કેમ છે ? હું એક વાર વચ્ચે આવી ગયેલો , તમે નહીં મળેલા. મારું મન તમારામાં વળગેલું. હમણાં પૂરતો આરામ કરજો. કામ તો આખી જિંદગી ક્યાં ખૂટવાનું છે ?" તમે જુઓ તો ખરા , એક 87 વરસના ખખડધજ ડોસા પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની ખબર કાઢવા કેટલું કષ્ટ ઉઠાવે છે ! એક દીકરાને ચીંધી શકાય તેવાં કામો તેમણે મને ચીંધ્યાં છે. આજે તેઓ નથી ત્યારે બધું યાદ આવતાં હૃદય ભારે થઈ જાય છે. મારા પ્રતિ પુત્રવત અપેક્ષાઓયે રાખી છે , ત્યારે જીવનના અમૂલ્ય અવસરો સમજી એ અપેક્ષાઓ પૂર્ણ કરવા પૂરતી કોશિશ કરી છે.

છેલ્લી બીમારી જ્યારે એમને લઈને જ ગઈ ત્યારે તેમના નિશ્ચેત દેહનાં અંતિમ દર્શને આવ્યો ત્યારે પોક મૂકીને રડાઈ જશે તો એકત્ર થયેલ શિષ્ટ સમાજમાં મારું વર્તન બેહૂદું દેખાશે એ ખ્યાલે રડવાનું મહા પ્રયત્ને રોકી શકાયું હતું. પણ એ દૃશ્ય હજુએ જ્યારે જ્યારે સ્મૃતિપટ પર આવે છે ત્યારે મન અસ્વસ્થ બની જાય છે. તેમના અવસાનથી બાપ

ગુમાવ્યા જેવો આઘાત જીવનભર પીડા આપતો રહેશે. જેણે મને પોતાના લાડકવાયા દીકરા સમો દરજ્જો આપ્યો. પિતાનો અધિકાર ભોગવનાર હક્કથી બે કામ ચીંધનાર હવે અંતઃસ્થ !

**મન ઉપર અસર મૂકી ગયેલા કાર્યક્રમો શ્રમ અને પ્રાર્થના**

શ્રમ પણ પ્રાર્થના જેટલી જ પવિત્ર ક્રિયા છે. રોજિંદા કાર્યક્રમો તો પાર પાડવાના જ , ઉપરાંત અભાસક્રમના એક ભાગ તરીકે અઢી-ત્રણ કલાકનો શ્રમ પણ કરવાનો. સમજણ પૂર્વકનો ઉત્પાદક શ્રમ , જીવન જીવવા માટે જરૂરી હોવાથી તેને સાધનાનું જ એક અંગ ગણવું રહ્યું. મારા જીવનમાં એ સહજપણે માલપરા લોકશાળામાં સ્થપાએલો તે અહીં વધારે દૃઢિભૂત થયો.

એવું જ મનનો ભાર હળવો કરવા માટે , જીવનઊર્જા મેળવવા માટે સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરનાર જે ઈશ્વરીય તત્ત્વ છે , તેને નમી , મનની ચિંતાઓ તેને સોંપી , થયેલ ભૂલોનો એકરાર કરી , નવી ભૂલો નહીં કરવાનો સંકલ્પ કરવાનો સરસ મોકો અમારી નિત્યની પ્રાર્થનાઓ અમને આપતી.

**રમત ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમો**

ખેલદિલીપૂર્વકની રમત શારીરિક ઘડતર કરવા સાથે માનસિક ઘડતર પણ કરે છે. શિક્ષણના અનિવાર્ય અંગ તરીકે તેનો સ્વીકાર , બૌદ્ધિક અને શારીરિક સંતુલન પણ વિદ્યાર્થી અવસ્થાને રૂડી રીતે ઘડે છે.

આવું જ કંઈક સાંસ્કૃતિક કાર્યક્રમોનું છે. વિદ્યાર્થી નિ:સંકોચ , નિર્ભયતાથી, સમૂહ સામે અભિવ્યક્ત થાય, સ્મરણશક્તિ ખીલે, સ્વીકારેલા પાત્રને હૂબહૂ વ્યક્ત કરી શકાય , તે ઉદ્દેશથી મેં મારી જાતને નાટ્યપ્રવૃત્તિમાં જોડી હતી. ગુરુકૃપાએ મુખ્યપાત્ર મારા જ ગજવામાં રહેતું.

**સહશિક્ષણ**

દીકરા-દીકરીઓની શરીર રચના થોડી ભિન્ન હોવા છતાં એ બન્નેને વિકસવાની સમાન તક મળવી જોઈએ. સૃષ્ટિનિર્માણનો ક્રમ પણ ઉભયની ઉપસ્થિતિનો સ્વીકાર કરે છે. સહઅસ્તિત્વ અને સામીપ્ય મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ જરૂરી છે. અલબત્ત લાગણીઓ અને આવેગોના પ્રગટીકરણ માટે વિવેક જરૂરી છે. બહેનોનાં અને અમારાં છાત્રાલયો જુદાં જુદાં , પણ અનેક પ્રવૃત્તિઓ સાથે રહીને કરીએ. પરસ્પરને સમજીએ. ફૂલમાંથી ફળ બનવાની યાત્રા નજરે નિહાળી શકાતી નથી, છતાં એ બનતી જ રહે છે. તેવું જ આપણા મનનું સહજ

ઘડતર અને સમજનો વિકાસ આ સહશિક્ષણ પ્રણાલીમાંથી મળી રહે છે. અમારા માર્ગદર્શક સતર્ક અને સજાગ હોવાથી અમે ઉચિત રીતે ઘડાયાં હતાં.

**હેતુલક્ષી ગ્રામશિક્ષણ**

માત્ર છોકરા-છોકરીઓને ભણાવીને બેસી રહેવાનું નથી. ભણાવી-ગણાવીને તેમને જે સમાજમાં છૂટાં મૂકવાનાં છે, તે સમાજ શું છે, તેની તાસીર શું છે, હેતુ તેને સમજતા કરવાનો છે. વાસ્તવિક રીતે કેવા કેવા પ્રશ્નો ઊભા થતા હોય છે, ત્યારે શું અને કેવાં નિરાકરણો કરવાં પડે છે, કોણે કેવી રીતે ઉકેલો મેળવ્યા છે , તે જાણવા માટે વ્યક્તિગત મુલાકાતો , પ્રશ્નોત્તરી અને એમાંથી ઊભું થતું વાસ્તવિક ચિત્ર સમજવાની કોશિશરૂપે ગ્રામશિબિરો થતી હોય છે. અમે રામધરી ગામમાં ગ્રામશિબિર યોજી હતી. તેમાં બાગાયત , વનવિદ્યા, જળવિદ્યા, ખેતી, પશુપાલન તથા ગ્રામોદ્યોગની ભરપૂર માહિતી મેળવી હતી. ગામડાંઓના પ્રશ્નોને પોતીકા ગણી એ કામ જાણે આપણે જ કરવાનું છે, તેવું સહજ લાગવા માંડ્યું છે. તે ભાવનાનું સિંચન આવા શિબિરો દ્વારા થયું છે.

**ઉત્સવ ઉજવણી**

રોજેરોજના કાર્યક્રમોમાં શિક્ષકો સાથે હોય, એટલું જ નહીં પણ હોળી-ધૂળેટીના તહેવારોમાં સૌને રંગે રંગાવાનું હોય, ધોધમાર વરસાદમાં નહાવાનું હોય, નિયામકશ્રીથી માંડી પટાવાળા પણ આવી પ્રવૃત્તિઓમાં જાતને જોડે. જેમની પાસેથી રાજનીતિના વર્ગોમાં સોક્રેટિસ , પ્લેટો, એરિસ્ટોટલને માણ્યા હોય, તેવા મનુભાઈને પણ રંગોથી રંગી કાબરચીતરા કર્યા છે.

ઉત્સવો, પ્રાચીન સાંસ્કૃતિક મૂલ્યોને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરે છે. માનવ માનવ માટે ઉદાર બનવાનું સૂચવે છે. લોકભારતી સર્વધર્મ સમભાવને વરેલી સસ્થા. એટલે તમામ ઉત્સવો ઉપર આ માન્યતાની જબરી અસર. તે દિવસોમાં સ્થાયી થયેલો સર્વધર્મ સમભાવનો એ વિચાર, લોકઘડતરનું કામ કરનાર માટે ઉપયોગી સાબિત થયો છે.

હું લોકભારતીમાં લોકભારતીનો બનીને રહ્યો. આજે પણ લોકભારતીનો જ વિદ્યાર્થી છું. લોકભારતીનો વિદ્યાર્થી હોવાનું મને ગૌરવ છે. માત્ર હું જ નહીં , મારા નાના બે ભાઈઓ , બે બહેનો, ભાઈઓનાં પત્નીઓ , બે દીકરીઓ , પુત્રવધૂ-તમામે ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીનું શિષ્યત્વ અને સાન્નિધ્ય માણ્યાં છે. તેમના વાત્સલ્યમાં આકંઠ નાહ્યાં છે.

## થોડુંક અંગત અને કૌટુંબિક

મારી સગાઈ ક્યારે થઈ હશે , તે તો મને યાદ નથી. નવમા ધોરણમાં માલપરા ભણતો હતો ત્યારે લગ્ન થયેલાં. છ સાત ગાડાંની જાન જોડીને વરરાજો પરણવા ગયેલો. પણ તે વેળાના રિવાજ પ્રમાણે મેં મારી પરણેતરનું મોંયે જોયેલું નહીં. પછી વાત કરવાની તો વાત જ ક્યાં રહી ?

અઘરું ત્યારે પડ્યું , જ્યારે હું લોકભારતીના છેલ્લા વર્ષમાં હતો. આણાનું નક્કી કરવા બન્ને વેવાઈઓ મળ્યા. ઘરેણાને મુદ્દે વાંકું પડ્યું. વાત વટે ચડીને સંબંધ તોડી છૂટું કરવા સુધી પહોંચી ગઈ. ઘટનાની વાત પ્રસરતાં મારા માટે ગ્રેજ્યુએટ કન્યાનાં માગાં આવવા લાગ્યાં. મહેમાનોની આવન-જાવન વધી ગઈ.

હું ભારે ગૂંગળામણ અનુભવું. "આ તે કેવો ન્યાય ? જે કન્યા મારી સાથે ચોરીના ચાર ફેરા ફરી છે , એને કે ખુદ મને પણ કોઈ પૂછતું નથી કે તમારી શું ઇચ્છા છે ? લગ્નવિધિની ગંભીરતા છોડી દેવાની ? મામુલી વટને ખાતર સંબંધ ફોક કરવાનો ? આ કેમ સહન થાય ? લોકભારતીના વાતાવરણમાંથી એટલું શીખ્યો છું કે સાચી જણાએલી વાતમાં પીછેહઠ કરાય નહીં. તો મારે આ બાબતે શું મૂંગે મોઢે જે થાય તે થવા દેવું ? શું કરવું ?"

મારી જેમ જ મારી પત્ની સવાઈ મૂંઝવણ અનુભવે ! તે ભણેલી નહીં. ધારુકામાં નિશાળ તો ઘણી મોટી. પણ ખેડૂતની દીકરીઓને વળી ભણવાનું કેવું ! ઢોરાં ચારે , ભરતગૂંથણ કરે, ખેતીકામમાં માવતરને મદદ કરે અને ઉંમરવાન થયે સાસરે જાય. હવે અમારે સવાલ એ ઊભો થયો કે એકબીજાના મત-અભિપ્રાય જાણવા કેમ ? ચિઠ્ઠી-ચપાટી પણ લખવી કેમ ?

હું પરિસ્થિતિનો માર્ગ કાઢવા મિત્રોને પૂછું. તેઓ સલાહ આપે: "ભણેલી ને ગ્રેજ્યુએટ થયેલી છોકરીઓ ક્યાં ઓછી છે ? તારી સગાઈ તૂટે તો તૂટવા દે ! આ તો તારું કજોડું થશે !"

મિત્રોની વાત ગળે ઊતરે નહીં. મનમાં થયા કરે : "જે દિવસે સગાઈ થઈ હશે તે દિવસે અમે ભાખણભરિયા ચાલતાં હઈશું. કોણ કેવું રૂપાળું કે ખોડ-ખાપણવાળું થશે કે વધુ-ઘટુ ભણશે તે ક્યાં નક્કી હતું ? કન્યાને ન ભણાવી હોય તો તેમાં તેનો થોડો દોષ કહેવાય ? મારા સ્વાર્થ ખાતર તેને દંડ પડે તો તો મારું લોકભારતીનું શિક્ષણ લાજે ને ? ભલે તે અભણ

રહી ! અભ્યાસના ભાગરૂપે બાજુનાં ગામડાંઓમાં જઈ , ઘણા નિરક્ષરોને સાક્ષર કર્યા છે , તો મારી જીવનસંગિનીને સાક્ષર નહીં કરી શકું ?" ગોદાવરીને પૂછ્યા વિના, તેના મનની વાત જાણ્યા વિના સંબંધ તોડવાની મારી જરીકેય ઇચ્છા નહીં.

મારા મન પર એક જ ધૂન સવાર : કોઈ પણ હિસાબે ગોદાવરી સાથે રૂબરૂ સંપર્ક કરવો. એ ન બને તો તેના મનની વાત શી છે , તે સંદેશા દ્વારા જાણી લેવી. બન્ને પક્ષના પરિચિતને આ કામ સોંપ્યું.

ત્યાં તો મારા બાપુજી પર સીધો જ ગોદાવરીનો સંદેશો આવ્યો. : "ઘરેણાંની હઠ મેં નથી કરી, એ આગ્રહ મારા બાપુજીનો છે. હું તો તે જ ઘર અને વરને વરી ચૂકી છું. આવીશ તો તે જ ઘરે વહુ બનીને આવીશ, નહીં તો આ દુનિયા છોડી જતાં અચકાઈશ નહીં."

આ સંદેશાથી મારી હિંમત બેવડાઈ. મારો 'સ્નાતક' થયાનો ગર્વ ઓગળી ગયો. જે જિગર મારે દેખાડવી જોઈતી હતી, તે હું દેખાડી શક્યો નહીં. તેણે આપેલા સ્પષ્ટ નિર્ણયથી તથા તેની મક્કમતા અને નિર્ભયતા માટે મને અનહદ માન થયું.

પિતાજી તો આ સંદેશાથી ખૂબ જ હરખાયા. ઘરેણાં બાબતની જીદ ઢીલી મૂકી. વેવાઈએ જેટલાં માગ્યાં એટલાં ઘડાવી દઈ, પુત્રવધૂને તેડી લાવવા સંમત થયા.

પુત્રવધૂ સાસરે આવી. સૌને પગે લાગી. અંગ ઉપરથી ઘરેણાં ઉતારી ઢગલો કરી કહ્યું : "મારે આ ઘરેણાં નહીં, તમે બધાં જોઈએ છે.. " બહારથી અડીખમ દેખાતા પિતાજીનું હૃદય દ્રવી ઊઠ્યું : "દીકરો ભણેલો છે , પણ તમે તો ગણેલાં છો બેટા ! તમે જ અમારા કુટુંબનું ઘરેણું નીકળ્યાં ! ઘરેણાં બધાં ભલે તમારી પાસે જ રહ્યાં, એને હરખથી પહેરો બેટા ! અમારા વેવાઈ વેવાઈનો વટ નાહકનો તમને દૂભવી દેત ! સારું કર્યું તમે બન્નેએ હિંમત દેખાડીને સાચી વાત અમારી પાસે રજૂ કરી."

માલપરા અને આંબલા લોકશાળામાં જે સંસ્કારો મેળવ્યા હતા , તે લોકભારતીમાં વધારે ઘૂંટાયેલ, તેણે આ બળ આપેલું.

## ડો'કાકા પાસેથી "મધ્યમ માર્ગ" અભિગમની જાણકારી મળી

કૃષિસ્નાતક થયા પછી બહારની દુનિયાનો થોડો અનુભવ લેવાની ગણતરીથી મારા માટે પિતાજીએ જ થોડો સમય નોકરી કરવાનો આગ્રહ રાખ્યો , એટલે ત્રણેક મહિના મનુભાઈની ભલામણથી ગંગાજળા વિદ્યાપીઠ અલિયાબાડામાં ડોલરકાકાની છત્રછાયામાં ગાળ્યા,
એક પ્રસંગ તે વખતનો પણ જણાવું કે જેમાંથી મને જીવન વ્યવહારમાં ઉપયોગી થાય એવી શીખ મળી. "કૃષિવિદ" અભ્યાસક્રમમાં ગાલાભાઈ [જે લોકભારતીમાં મારા પ્રાધ્યાપક હતા] આચાર્ય અને હું ગૃહપતિ કમ અદ્યાપક. છાત્રાલયની રૂમોમાં વિદ્યાર્થીઓને મળવા અવાર-નવાર આંટો મારું ત્યારે જ્યાં ને ત્યાં બીડીઓના ઠૂંઠાં નજરે ચડે અને હું અકળામણ અનુભવું. આવું તે કંઈ ચાલે ? એક દિવસ સાંજે હું ગયો ડો 'કાકા [બધા ડોલરભાઈ માંકડને "ડો'કાકા"ના ટુંકા નામથી જ સંબોધતા] પાસે. અને વાત કરી કે 'કાકા ! મને કંઈક માર્ગદર્શન આપો કે હું જલ્દીમાં જલ્દી વિદ્યાર્થીઓને બીડીઓ પીતાં બંધ કરી શકું. " તો મને કહે,"હીરજીભાઈ ! તમે મનુભાઈ પાસે તાઝાતાઝા ભણીને આવો છો , વળી જુવાન માણસ છો, એટલે આવું જોઈ અકળાઈ ઊઠતા હશો એ સમજી શકું છું , પણ આપણે એને બીડીઓ છોડાવવી હોય તો પહેલું કામ વિદ્યાર્થીઓની રૂમે ડબલાં આપવાનું કરો , જેથી બીડીઓ પીધાં પછી ઠૂંઠાં ગમે ત્યાં ફેંકે નહીં , ડબલામાં જ નાખે એવો આગ્રહ રખાવો. મારી દૃષ્ટિએ આવો "મધ્યમ માર્ગ" ઉત્તમ માર્ગ ગણાય." હું તો ડોકાકાનો આવો અભિગમ જોઈ વિચારમાં જ પડી ગયો !

ત્યાં પાછા કહે,"જુઓ ! એમને બીડીઓનાં ઠૂંઠાં ડબલામાં જ નાખવાની ટેવ પડી જાય, પછી પાછા એવો આગ્રહ રખાવશું કે 'આટલી બધી નહીં, આખા દિવસની માત્ર બે જ બીડી પીવાની. અને એમ કરતાં કરતાં બીડીઓ પીતાં બંધ કરાવી શકશું. તમે ધીરજ રાખો, આવાં કામ કડકાઈથી નહીં, ધીરજથી અને સમજણથી જ થાય."

ડોકાકા પાસેથી એક આખી નવી વિચારસરણી જાણવા મળી. અને કોઈ પણની સાથે વધુ કડકાઈભર્યું-સામા છેડાનું વલણ નહીં , પણ "મધ્યમ માર્ગ" અપનાવવાની ટેવ પાડવાનો પ્રયત્ન શરૂ કર્યો.

## નાનાં મટી મોટેરાં બની જવાની ફરજ પડી

પણ ઘરની ખેતી સંભાળવાની જ હતી. એટલે નોકરી છોડી , મારા વતનને જ મેં મારું કાર્યક્ષેત્ર બનાવ્યું. છ મહિના થયા ત્યાં પિતાજી એક દિવસની બીમારીમાં ગામતરું કરી ગયા. મારા કાકા દમના દર્દી , તદ્દન અશક્ત. તેમનું કુટુંબ અમારી સાથે જ હતું. કુટુંબની જવાબદારી ઓચિંતી જ અમારી માથે ઝિંકાણી. મારાથી નાનાં ચાર ભાઈઓ અને ત્રણ બહેનો. તેવડો જ કાકાનો પરિવાર. બધાંને ભણાવવાં , પરણાવવાં, ધંધે લગાડવાં, બધું જ બાકી હતું. પરિસ્થિતિએ મને અને ગોદાવરીને નાનાં મટી મોટેરાં બની જવાની ફરજ પાડી. નાનાં ભાંડરડાંને કપડાંલતાં કે ચીજવસ્તુઓ માટે સંતોષ આપતાં, વધે તે વાપરતાં.

હવે અમે ભાઈઓ-બહેનો સૌને તેમની ક્ષમતા મુજબનો અભ્યાસ અને પસંદગી પ્રમાણેના જીવનસાથી મળી રહે તેની વેતરણ કરવા લાગ્યાં. પિતાજીની ગેરહાજરી કોઈને સાલે નહીં તેની કાળજી લેતાં. સામે ભાઈઓ-બહેનો બધાંએ અમને બન્નેને તેના ભાઈ-ભાભી નહીં, પણ માતા-પિતા હોઈએ તેમ વડીલ માવતર તરીકેની અમારી આમન્યા-મર્યાદા રાખી છે.

### કુટુંબમાંથી ઘૂંઘટ પ્રથા ગઈ

નાના ભાઈ નરશીનું વેવિશાળ માલપરા કરેલું. જાન જોડતી વેળા નરશીએ ઇચ્છા પ્રગટ કરેલી: "લગ્ન ખુલ્લા મોંએ કરાવો. " કન્યા પક્ષને તો વાંધો હતો જ નહીં. માટલિયાભાઈના સહવાસે આ વ્યવહાર ગામ આખામાં સહજ થઈ ગયેલો. મારા સગા-સંબંધીઓનો આ અંગે ખુલ્લો વિરોધ. પિતાજીની ગેરહાજરી. વડીલ હું જ ગણાઉં ! હું પણ ઇચ્છું કે લગ્ન ખુલ્લા મોંએ જ થવાં જોઈએ.

મારે એક યુક્તિ કરવી પડી. અણવરને બોલાવી સૂચના આપી : "લગ્ન ખુલ્લા મોંએ જ કરવાનાં છે. મારા સિવાય કોઈ માંડવામાં આવી "ના" પાડે તો પણ તમારે માનવાનું નહીં." હું એક દોઢ કલાક સૌની નજરથી વેગળો થઈ ગયો. માંડવામાં લગ્ન ખુલ્લા મોંએ થઈ રહેલાં જોઈ સંબંધીઓ અકળાયાં. "હીરજી ક્યાં ? હીરજી ક્યાં ?" સૌ મને શોધે ! જ્યારે હું સૌની વચ્ચે આવ્યો ત્યારે લગ્નવિધિ પૂર્ણ થઈ ગયેલી. સૌનો આક્રોશ મારા પર. સૌને શાંતિથી સાંભળ્યાં. આ નિર્ણયમાં હું ભાગીદાર છું તેમ સૌ પામી ગયા. મારા પરનો સૌનો પ્રેમ સફળ થઈને રહ્યો. ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. અમારા કુટુંબમાં ઘૂંઘટ છોડવાની તે

દિવસે થયેલી પહેલ આવનારી નવોઢા માટે રાજમાર્ગ બની ગયો. તે દિવસોમાં આ ઘણું અઘરું હતું. પણ અમને મળેલું શિક્ષણ અમને  આ રીતે દિશા દેખાડતું રહ્યું.

**માત-પિતાનો વારસો**




**બા-દીવાળીબા અને પિતા-ભીખાભાઈ**

શ્રમનો, કર્મઠતાનો વારસો મારાં બાનો. ખેતીકામ ખૂબ ઝડપથી પાર પાડે. આળસ તો એમને જોઈ ભડકીને ભાગે ! નીંદતાં, પારવતાં, વાઢતાં, લણતાં સૌની આગળ જ હોય ! કપાસ વીણવાની આવડત તો તેમની સુવાંગ ! દેશી કપાસ થતો ત્યારે ત્રણ-સાડાત્રણ મણ અને સંકર આવ્યો ત્યાર પછી તો સાડાછ-સાત મણ કાંટે ચડાવી લેવાનો. જાણે કપાસ વીણવાનું નાનકડું મશીન જ જોઈ લ્યો, એવું ચાપલ્ય !

વાડીએ આવતા વડીલો-મિત્રો ખેતીની બાબતમાં આગવી સૂઝ અને પ્રયોગશીલતાની સાથોસાથ શરીરની તંદુરસ્તી અને ખેતીમાં સતત લાગ્યા રહેવાની માતાની ક્ષમતાની પ્રશંસા કરે ત્યારે  , તેમને ભાર દઈને કહું  , કે  "ખેતીના ધંધામાં જ્ઞાન-વિજ્ઞાનનું તેજ લોકભારતીએ પૂરેલ છે, ખેતી પ્રત્યેનો સતત મનનો ભાવ, એ મારા પિતાશ્રી તરફથી મળેલ ભેટ છે  , પરંતુ શરીરની નરવાઈ અને કામઢાપણાનો વારસો મારાં બા તરફથી મળ્યો છે. હમણાં 2009ની સાલમાં 80 વર્ષની ઉંમરે બા તેમની ચોથી પેઢીને હોંશથી સાચવવાનું છોડી મોટાં ગામતરે સિધાવ્યાં. તેમને  આંખે ચશ્માં આવ્યા નહોતાં    . વાડી વપરાશના ચલાખા , બુંગણ, પછેડી બસ હાથ વડે-સોઈદોરાથી જ સીવી આપતાં.

ભરત ભરવાનું ગજું તો બસ એમનું જ ! વહુ-દીકરીઓ તો જોઈ જ રહેતી ! તેમનો કોઈને અભાવો નહોતો. વાડીએ આંટો-ફેરો આવી જે હરખ વહેવડાવતાં , અમે સૌ ધન્ય થઈ જતાં. તેમની માયાળુ અને સ્નેહભરી વાણી મજૂરો સુધ્ધાંનો ઉત્સાહ વધારનારી હતી.

**અમારાં બાની ઉદારતા**

એક વાર એવું બન્યું કે ભીંડાનાં બીજની કોથળી મેં મૂકેલી એ જગ્યાએથી નહીં મળતાં મેં અમારાં બાને પૂછ્યું કે "બા ! એક લાલ રંગની પ્લાસ્ટિકની નાની કોથળી [પાઉચ] આ કબાટના નીચલા ખાનામાં મેં મૂકી હતી. ક્યારનો શોધું છું પણ જડતી નથી. તમારી નજરે ક્યાંય ચડી છે ?" તો કહે "શું હતું એની માલીપા ?" મેં કહ્યું ,"બા ! હું થોડા દિવસ પહેલાં રાજકોટ ગયો હતો , ત્યારે કૃષિ મેળામાંથી નવીન જાતના લાલભીંડાનું બીજ લેતો આવ્યો છું. હવે ચોપવાની ઋતુ થઈ છે એટલે આજ વાડીયે લેતો જાઉં તો લીલો ભીંડો અને આ લાલભીંડો બન્ને બાજુ બાજુમાં ચોપી દઈએ, તો ખબર પડે કે બેમાંથી કઈ જાત વધુ ઉતારો લે છે અને ખાવામાં કઈ સારી છે એનો અખતરો કરી જોવો છે ," બાએ ઘડીક મનોમન યાદ કર્યું અને પછી કહે," હા ભૈ ! ઈ તો મેં મોટા ફળિયાવાળા ગંગાફઈનો ભાણિયો – ભીંડાનાં બી હોય તો મામી દ્યોને-કહેતો કહેતો આવ્યો 'તો ', તે સાત-આઠ દી ' પેલાં ઈ પડીકું એને આપી દીધું છે, મને એમ કે તું તો પાછું બીજું લાવવાનો જ હો ને !"

ઘરડાં માજી ઘેર હોય અને કોઈ પાડોશી કે ભલેને સંબંધી જ થતા હોય , પણ ઘેરથી કોઈ ચીજ-વસ્તુ માગવા-લેવા આવે તો ફટ દઈને "ના" કહી દેતાં હોય એવાં માજી મેં ઘણાં કુટુંબોમાં જોયાં છે. જ્યારે અમારાં બાનો સ્વભાવ એવો હતો કે માગનારો ભૂલે ! "એની બિચારાની પાસે નો હોય , અને જરૂર હોય તો શું કરે ? માગવા-લેવા આવવું જ પડે ને ? અને આપણી પાસે હોય અને ના થોડી પડાય છે ?" બાનું બસ આ જ માનસ ! સગા-સંબંધીઓમાં પણ તલ , મગ , જીરુ , રાય જેવા મસાલા કે મુખવાસી ચીજ વસ્તુ ઉપરાંત શાકભાજી તો શું, ઘરે બનાવેલાં તૈયાર અથાણાં સુધ્ધાં આગ્રહ કરી કરી સાથે બંધાવે. અરે ! ડીલે ડાભોળિયાં અને ભટિયાં ચોટાડી-ખુંચાડી , સાવરણી કે સાવરણા બનાવવા ઘેર લાવેલ લાંપડાં કે જીપટાના ભારામાંથીય કોઈક જો માગે તો બા બેબે સાવરણા-સાવરણીનો જથ્થો "ઘણું લાવ્યા છે ગોદાવરી , તમતમારે આટલું લઈ જાઓ " કહી આપે ત્યારે નિરાંત થાય. જોકે બાનો આવો વ્યવહાર અમને પણ ગમતો. પણ ક્યારેક એવું બને , કે કોઈ નવું બીજ માંડ થોડું-અખતરો કરવા પૂરતું જ મળ્યું હોય અને કોઈ માગે કે બા, થોડું બિયારણ હોય તો

આપો ને, અને ખાંખાખોળાં કરતાં જો બાની નજરે ચડી જાય તો ખલાસ ! એટલે કોઈ એવા એક્સ્ટ્રા બીજને બાની સખાવત વૃત્તિથી બચવા અમારે એમનાથી છાનુમાનું રાખવું પડતું બોલો ! આવી બાનાં અમ સંતાનો કેટલાં ભાગ્યશાળી ગણાઈએ તમે જ કહો !

### પિતાજીની હિંમત અને સચ્ચાઈ

પાંચમા ધોરણથી શરૂ કરી કૉલેજ સુધી અભ્યાસાર્થે બહારગામ રહેવાનું બન્યું , અને ભણી રહ્યા પછી પિતાજીના સાન્નિધ્યમાં ખેતીમાં જ્યાં શરૂઆત કરી ત્યાં 4-6 મહિનામાં હૃદયદબાણ દ્વારા એમને અચાનક મોટે ગામતરે ઊપડી જવાનું બન્યું. સાવ નાનપણનાં 10-12 વરસ અને વચ્ચે વચ્ચેના વેકેશનના બે બે માસ મળી જે થોડા ઘણા દિવસો તેમનાં હૂંફ અને વાત્સલ્યમાં નહાવાના મળ્યા છે , તે દરમ્યાનમાં તેમની પાસેથી જે પામ્યો છું , તેને નજર સમક્ષ રાખી , એને જ જીવનનું ધ્યેય માની , તે પ્રમાણે જીવન જીવવાનો કાયમ પુરુષાર્થ કર્યો છે.

એમનું અંગત મિત્રવર્તુળ ગણાય એવા મારા છગનકાકા , લક્ષ્મણમામા , ભગવાનદાદા, ત્રિકમદાદા , ભગવાનબાપુ જેવા બધા વડીલો પાસેથી મારા બાપાના અવસાન પછી એવી જ વાત સાંભળવા મળી કે "ભીખાભાઈએ એની જિંદગીમાં કદી ખોટું કર્યું નથી, કે કદી ખોટું બોલ્યા પણ નથી. કોઈની સાથે અણબનાવ બન્યો હોય તો પણ , ક્યારેય પાછળથીયે ગાળ તો શું, એના વિષે તોછડો શબ્દ પણ બોલતા સાંભળ્યા નથી. અરે ! જમીન બાબતના કેસ વખતે વકીલે સલાહ આપેલી કે "ભીખાભાઈ ! તમે ન્યાયધીશ સાહેબ સમક્ષ બસ એટલું બોલો કે 'સામાવાળાએ મને અપશબ્દો કહ્યા છે ' એટલે આપણે કેસ જીતી ગયા સમજો ! " ત્યારે ભીખાભાઈએ એમ કહી દીધું હતું કે "વકીલસાહેબ ! કેસ હારી જઈએ તો કુરબાન ! પણ હું ખોટું તો નહીં જ બોલું ! " પરિણામે કેસ ઘણો લાંબો - 9 વરસ સુધી - ચાલ્યો. આખરે સત્યનો વિજય થયો. ભીખાભાઈ સાચા હતા, કુદરત એની ભેરે ચડી, કોર્ટે તેમની જ તરફેણમાં ફેંસલો આપ્યો.

ગામના પાદરમાં જ બે નદીઓ વહે. એટલે પોતે તરવાની કળા પર સારી પક્કડ મેળવેલી. "કેટલીય વાર કાળુભાર કે સીતાપરી નદીમાં પૂર આવી જતાં સામે કાંઠે ફસાઈ પડેલ મુસાફરને નદી પાર કરાવવા પૂરમાં તરી , સામે કાંઠે પહોંચી , મુસાફરને સાથે રાખી નદી પાર કરાવતા હોય એવું અમે કેટલીય વાર જોયું છે. અરે ! નબળું-દૂબળું વરસ હોય કે વરસાદની હેલી મંડાણી હોય, દસ-બાર દાડા દાડી-દપાડી હાલે એમ ન હોય , તોયે પેટ તો

ખાવા માગે જ ને ? તેવે ટાણે તાવડી ટેકો લઈ જઈ , છોકરાં ટંક ન છાંડી જાય તેની ચિંતા કરી, અમારાં કુટુંબોમાં જાતે આવી , માણું-બે માણાં જુવાર લઈ જવાનું કહી , ભાંગ્યાનો ભેરુ બનતા, એનો ગણ અમે કેમ ભૂલીએ ! ભીખોભાઈ એટલે ભીખોભાઈ ! ભીખોભાઈ કાંઈ થવાય ભાઈ ! " એવું ચોસલાના મારા વજાદાદા , કમાકાકા અને કરશનકાકા ભરવાડ , ગાંડાકાકા અને વશરામદાદા હરિજન , હમીરકાકા, અને નાગજીદાદા દેવીપુત્રને મેં કહેતાં સાંભળ્યાં છે.

માત્ર 45 વર્ષની ઉંમરમાં એમનું આયુષ્ય પૂરું થઈ ગયું એટલે શું કરીએ ? બાકી અમ ભાંડરડાં શું, આખા પરિવાર-ગામ સમસ્તને એમની હાજરીની બહુ જરૂર હતી. અમારા સૌના જીવનવિકાસમાં એમની જે ખોટ પડી છે તે કદી પુરાય તેવી નથી.

## કુટુંબ વિશેની થોડીક વધુ વિગત

કુટુંબને માત-પિતા તરફથી મળેલ વારસાની આટલી વાત કર્યા પછી ભેળાભેળ એય વાત કરી દઉં કે અમારા પિતાજી ભીખાભાઈએ માંડ માંડ ચોપડી વાંચી શકે અને પોતાની સહી કરી શકે તેટલું અક્ષરજ્ઞાન મેળવેલું. પણ અમારાં બા-દિવાળીબા તો સાવ હતાં અભણ. છતાં એનાં બાળકો અભ્યાસ બાબતે કેટલાં તેજસ્વી નીકળ્યાં એનાં એક બે ઉદાહરણ આપી દઉં.

### [1] નાના ભાઈ નરશીએ પ્રવેશ પરીક્ષામાં 100માંથી 100 ગુણ મેળવ્યા

નાના ભાઈ નરશીએ વાત્સલ્યધામમાં 5-6-7 ધોરણ પૂરાં કરી ભાવનગર ભણવા જવાની ઇચ્છા પ્રકટ કરી. ભાવનગરમાં તે દિવસોમાં સનાતન હાઈસ્કૂલ સારી શાળા ગણાતી. ત્યાં પ્રવેશ માટેનો એટલો બધો ધસારો કે પ્રવેશ પરીક્ષા આપવાની થઈ. પરીક્ષા આપી. બપોર પછી જ હતું પરિણામ. એક પછી એક નામ બોલાતાં હતાં. એમાં "નરશી ભીંગરાડિયા" એમ બોલાયું. એટલે અમે ક્લાર્કની ઓફિસમાં ફી ભરવા ઊભા થયા. ત્યાં પટ્ટાવાળો આવીને કહે,"તમને પ્રિન્સિપાલ સાહેબ એમની ઓફિસમાં બોલાવે છે. " અમે તો પ્રિન્સિપાલ સાહેબની ઓફિસમાં ગયા. પ્રિન્સિપાલ સાહેબે ઊભા થઈ , નરશીને પાસે બોલાવી, વાંહો ઠપકાર્યો ! "વેલકમ ભીંગરાડિયા ! તને 100માંથી પૂરેપૂરા 100 માર્ક્સ મળે છે, પણ હું 99 આપું છું. તારે કોઈ ફી ભરવાની નથી. દાખલ થઈ જા. તારી ફી ભરવાનો ગર્વ હું પ્રિન્સિપાલ લેવા ઇચ્છું છું". નરશી સનાતનમાં ભણ્યો અને પ્રિન્સિપાલની છાતી ગજ ગજ ફૂલે એવું પરિણામ અને વર્તન કરતો રહ્યો.

## [2] દીકરી વનિતાએ હુકમનું પાનું ઊતરી દેખાડ્યું

દીકરી વનિતાએ ગ્રા.દ.મૂ. લોકશાળા આંબલામાં દસ ધોરણ પૂરાં કરી , આગળ ભણવાની ઇચ્છા દેખાડી. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ શાળા સારી , અને ત્યાં પાછા આચાર્ય તરીકે લોકભારતીમાં ગ્રંથપાલ રહી ચૂકેલા અમારા ગ્રુપના ખૂબ પરિચિત એવા દીપકભાઈ મહેતા હતા. એમની સ્કૂલમાં જ પ્રવેશ માટે વિનંતી કરવી , પણ એકલા એકલા નહીં ,'બહુ તાંતો બળિયો' માની મારી સાથે બાબુભાઈ જાદવાણી, પ્રતાપભાઈ ત્રિવેદી, કીર્તિભાઈ પંડ્યા અને દીકરી વનિતાને પણ હારે લઈ દીપકભાઈને મળ્યાં. ભરતી ફૂલ થઈ ગયેલી. કોઈ વાતે એડ્‌મિશન આપે નહીં ! બહુ ને બહુ શરમાવ્યા ત્યારે છેવટે કહે ,"તમે અત્યારે એક મહિનો બીજી સ્કૂલમાં દાખલ કરી દ્યો , કોઈ જગ્યા ખાલી થયા ભેળી હું તેને અહીં લઈ લઈશ." અમે તો 'ભલે' કહી શાળાનાં પગથિયાં ઊતરવા માંડ્યાં ત્યાં દીકરી વનિતા દીપકભાઈને કહે- "સર ! આપની સ્કૂલ સ્કોલરશીપ માન્ય તો છે ને સર ?"

"કાં એવું કેમ પૂછે છે બેટા ?"

"મને સ્કોલર વિદ્યાર્થિની તરીકેની સરકારની રકમ મળી રહી છે , તે મળે તેમ હોય તો જ મારે અહીં દાખલ થવું છે, નહીં તો નહીં."

"અરે બહેનડી ! તેં તો હુકમનું પત્તું વાંહે રાખ્યું ! પહેલા ઊતરી ગઈ હોત તો વડીલોનો જશ તો હું મેળવી શક્યો હોત ! આવી જા દીકરી , તને આજે જ એડ્‌મિશન આપી દઉં છું. આવાં સ્વમાનશીલ બાળકો અમારી સ્કૂલમાં ક્યાંથી ?" વનિતા ડૉક્ટર થઈ શકી એવું સારું ત્યાં ભણી, અને દીપકભાઈનો અમારા પરિવાર સાથે કાયમી ગાઢ સ્નેહનો નાતો બંધાવી આપ્યો એ વધારામાં.

### નાના ભાઈઓ તરફથી સધિયારો

પિતાજીના અવસાન વખતની કુટુંબની આર્થિક સ્થિતિ ઘણી નબળી. પણ જેમ જેમ નાના ભાઈઓ ભણી રહેતા જશે તેમ તેમ ધંધે લાગશે અને કુટુંબનું આર્થિક પાસું ગોઠવાતું જશે એવી ગણતરી રહેવા લાગી. સૌ પ્રથમ ભણી રહ્યો નરશી. એ મિકૅનિકલ એન્જિનિયર થયો અને પી.ડબલ્યુ.ડી. પાતાળકૂવા વિભાગમાં સર્વિસે લાગ્યો.. ને ચારેક મહિના થયા ત્યાં "અહીં બહુ ખોટું થાય છે, મારે આવી નોકરી કરવી નથી." કહી, રાજીનામું આપી બે રોજગાર ટૅકનિશિયન બની ઘેર આવતો રહ્યો ! હવે ? એગ્રોસર્વિસ સેંટર શરૂ કરવા બે ટ્રેક્ટર લાવ્યા , ખેડૂતોનાં ખૂબ ભાડાં કર્યાં. અરે ! ભાગીદારી કરી કિર્લોસ્કર ટ્રેક્ટરની ભાવનગર-અમરેલી જિલ્લાની એજંસી લીધી, પણ એમાંય સત્યના અણિશુદ્ધ આગ્રહના હિસાબે બહુ જામ્યું નહી.

ખેનીભાઈની ભાગીદારીમાં સ્ટોનક્રશર [ભડિયું] કર્યું અને સાઈટ પર જતાં ટેંકર સાથે એક્સીડેંટ થતાં અકાળે અવસાન થયું. પણ.......

**વાત કુટુંબ ભાવનાની અને લાગણી-રખાવટની**

......પણ ભાઈ રામજી થયો સિવિલ એન્જિનિયર. એણે એના ભાગીદાર મનોજભાઈ સાથે શરૂઆતમાં કોંટ્રાકટનો અને પછીથી કાપડનો વ્યવસાય શરૂ કરી સૌથી નાના ભાઈ વજુને સાથમાં લીધો. વલ્લભને ગારિયાધારમાં ટ્રેક્ટર રિપેરીંગનું ગેરેજ કરાવ્યું અને પછી એને પણ સુરત કાપડ વ્યવસાયમાં બોલાવી લીધો. ધંધાનું સારું ગોઠવાયા પછી એક દિવસ રામજી મને કહે "ભાઈ ! અમને જીપ લેવાનું મન થયું છે."

"બહુ રાજી થવા જેવું ભાઈ ! જરૂર લો, અને હોંશથી હરો ફરો અને ધંધો પણ કરો."

તો કહે "એકનો નહીં, બે જીપનો ઓર્ડર નોધાવ્યો છે."

"કેમ ? બીજી કોના માટે ?" મારાથી પૂછાઈ ગયું.

"તમારા માટે ! અમે નાના ભાઈઓ ફોરવ્હીલ ફેરવીએ અને મોટા એમનામ રહે , એવું ક્યાંય હોતું હશે ?"

અને સાચ્ચે જ માલપરાના "પંચવટી" ઘરના ફળિયામાં ડ્રાઈવર આવી નવી જીપ મૂકી ગયો. આ વાતને આજ 30 વરસ થવા આવ્યાં છે. દર પાંચ વરસે ભાઈઓ દ્વારા જ સાવ નવી પડીકાબંધ જીપ આવી જાય છે , અને જૂની જીપ ક્યાં ચાલી જાય છે એની ખબર એમને હશે ! આજ દિન સુધી નાના ભાઈઓ તરફથી અમને માત-પિતાથી પણ વિશેષ સગવડ, સ્નેહ અને સન્માન મળી રહ્યાં છે એની અમારે મન બહુ મોટી કિંમત છે.

## આજનો અમારો પંચવટી પરિવાર




છાત્રાલયમાં રહી, એકબીજાને વધુમાં વધુ અનુકૂળ થઈ, ક્યારેક થોડું જતું કરવું પડે તો તે જતું કરીને પણ સમૂહભાવના ન ખોરવાય તે રીતે રહેવાની જે તાલીમ મળી હતી તે કુટુંબજીવનમાં પણ ખપમાં આવી હતી. ભાઈઓમાં હું મોટો. હું અને મારાં પત્ની જે વર્તન કરીએ, તેની છબી નાનાં ભાંડરડાં અને બાળકોમાં અદભુત રીતે ઝિલાઈ.

મારાથી નાના ભાઈ નરશીનું 1983માં એક વાહન અકસ્માતમાં અવસાન થયું. બીજા ભાઈઓમાં ભાઈ રામજી તથા તેનાં પત્ની શર્મિષ્ઠા અને બે દીકરાઓ નીરવ-નેવિલ તથા ભાઈ વલ્લભ અને તેના ઘેરથી મંજુલા તથા દીકરો તુષાર તેમ જ નાનો ભાઈ વજુ , તેનાં પત્ની કમળા અને બે દીકરા-હિરેન તથા ખુશ સૌ પોતપોતાની આવડત અને ફાવટ પ્રમાણે સુરત, સચીન અને અમદાવાદ સ્થિર થયા છે. અમે દંપતી ખેતી સંભાળી રહ્યાં છીએ . બન્ને દીકરા નીતિન અને ભરત કાકા સાથે સુરત-સચીન ધંધે જોડાયા છે. કુટુંબની પુત્રવધૂઓ ચિ.

નયના, અરુણા, વિલાસ, પારુલ, આશી અને ધારા કુટુંબ સરભરા અને બાળઉછેરમાં વ્યસ્ત છે. કુટુંબની મોટી દીકરી વનિતા ડેન્ટિસ્ટ થઈ એના પતિ ડૉ. નિલેશ કુમાર સાથે બાપુનગરમાં પોતાની હૉસ્પિટલ ચલાવે છે. નાની દીકરી નિરાલી તાજેતરમાં જ [2014] લગ્નગ્રંથિથી જોડાઈ સાસરે સિધાવી છે.પંચવટી બાગનાં ફૂલડાં-અંશુ , અભય, સાક્ષી, શ્લોક, આર્યા, શુકન અને પ્રાંશુ તથા ભાણો ધૈવત –એની રીતે વિકસી સુગંધ ફેલાવવા અભ્યાસમાં મસ્ત બન્યાં છે. બહેનો શાંતુ , લાભુ અને વિમળા ઘરેબારે સુખી છે. આમ પંચવટીનો બાગ એનાં બહેન-ભાણેજરું સહિત પ્રભુ કૃપાએ લીલો કુંજાર છે.

ચા, બીડી, પાન, મસાલા, ગુટકા સદભાગ્યે પરિવારના એકેય સભ્યને અભડાવી શક્યાં નથી. પૂરી સમજ સાથે વ્યસનોમાં લપેટાયેલાં સ્વજનોને વ્યસનો છોડાવવા ચોકિયા બળદ જેટલું બળ કરીએ છીએ.

સંયુક્ત કુટુંબની ભાવના હજુ જીવંત છે. ત્રણ ભાઈઓને ત્યાં તો સંતાનોને ત્યાં સંતાનો છે. નાનાં-મોટાં મળી 29 જણા કુટુંબ-ફોટામાં સમાયાં છીએ. હજુ જુદા થવાનું કોઈ નામ લેતું નથી. સંયુક્ત કુટુંબ , સંયુક્ત જીવન અને સંયુક્ત પ્રયત્નો ! જે કોઈ મિલ્કત વસાવીએ, તે પછી વાડી હોય, મકાન હોય કે વાહન હોય – નામ ધારણ કરે “પંચવટી” જ ! સમૂહજીવનનો સંસ્કાર અમારા પરિવારને તો ફળ્યો જ છે. આજે વિશ્વનો સૌથી મોટો પ્રશ્ન કોઈ હોય તો તે છે સાથે જીવતાં આવડતું નથી. આજના વિશ્વની ઓળખ એ છે સાથે મરતાં આવડે છે પણ સાથે જીવતાં નથી આવડતું !

## સામાજિક અને શૈક્ષણિક કામનું સરવૈયું

વતન ચોસલામાં સામાજિક જીવન સાથે ઓતપ્રોત થતો જતો હતો. ગામ નાનું , લોકો અશિક્ષિત. સ્થાપિત હિતો દ્વારા લોકોનું આર્થિક અને સામાજિક શોષણ થતું હતું. ગામમાં એક સહકારી મંડળી ચાલે. જેઓ નમતા-ભજતા રહે તેને ધિરાણ મળે. કોઈ સભાસદને કશું બોલવાનો અધિકાર નહીં. થોડો સમય મેં આ બધું જોયા કર્યું. સભાસદોની લાચારી જોઈ. બહુ અકળાયો. લોકભારતીના સંસ્કારો સળવળી ઊઠ્યા. મંડળીની સામાન્યસભા, કારોબારીની બેઠક , બધું કાગળ ઉપર જ ! આવી જોહુકમી કેમ ચલાવી લેવાય ? મારા પિતાજી ગુજરી જતાં હું સભાસદ થયો. માંડ માંડ એક મિટિંગ મળી. હિસાબો વંચાયા. એમાં મેં કંઈક પૂછ્યું. તો જવાબ મળ્યો : "ભાઈ હીરજી ! તું હજુ બહુ નાનો છે. તારે અમને પ્રશ્ન પૂછવાને હજુ ઘણી વાર છે !"

સભા પૂરી થયે મેં સૌને એકઠા કર્યા. "જો આપણે સંગઠિત થઈએ, તો આપણા બધા પ્રશ્નો હલ થશે," એવી હૈયાધારણ આપી. ગામનાં લોકોને તો આવો વ્યવહાર ગમે નહીં , પણ કોઠે પડી ગયેલો. કાયદા કાનૂનથી તો બધા અજાણ. તેથી અજંપામાં હિઝરાયા કરે. કશું બોલે નહીં. મેં કહ્યું : "તમને બધાને એવું જ લાગતું હોય કે આ તુમાખી સહેવી નથી , તો એક જ રસ્તો છે - હિંમતથી એક અવાજે બોલવાનો ! વચ્ચે કોઈથી ફસકી નહીં જવાય. તમે બધા સાથે હો તો સાવજની બોડમાં જઈ પડકારવાની મારી તો તૈયારી છે ! બોલો , તમે બધા સાથે રહેવા તૈયાર છો ?" સૌ તૈયાર થયા. મેં સહકાર વિશેનું સૈદ્ધાંતિક જ્ઞાન અને મંડળી સંચાલન વિશેની વિગતો લોકભારતીમાં મેળવેલ હતાં. દોડધામ કરી ખાસ સાધારણ સભા બોલાવી. સભા વખતે કોણે શું બોલવું તે અગાઉથી જ ગોખાવી રાખ્યું હતું. સાધારણ સભામાં વિકાસ અધિકારીની હાજરી વચ્ચે ચાલુ કમિટીને ગેરકાયદેસર ઠરાવી , નવી વ્યવસ્થાપક કમિટી ચૂંટી કાઢી. હવે સવાલ એ આવ્યો કે પ્રમુખ કોણ થાય ? લોકભારતીના સંસ્કારોએ પ્રમુખ થવાની હિંમત આપી. સંગઠનની તાકાત શું છે તે બધાએ અનુભવ્યું. ધમકી, જાસાને ઘોળીને પી ગયા. મંડળીનું કામઠામ વ્યવસ્થિત થતું ગયું. જે વિરોધીઓ હતા, તેમનાં પણ વાજબી કામો વિલંબ વિના થતાં. વસુલાત સમયસર થાય , ખાતર-બિયારણ સભાસદો મંડળીમાંથી જ ખરીદે અને મંડળી સૌની બની રહે, તેવા સન્નિષ્ઠ પ્રયત્નો થતા રહ્યા.

## પંચાયત સંભાળવાની ફરજ ઊભી થઈ

દોઢેક વરસે આવી ગ્રામપંચાયતની ચૂંટણી. ગ્રામપંચાયત પણ પેલા લોકોને જ હસ્તક. કોઈથી કશું બોલાય નહીં, કે તેઓનો વિરોધ કરાય નહીં. લોકાભિમુખ શાસનનું નામ નિશાન નહીં. અમે સામેથી તેઓને મળ્યા. અમે કહ્યું : “આ વખતે ગ્રામવિકાસનાં કેટલાંક કામો કરવા ધાર્યાં છે. તેમાં સુગમતા રહે, તે માટે આપ વડીલના માર્ગદર્શન નીચે કોઈ યુવાનને સરપંચ બનાવીએ તો કેમ ?” તેઓ ન માન્યા. કહે : “જીવીશ ત્યાં સુધી સરપંચ તો હું જ રહીશ !” આ એકાધિકારવાદને પડકારવાનું નક્કી કર્યું. અમારા જૂથને વધારે સંગઠિત અને સક્રિય બનાવ્યું. પડકાર ઝીલ્યો. ચૂંટણીએ વિજય અપાવ્યો.

તેમને માટે ‘હાર’ જીરવવી અઘરી હતી. વર્ષોથી ચલાવેલી જોહુકમીને ધોબીપછાડ ફટકો પડેલો. તેઓ ધાંધા બન્યા. કોર્ટે ચડ્યા. છ મહિના કેસ ચાલ્યો. અમારા માટે આ નવો અનુભવ હતો. કોર્ટે અમારા જૂથને કાયદેસર ચૂંટાયેલું જાહેર કર્યું. એ લોકોએ અમારામાંના કેટલાક સાથે ચા-પાણી , ભોજનાદિ વ્યવહારો બંધ કર્યાં. પણ અમે ડરી જઈએ એવા ઢીલાપોચા રહ્યા ન હતા. અમારે કશુ ખોટું તો કરવું નહોતું, પછી બીક શાની ?

ચૂંટાયેલા સભ્યોમાંથી સરપંચ કોણ થાય ? અનેક ચર્ચાઓ અને મથામણો પછી યુવાન મિત્ર ગોરધનભાઈ ડુંગરાણીને મંડળીનું પ્રમુખપદ સોંપ્યું અને હું સરપંચ થયો.

### શિક્ષણની ઝુંબેશ ઉપાડી

સહકારી મંડળી અને ગ્રામપંચાયત ઝૂંટવાઈ ગઈ એટલે એ લોકોનો રોષ ઊકળી ઊઠ્યો હતો. ત્યાં અમે પ્રાથમિકશાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા ઝુંબેશ ઉપાડી. બીજા શિક્ષકની જગ્યા મેળવી. સામા જૂથે સંખ્યા ઘટાડવાના ઈરાદે પોતાનાં બાળકોને શાળામાંથી ઊઠાડી લીધાં. અમે ગામમાંથી ભણવા લાયક તમામ બાળકોને પ્રવેશ અપાવી ઝૂંટવાઈ જતી શિક્ષકની જગ્યા બચાવી. શાળાના શિક્ષકોને ફરજપાલન માટે નીડર બનાવ્યા. શાળા ધમધમતી બની.

### સહકારી મંડળીનો સેક્રેટરી બન્યો

અમારા જૂથે સહકારી મંડળી સંભાળ્યા ભેળું , એ જ મિટિંગમાં જૂના મંત્રીએ રાજીનામું ધરી દીધું. અમે તે સ્વીકારી લીધું. સવાલ આવ્યો , મંત્રી શોધવાનો. બાજુના ગામ અણિડાના કાનુભાઈ તૈયાર થયા. એક દિવસ ધિરાણ માટેની રકમ બૅંકમાંથી આવેલી. તે

દિવસે અમારી કોઈની હાજરી નહીં. સામેના જૂથે મંત્રીને ધમકાવીને , ગેરબંધારણીય રીતે ધિરાણ લઈ લીધું. મંત્રીને બીક લાગી. રાજીનામું ધરી દીધું.

અમે સૌ એકઠા થયા. એમ લાગ્યું કે બહારની કોઈ વ્યક્તિ આ માથાભારે તત્ત્વો સામે ઝીંક નહીં ઝીલી શકે ! "અપના હાથ, જગન્નાથ ! આપ મૂઆ વિના સ્વર્ગે કાંઈ જવાય ?" આપણામાંથી જ કોઈકે હિંમત બતાવવી જોઈએ. સહકારી કાયદામાં નિયમ એવો કે મંત્રી "તાલીમી" હોવા જોઈએ. અમારા પૈકીના એક જીવણદાનભાઈએ હિંમત દેખાડી : "મને તાલીમ અપાવો, હું કોઈથી ફાટી પડતો નથી. " અમે તેમને તાલીમ માટે મોકલ્યા. મારી પાસે માલપરાના અભ્યાસ દરમ્યાન તાલીમ લીધેલી તેના સર્ટિફિકેટ તો હતાં જ. હું કામચલાઉ મંત્રી બન્યો. શાળામાં મળેલ શિક્ષણ ખરું કામ લાગ્યું.

## પોલીસ પટેલની નિમણૂંક અને ગુરુજનોની શીખ

તે દિવસોમાં ગામમાં રેવન્યુના માણસ તરીકે "પોલીસ પટેલ" નામની પણ એક જગ્યા. આજ દિન સુધી એ જગ્યા પર પણ એ જ જૂથે કબજો જમાવી રાખેલો અને અરાજક તત્ત્વોને એના નેજા નીચે આશરો અપાતો રહેલો. પોલીસ પટેલની ઉમર થતાં નવી નિમણૂકનો હુકમ જાહેર થયો. માર્ગદર્શન માટે લોકભારતી પહોંચતાં મનુભાઈ જ પહેલા મળ્યા. [મનુભાઈને કાને ચોસલાની મંડળી અને પંચાયતમાં થઈ રહેલા ફેરફારોની વાત પંહોચી ગયેલી] વાતની રજૂઆત કર્યા ભેળા કહે ,"ભીંગરાડિયા ! તમે જ કહ્યું હતું કે ભણીને પછી "ખેતી" સિવાયની બીજી કોઈ લપ્પન-છપ્પનમાં પડવું નથી. તો પછી શીદ પડ્યા આ પંચાયત અને સહકારી મંડળીની ધમાલમાં ?" મનુભાઈનાં આવાં વેણ સાંભળી હું ઘડીક તો ડઘાઈ જ ગયો.

"પણ મનુભાઈ ! આમાં તો વહીવટકર્તાઓની ચોખ્ખી દાદાગીરી જ છે. જે સભ્યો નમતાભજતા રહે તેમને ધિરાણ મળે , બીજાને નહીં. મંડળીની સાધારણસભા , વ્યવસ્થાપક સમિતિની બેઠક, બધું કાગળ ઉપર જ ! ગ્રામપંચાયતમાં પણ એવી જોહુકમી કે કોઈને કશું બોલવાનો અધિકાર જ નહીં. આવી જોહુકમી સાંખી લઈ , મંડળી કે પંચાયત થોડાં હાલવા દેવાય ? મારે આવી લપમાં પડવું જ નહોતું પણ આવો અન્યાય નજરોનજર કેમ સાંખવો ?" મારી અકળામણને ઘડીભર નીરખી રહી, મરક મરક હસી કહે,"શાબાશ ! તમારો આવો જ જવાબ હું ઇચ્છતો હતો ભીંગરાડિયા ! તમારી આવી અકળામણ વિશે મને માન ઊપજે છે. હું તો જરા તાવણી કરતો હતો કે તલમાં તેલ કેટલુંક છે એની ! મને ખબર છે ગામડાંઓમાં કેવું કેવું થતું હોય છે એની ! અને આવે વખતે લોકભારતીનું શિક્ષણ લીધેલો જણ અન્યાય

સામે બંડ ન પોકારે તો , અમે તો એટલી અમારા શિક્ષણની જ કચાશ ગણીએ. તમે ખેતી કરો છો એનો અર્થ એવો નથી કે ગાય , બળદ , ગાડું અને હળ -આ સિવાય કોઈની ઓળખાણ જ નહીં ! ખેતી કરવા ગામડાંમાં જઈ વસ્યા છો, તો ગામની શાળા, ગ્રામપંચાયત અને સહકારી મંડળી એ ત્રણ તો પાયાની સસ્થાઓ. જેના પર તો ગામના વિકાસનો આધાર હોય છે ભલા ! એનાથી અલિપ્ત કેવીરીતે રહી શકાય ? તમારે એના પ્રશ્નો હાથમાં લેવા જ રહ્યા.

“પણ મનુભાઈ ! આ બધું કંઈ એકલા હાથે થોડું થઈ શકે ?” હું હવે સ્વસ્થ થઈ પ્રશ્નો કરવા લાગી ગયો. “હું ક્યાં કહું છું તમે એકલા હાથે બધું કરો. જુઓ ! તમે ‘સહકાર’ વિષય ભણ્યા છો ને ? તો લ્યો ગામલોકોનો સાથ. સત્યને પણ સંગઠિત તો રહેવું પડે હો ભાઈ ! છતાં કંઈ અડચણ પડે તો અમે બેઠા જ છીએ ને ? હરેર્યા વિના હિંમતથી કામ લ્યો , તમે આ બધું ગોઠવી શકશો એવી મને ખાતરી છે. આજના તમારા પ્રશ્ન બાબતે દલસુખભાઈનું માર્ગદર્શન લેતા જાઓ, બધું ગોઠવાઈ જશે.”

અમે દલસુખભાઈના માર્ગદર્શન અને હૂંફ થકી જ જે પંચાયતનો સભ્ય ના હોય અને મંડળીની કારોબારીમાં પણ ન હોય છતાં સાચી બાબતોમાં સૂર પૂરાવે , એવા એક યુવાન લાભુભાઈ ઠુમરને પોલીસ પટેલ તરીકે નિમણૂક અપાવી શક્યા.

**ત્રણે ઉમેદવારો એક જ મંચ પર :** ગુજરાતમાં પંચાયતી રાજ્યની સ્થાપના થઈ ચૂકી હતી. તાલુકા પંચાયતનું પ્રતિનિધિત્વ કરવા અમારાં ચાર ગામો વચ્ચે એક જગ્યા હતી. ચૂંટણી આવી. ઉમેદવારો ત્રણ ખડા થયા. તેમાં એક અમારા ગામના પણ ખરા. ગામના મતો તેમને વધુ મળે તેવું કરવાનો કેટલાકનો મત. લોકશાહી શાસન પદ્ધતિ વિશે મનુભાઈ પાસે અનેક તર્કો લડાવી ખુલાસા મેળવ્યા હતા. અહીં તેનો પ્રત્યક્ષ પ્રયોગ કરવાનું મન થયું. મેં આગેવાનોને ભેગા કર્યા. સમજાવ્યા-“આપણા નાના ગામમાં આ લોકો વારંવાર આવી , આડું અવળું સમજાવી, આપણામાં ફૂટ પડાવે તેના કરતાં , ત્રણે ઉમેદવારોને એકસાથે એક મંચ પર બોલાવીએ. પોતે ચૂંટાઈ આવશે તો કેવાં કેવાં કામો કરશે , તે એક જ મંચ ઉપરથી રજૂ કરે અને લોકોને પોતાનો પરિચય આપી મતની માગણી કરે તેવું ગોઠવ્યું હોય તો કેમ ?” મારી દરખાસ્ત સૌએ વધાવી લીધી. દરેક ઉમેદવાર પોતાના ગૃપ સાથે આવ્યા. ત્રણેય ગૃપને ગામે મહેમાન માન્યા. તેમની વાતો સાંભળી. છેલ્લે મેં ગામના સરપંચ તરીકે સૌનો આભાર માની કહ્યું : “ત્રણે ઉમેદવારોને તમે સૌએ સાંભળ્યાં. મત કોને આપવો તે તમે સૌ જાતે જ નક્કી કરજો.” વરસો સુધી આ પ્રણાલિકા અમે ચાલુ રાખી.

## ચૂંટણીફાળો પરત કરાયો

મનુભાઈ કાયમ કહેતા: "સારા માણસોએ રાજકારણમાં જવું જોઈએ" પાલિતાણાની બેઠક પરથી ધારાસભાની ઉમેદવારી નોંધાવી મને બોલાવ્યો. કહે "ભીંગરાડિયા ! તમે જાણ્યું હશે કે પ્રવીણસિંહ સામે મેં ઉમેદવારી નોંધાવી છે. વધુ નહીં વાપરીએ તોયે ચૂંટણી પ્રચારમાં 35-37 હજારના ખર્ચની જોગવાઈ તો કરવી જ પડશે. સુરતના 5-7 મિત્રોનાં નામ આપું , તેને મળો અને બની શકે તેવો તમારી રીતે પ્રયત્ન કરો." મનુભાઈનો આદેશ એ તો મારું કર્તવ્ય. હું અને બાબુભાઈ જાદવાણી સુરત પહોંચ્યા. મારા નાનાભાઈ રામજીના ગૃપને મળ્યા. બીજા કેટલાક જાણીતાઓ અને તેમના સંપર્કવાળા ભાઈઓને મળ્યા. અને એક લાખ ઉપર 37 હજારનો ફાળો કરી લાવ્યા. મનુભાઈ તો ખૂબ ખુશ !

પણ બન્યું એવું કે એ વખતે કેંદ્રની ગાદી પર વી.પી.સિંહની સરકાર. વી.પી.સિંહ પોતે ચૂંટણી પ્રચારમાં નીકળ્યા અને મનુભાઈને રૂબરૂ મળ્યા. "તમને જરૂરી લાગતાં હોય તે બધાં કામો અને સુધારા કરવાની અમારી તૈયારી છે" કહી ઉમેદવારી પાછી ખેંચવા આગ્રહ કર્યો. મનુભાઈ ધર્મસંકટમાં મુકાયા. ઘણા વિચાર-વિમર્શને અંતે મનુભાઈ ચૂંટણીમાંથી ખસી ગયા.

સુરતથી આવેલ ચૂંટણીફાળો વગર વપરાયો પડ્યો હતો. સાથી મિત્રોએ સૂચવ્યુ ,"આ ફાળો ચૂંટણીખર્ચ નિમિત્તે મળ્યો છે. લાવો એ જ કામમાં વાપરી નાખીએ." મનુભાઈ કહે "ના, આ ફાળો કેવળ મારી ઉમેદવારીના નામ પર ભાઈ ભીંગરાડિયા અને જ્વાનિયા લઈ આવ્યા છે. તેનો ઉપયોગ બીજી રીતે કરાય તો ફરી કોઈ વિશ્વાસ એ લોકો પર કરે નહીં. માટે હાલદમ હીરજી ભીંગરાડિયાને બોલાવો અને ફાળો સૌને પરત આપી દો." ઇતિહાસમાં ન બની હોય તેવી આ ઘટના કહેવાય ને ? સુરતવાસી ફાળો આપનારા દરેક મિત્રોનો ફાળો આભારપત્રો સાથે પરત કરાયો. ફાળો પાછો સ્વીકારનારાઓના આશ્ચર્યની કોઈ સીમા ન હતી.

માત્ર માલપરાના મિત્રો તરફથી અપાયેલ રકમ પરત ના કરી, કારણ કે એટલો ખર્ચ થઈ ચૂક્યો હતો. માલપરાને પોતે પરિવાર માને. પરિવારને નાણાં પાછાં વાળીને સોખમણમાં ઓછા મુકાય ! તેમના આ મનોભાવને અમેય ક્યાં નો'તા ઓળખતા !

માલપરા એટલે તો મનુભાઈને મન પોતીકું ગામ , અને અમારા બધા પ્રત્યે તથા અમારી સામાજિક પ્રવૃત્તિ પ્રત્યે બીજાને અદેખાઈ આવે તે પ્રકારનો તેમનો પક્ષપાતી પ્રેમ ! જેમ 'માલપરા'તો કહે માટલિયાનું' તેમ 'માલપરા અને માટલિયા' - બધું મનુભાઈનું હતું.

તેમનાં પોતાનાં સુખ-દુ;ખની વાતો પણ પહેલાં અમને કહેવાતી હતી. એવી જ એક કપરી વેળામાં ફસાયા અને અમને આવીને મળ્યા. કહે-" લોકભારતીમાં અમને ભણાવતાં આવડ્યું પણ વહીવટ કરતાં ન આવડ્યો. અતિ વિશ્વાસવાળાનાં વહાણ ડૂબે, તેમ અમારા હિસાબનીશે બહુ લાંબો સમય ગેરવહીવટ કરી, સંસ્થાને બહુ મોટો ફટકો માર્યો છે. ખોટની વ્યવસ્થા તો ટ્રસ્ટીઓ કરી આપવા સક્ષમ છે. પણ આ માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે જતાં પહેલાં મારે તમારો વિચાર જાણવો છે." આ આઘાત નાનો નહોતો. આંખમાં આંસુ આવી ગયાં. "દાદા ! સંસ્થાની મુશ્કેલી એ અમારી મુશ્કેલી છે. અમારાથી થઈ શકતી રકમ એકઠી કરી , બે-ત્રણ દિવસમાં જ સંસ્થાને પહોંચતી કરીશું. તે પછી સમય લઈ અમારી આસપાસના વિદ્યાર્થીઓને મળશું અને બનતું બધું કરી છૂટશું. " અમારા આ પ્રતિભાવથી દાદાનાંઆંસું હર્ષાશ્રુ બની ગયાં. હરેક કટોકટીની ક્ષણે તેનો વિદ્યાર્થી માતૃસંસ્થાની પડખે ઊભો રહી મેળવેલા શિક્ષણ અને સંસ્કારનો પરિચય સમાજને આપે તે જરૂરી છે તેમ મનુભાઈ માનતા.

**અસાગરા પાસે જ ન્યાય તોળાવ્યો**

ગામડાંઓમાં ખેડૂત-માલધારીના ઝઘડા કાયમ હોય જ. દરરોજ ઝઘડાની પતાવટની માથાકૂટ. બપોર વચાળે ખેડૂતો રોંઢો કરવા બેઠા હોય ત્યારે , અને નહીં તો ધધરીવેળાએ-ખેડૂતો ઘરભણી વળી નીકળ્યા હોય ત્યારે માલધારીઓ ભેલાણ કર્યા વિના રહે જ નહીં ! રોજની આ રામાયણ. રોજ પંચને ભેગું કરવાનું , માલધારીઓને બોલાવવાના , માલ ચારી આવ્યા હોય તે છોકરાઓને બોલાવવાના , તેમને ફોહલાવી કે ડારો દઈ મનાવવાના, ક્યારેક સમજાવટ તો ક્યારેક ડબો-દંડ ભરાવવાના, વધુ નુકસાન કર્યું હોય તો સ્થળ તપાસ કરી નુકસાની ભરપાઈ કરે તેવો આગ્રહ રાખવાનો. સામ ,દામ, દંડના બધા ઈલમ અજમાવવાના. ઝઘડો પતે તો ખરો. પણ બીજા દિવસે બીજો ખેડૂત અને બીજો માલધારી, પશ્નનો અંત આવે જ નહીંને ! શું કરવું ? વિદ્યાવિસ્તારમાં રતિભાઈ અંધારિયાએ "લોકો દ્વારા જ ઉકેલ " એવો સિદ્ધાંત ભણાવેલો એ યાદ આવી ગયું. અને બીજા દિવસે જ પંચાયતની મિટિંગ બોલાવી અને "ખેડૂત-માલધારી કજિયા પંચ "ની રચના કરી. પંચમાં સરપંચ, પંચાયતના બે સભ્યો, અને બે માલધારી આગેવાનોને લીધા. માલધારી દ્વારા ઊભા થતા પ્રશ્નો અને માલધારી આગેવાનો દ્વારા જ પતાવટ ! એક દિવસ , બે દિવસ ને ચાર-પાંચ દિવસ થયા, ત્યાં માલધારી આગેવાનો થાકી ગયા. શરમાયા. ભેલાણના પ્રશ્નો જ બંધ થઈ ગયા. ગામે, ખેડૂતોએ અને પંચાયતે નિરાંતનો દમ લીધો.

## વિરોધીઓમાંથી દુર્ભાવ દૂર થયો

અગિયાર વરસ સુધી ગ્રામપંચાયત અને સહકારી મંડળી સાચવ્યાં.એક પણ જગ્યાએ ખોટું કર્યું નથી , કે કરવા દીધું નથી. ગામમાં શિક્ષણ , આરોગ્ય અને અન્ય સુવિધાઓ વધારવા બનતા પ્રયત્નો કર્યા. કુરિવાજો , પ્રેતભોજન અને અંધશ્રદ્ધા દૂર કરવા ખાસ તકેદારી રાખી. જેમની સાથે સંઘર્ષ કરવો પડ્યો છે , તેઓને પહેલાં મળવું , પૂછવું, તેમણે કરેલાં સારાં કામોને બિરદાવવાં અને દરેક કામમાં તેમને આગ્રહપૂર્વક સાથે રાખવા , તેમનાં માન-મર્યાદા સચવાય તેવો વ્યવહાર કરવો એવી નીતિ રાખવાને પરિણામે વખત જતાં તેઓને ભૂલ સમજાઈ. દુર્ભાવ દૂર થયો. સુલેહ સધાયો. જીવ રાજકારણીનો નહીં , પણ ધર્મ ગણી જરૂરી હોદ્દાઓ સ્વીકાર્યા. હેતુ સિદ્ધ થતાં હોદ્દા ઉપરથી સહજ રીતે ખસી પણ ગયો.

મારે કહેવું જોઈએ કે ચોસલાનાં આ ગામાયત કામો કરવામાં આજે સ્મૃતિશેષ બની ગયેલા મનુભાઈ પચોળી , દલસુખભાઈ ગોધાણી અને અણિડાના લક્ષ્મણભાઈ ગોટીના માર્ગદર્શન અને વખતોવખતની મળ્યા કરતી હૂંફે કાયમ નઠારાં તત્વો સામે ઝઝૂમવાનું બળ પૂરું પાડ્યું છે. અને સ્થાનિક લેવલે મારા સહાધ્યાયી શંભુભાઈ ગોટી તથા ગામમાંથી લખમણભાઈ વાલાણી, ગોરધનભાઈ ડુંગરાણી , જીવણદાનભાઈ તથા ગાંડાભાઈ હરિજન , હરજીભાઈ ભટ્ટી જેવાનો સાથ સહકાર ના મળ્યો હોત તો હું એકલો શું કરી શકવાનો હતો ?

કાળુભાર ડેમ થતાં ચોસલા ગામ ડૂબમાં ગયું. અમારા પરિવારનો વસવાટ માલપરામાં થયો.

### વાત્સલ્યધામના ટ્રસ્ટીમંડળમાં જોડાયો

માલપરામાં વસવાટ કર્યા પછી માટલિયાભાઈ અને બીજા કેટલાક વડીલોના આગ્રહથી વાત્સલ્યધામના ટ્રસ્ટી મંડળમાં જોડાયો. મગનભાઈ જોષી અમેરિકા ગયા ત્યારે પાંચ વર્ષ મૅનેજિંગ ટ્રસ્ટી તરીકેનું કામ સંભાળવું પડ્યું. શિક્ષણમાં રસ ખરો , પણ એના પ્રત્યેની તત્પરતા અને અનુભવ મર્યાદિત. છતાં મારા ભાગે આવતાં કામો નિષ્ઠાપૂર્વક કરતો. ખેતી ધીંગી , એકલપંડે તાણ્યો પંથ પડે ! ખેતી વિષયક અનેક પ્રવૃત્તિઓમાં સંકળાયેલો. એટલે મૅનેજિંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારીમાંથી મુક્ત કરવાની વિનંતી કરતો. મારી મુશ્કેલીઓ ટ્રસ્ટીઓને ગળે ઉતરાવી શક્યો. સસ્થાના જૂના કાર્યકર્તા , અણિશુદ્ધ વહીવટના આગ્રહી દેવરાજભાઈ મોરડિયાએ આ કાર્યભાર સંભાળી મને નચિંત કર્યો. પણ આ નિર્ણય થયો તે જ બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ તરીકેની જવાબદારી ટ્રસ્ટે મારે માથે મૂકી.

દસેક વરસ વીત્યાં ત્યાં દેવરાજભાઈ મોરડિયાનું નિધન થતાં ટ્રસ્ટનીમૅનેજિંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી ફરી મારેમાથે આવી પડી છે.

સંસ્થાનું આર્થિક પાસું સદ્ધર નહોતું તેથી સંસ્થામાં કેટલીક અનિવાર્ય એવી શૈક્ષણિક સુવિધાઓની જરૂરિયાત હોઈ બહારથી દાન-સખાવત માટેના પ્રયત્નો કરવાનું નક્કી થયું. સંસ્થાના વડીલ ટ્રસ્ટી દલસુખભાઈ ગોધાણી અને બધા જ ટ્રસ્ટીઓના સબળ પ્રયત્નો દ્વારા એ ધ્યેય સિદ્ધ થયું. વાત્સલ્યધામના કૅમ્પસ પર વર્ગખંડો , કાર્યકર્તાનિવાસ, કમ્પ્યુટર હૉલ , લાઈબ્રેરી, વિજ્ઞાન ભવન, જળપરબડી તથા વોટર કૂલરો, બહેનો માટેનું અલગ સંકુલ તથા આસપાસનાં ગામડાંઓમાંથી દીકરીઓને લાવવા-લઈ જવા માટે એક બસ-જેવી સ્થાયી અને કાયમી વ્યવસ્થા ઊભી કરી શકાઈ છે. તથા અન્ય જરૂરી સુવિધાઓ ઊભી કરવાના પ્રયત્નો ચાલુ છે.

સંસ્થા પાસેની ખેતીલાયક જમીનમાં વિશેષ ધ્યાન આપી ખેતી કરાય છે. વરસો સારાં-માઠાં આવ્યાં કરે , છતાં એમાંથી ઠીક ઠીક આવક મળતી રહે છે. જેમાંથી ખેતી વિકાસનાં રોકાણ ઉપરાંત એકદમ ઓછા લવાજમથી ભણતાં બાળકોના રસોડામાં પડતી ઘટ, ટ્રસ્ટ તરફથી રોકવા પડતા કાર્યકર્તાઓનાં વેતન , અને શાળા જરૂરિયાતના ચાલુ [રનીંગ] ખર્ચાઓ તથા કેટલીક મોટી અસ્ક્યામતના બાંધકામમાં ઉમેરણ અર્થે કરવી પડતી જોગવાઈ- બધાનું એમાંથી ગોઠવાઈ રહે છે. ધોરણ 9 , 10 , 11 અને 12માં અઢીસો આસાપાસની સંખ્યાથી શાળા ધમધમી રહી છે , અને બાળકો ખૂબ સારાં પરિણામ સાથે કેળવણી મેળવી રહ્યાં છે.

## પંચવટી બાગની ખેતી

અમારી વાડીને વાયેબલ યુનિટ બનાવવા અમે આધુનિક ખેતી વિજ્ઞાનની ભેર લેવાનું વિચાર્યું અને એ દિશામાં કરેલા પ્રયત્નોની થોડી વાત.

આંખ-કાન ખુલ્લાં રાખી, જ્યાંથી મળે ત્યાંથી નવી વાત, નવી પદ્ધતિ, નવું બિયારણ, નવા નુસખા શોધી શોધી અમારી વાડી પર પ્રયોગો હાથ ધર્યા અને ખેતીમાં રોજબરોજ સામે આવતી રહેતી સમસ્યાઓના અમારી કોઠાસૂઝ અને હૈયાઉકલતથી ઉકેલો શોધતા રહ્યા. અને ફળદાયી પરિણામ મેળવતા રહ્યા. એની થોડીક ક્રમશઃ વાત કરું તો....

### ખેતર મટાડી વાડી બનાવી – નેવાનાં પાણી મોભારે!

પહેલો સ્પર્શ કર્યો આવકના પાસાને. આટલી બધી જમીન અને ઉત્પાદન બસ આટલું જ ? પાક ઉત્પાદનના વર્ગો ભરવામાં લોકભારતીના પ્રાધ્યાપક ગાલાભાઈ પાસેથી પિયતના લાભો જાણ્યા હતા. ભણેલી વાતોને વ્યવહારમાં મૂકવાનો મોકો ઝડપી લેવા વિચાર્યું. આવતી સિઝન પહેલાં ખેતરમાં પિયતની સગવડ કર્યે પાર ! ઘડીભર થયું , કૂવો ખોદાવશું ? પણ નીચે તળમાં કાળમીંઢ પથ્થર. કામ કઠણ , લાંબુ અને પાણી થવાની અનિશ્ચિતતાવાળું. કૂવાની ધમાલમાં ચોક્કસ મોસમ ચૂકાઈ જવાય. મન કૂવાની અવેજી શોધવા લાગ્યું.

ખેતરના નીચલા શેઢે જ કાળુભાર નદી. તે દિવસોમાં બારેમાસ અખંડ વહે. નદીમાં જ એન્જિન મૂકી ખેતરને પાણી પીતું કરવા મન અધીરું બન્યું. નદી ખૂબ નીચાણમાં. પડું હતું ખૂબ ઊંચું. નેવાનાં પાણી મોભારે ચડાવવાનાં. પૂછતાં પંડિત થવાય. ઉપાય જડ્યો. ભૂગર્ભમાં સિમેન્ટ પાઈપ નાખી શકાય. તે વખતે એવા ઉપાયનું પ્રચલન નહોતું. પાઈપ બનાવનારા ભાગ્યેજ મળતા. પહોંચ્યો બોટાદ. એક રૂપિયાની એક ફૂટ એવી થોડીક પાઈપ લાવ્યો. તેની ટૅકનિક પણ જાણતો આવ્યો. ખેતરના કાંઠે રેતી અને પાણી તો હતાં જ ! જાતે બે હજાર ફૂટ પાઈપ બનાવી. અમારા પરિશ્રમે જવાબ આપ્યો. નદીનો સીધો પ્રવાહ , વાયા પાઈપલાઈન, અમારા આખા ખેતરમાં પહોંચી ગયો. પડું બધું હવે ‘ખેતર’ મટી ‘વાડી’ બની ગયું. ઉત્પાદન અચંબો પમાડે તેવું જોરુકું લીધું.

### જમીનનો ઢાળ માર્યો

હવે હું કોંટામાં આવી ગયો. મારો આત્મવિશ્વાસ વધ્યો. ભણતરનું મહત્ત્વ સમજાયું. ઉત્પાદન વધારવાની ચટપટી બરાબરની ! જમીનશાસ્ત્રમાં જમીનનો ઢાળ અને કંટુરનું

ભણેલા તે યાદ આવ્યું. લાંબા ચાસનું વાવેતર બંધ કરી , વચ્ચે વચ્ચે પાળા નાખી બ્લૉક બનાવી દીધા. બધાને કેનીથી સમતળ કર્યાં- પાણી હડી કાઢીને નહીં, ધક્કે ચાલે તેવાં. થોડી જમીન ભલે કન્ટુરપાળામાં રોકાઈ, પણ પાણી બધી જમીનમાં એકસરખું પચવા માંડ્યું.

**નવાં બીજ દાખલ કર્યાં**

શ્રી રતિભાઈ અંધારિયા 'ફૂલછાબ'માં 'ખેડ,ખાતર ને પાણી ' કૉલમ લખતા. હું નિયમિત તેનો વાચક. બીજાં પણ કૃષિ વિષયક સામયિકો જોઈ જતો. નવી જાત, નવી વાત વિશે જાણું તો પ્રયોગશીલ મન કામે લાગી જાય. કપાસ અને બાજરામાં હવે સંકર જાતો આવી રહી હતી. તાલુકા પંચાયતમાં જઈ, ખેતી વિસ્તરણ અધિકારીને મળ્યો. તેણે જિલ્લામાં મોકલ્યો. લોકભારતીના વિદ્યાર્થીના નાતે માંડ બે બે થેલી બીજ મેળવી શક્યો.

બન્ને પાકનાં બીજ તદ્દન નવાં. પણ અમને આધુનિક વિજ્ઞાનમાં પૂરી આસ્થા. કપાસ સંકર-4 છ ફૂટ બાય ત્રણ ફૂટના ગાળે ચોપ્યો. શરૂ શરૂમાં પડું ખાલી લાગે. આવું જ સંકર બાજરી સી.જે.-104ની બે થેલી વાવી બાબાપુરી બાજરાની બાજુમાં. હાઈબ્રીડ બાજરીની ઉંચાઈ માત્ર 4 ફૂટ અને ડૂંડીઓ નાની નાની ! બાબાપુરી તો , ઊંચી–પાઘડીવાળા વેવાઈ પણ ન દેખાય એટલો, પૂરો 7 ફૂટ , અને ડૂંડાં જોયાં હોય તો મોટા ધોકા જેવાં ! પણ અખતરાની ખરી ખબર ખળે પડી. બાબાપુરી બાજરા કરતાં હાઈબ્રીડ બાજરી બમણી ઊતરી !

કપાસે પણ એવો જ રંગ રાખ્યો ! કપાસ એટલો ઊંચો અને એવો ફાલ્યો કે એને નિરખવા પ્લોટની વચ્ચોવચ્ચ માંડવો [મેડો] નાખવો પડ્યો. તાલુકાભરના ખેડૂતોને વાડીએ આમંત્ર્યા. તાલુકા પ્રમુખ લક્ષ્મણભાઈ ગોટીએ તે દિવસે સભામાં કહેલું:"ખેતીમાં ભણતર કેવું અજવાળું પાથરી શકે , તેનો હીરજી ઉત્તમ નમૂનો છે. ખેડૂતોએ પોતાનાં બાળકોને આવું શિક્ષણ આપવું જોઈએ." વાડી આ વિસ્તારમાં આકર્ષણનું કેંદ્ર બની ગઈ.

અમારો ઉત્સાહ વધતો ગયો. રવી સિઝનમાં લોકભારતીમાં શોધાયેલ લોક-1 ઘઉંનું ક્રાંતિકારી બીજ વાવ્યું. સૌરાષ્ટ્ર માટે તદ્દન નવો કહેવાય તેવા પાક જીરુને પણ અમારી વાડીમાં સ્થાન આપ્યું. ઉત્પાદન વધતું રહ્યું. વાડીના મગફળીના પ્લોટને હરીફાઈમાં મૂક્યો. પ્લોટ જિલ્લા કક્ષાએ પ્રથમ આવ્યો. જિલ્લાના ખેતી અધિકારીઓ સાથે સંપર્ક વધ્યો. મારી કૃષિયાત્રાને હૂંફ અને પ્રેરણા મળ્યાં.

**જમીન એક શેઢે કરી**

મારા કાકાનું કુટુંબ જુદું થતાં બે જાતની મૂંઝવણ ઊભી થઈ. જમીન અરધી થઈ ગઈ અને ત્રણ ટુકડે થઈ ગઈ. મજૂરોનું કામ , સાંતીકામ, સંરક્ષણ બધાંમાં ઘસારો શરૂ થયો. મન હવે જમીન 'એક શેઢે' કરવા તલપાપડ થયું. એ ઇચ્છાને કુદરતે પાર પાડી. એક ટુકડાના અદલાબદલા, બીજામાં ઉમેરિયામણ રકમ અને ત્રીજો વેચાણ કરી, બાજુનો વેચાતો લઈ લીધો. ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. મૂળ જમીન કરતાં બદલામાં આવેલ જમીન હતી થોડી નબળી અને અસમતલ. કંઈ વાંધો નહીં ! માવજત કરી સુધારી લઈશું , પણ બધી જમીન એકશેઢે તો થઈ ગઈ !

### જમીન વધારી

મારી વાડીની પશ્ચિમ બાજુ અણિડાના ત્રણ ભાઈઓની જમીન. કાળુભાર પર ડેમ બંધાતા એમને આ જમીન પર આવવું કઠણ પડવા માંડ્યું. એમણે જમીન વેચવા કાઢી. ત્રણેની મળી 48 વીઘા જમીન. આ બધી જમીન ખરીદવી , કાંઈ ઓછા રૂપિયાએ તો ના જ થાય ! પણ કંઈક રોકડા ને કંઈક હપ્તે, પૈસા ભરાતા ગયા, અને ધીરે ધીરે પૂરતી જમીનના ધારક થઈ ગયા. પોરહ વધતો ચાલ્યો. વચલા શેઢા કાઢી નાખ્યા.આખી વાડી ફરતી વાડ કરી. રસ્તાઓનું આયોજન કર્યું. કહોને, રળવાની મજા આવે તેવું ગોઠવાયું.

### વરસાદની અનિયમિતતા પજવે

વરસ પછી વરસ પસાર થવા માંડ્યાં. ક્યારેક સારું, ક્યારેક મોળું, ક્યારેક વળી સાવ નબળાં વરસો આવ્યાં કરે. વરસાદ કંઈ ખેડૂતના હાર્યાદોર્યામાં થોડો રહે ? મોસમી પાકોમાં વરસાદની વધ-ઘટ ને વહેલા-મોડાની બહુ માઠી અસર પડે. ખેડૂતનું ધાર્યું કંઈ થાય નહીં. ક્યારેક તો થયેલું ધૂળધાણી કરે.

અભ્યાસ દરમિયાન ખેડૂતોનાં બગીચા અને વાડીઓ જોઈ હતી. બાગાયત વિષયમાં પ્રમોદભાઈ પંડિત અને ઇસ્માઈલદાદા પાસેથી કેટલાંક ફળપાકો અને વૃક્ષો વિશે અભ્યાસ કર્યો હતો. વરસાદની અનિયમિતતામાં ધક ઝીલી શકે , આવકની સલામતી બક્ષી શકે એ દૃષ્ટિએ ખેતીમાં વૃક્ષોને ભાગીદાર બનાવવાનો નિર્ણય કર્યો. બાગાયતનો હું પહેલેથી પક્ષપાતી. વિદ્યાર્થી અવસ્થાના એક પ્રસંગમાં આપને લઈ જાઉં.

### આને 'કલમ' કહેવી કે કહેવો 'ઈલમ'?

વેકેશનમાં મારી વાડીની વાડમાં મથામણ કરતો જોઈ શેઢાપાડોશી પોપટલાલ પૂછે: "શું કરે છે હીરજી ?"

"દેશી બોરડીના પીલા પર મોટાં બોરની બોરડીની આંખ ચડાવું છું."

“કંઈ સમજાય એવું બોલને ! શું દેશી બોરડી કાણી હોય ?”

“હા, કાણી નહીં , આંધળી જ હોય ! જો આંખ લાગી જાય તો તમને આ દેશી બોરડીનાં થડિયાં પર ઓણને ઓણ મોટાં બોર ચખાડું.”

“શું વાત કરે છે તું ? તો તો આ ‘કલમ’ નહીં,‘ઈલમ’ થયો કહેવાય ! આ જાદુ અમને ન શીખવે ?”

મારે આ જ જોઈતું હતું. વિદ્યા વિસ્તારમાં શીખ્યો જ હતો કે કોઈ પણ નવી વાત કહેવાથી સમજાય એના કરતાં નજરે જોવાથી વધુ સારી રીતે સમજાય. ગામ આખાના જુવાનિયાઓને કલમનો કસબ શીખવાડ્યો. વાડીએ વાડીએ મોટાં બોરના કોથળા ભરાવા લાગ્યા.

**દ્રાક્ષ ઉગાડી**

ઇસ્માઇલદાદાએ લોકભારતીમાં દ્રાક્ષ વાવેલી. તેનાં સરસ પરિણામો જોયેલાં. મેં પણ મારી વાડીમાં દ્રાક્ષ લગાડી. અનાબેશાહી , કંદહારી , સીલેક્સન-7 અને થોમસન સીડલેસ. સિમેન્ટનાં ફાઉન્ડેશન ભરી, લોખંડના થાંભલા સાથે તાર બાંધી પાકો મંડપ બનાવ્યો. ત્રીજા જ વરસે દ્રાક્ષ ફાલથી લચી પડી.ઇસ્માઇલદાદા વાડીએ આવ્યા , લૂમેઝૂમે દ્રાક્ષવેલીઓ નિહાળી ખૂબ હરખાયા. પાકી દ્રાક્ષ બે બહેનોનાં લગ્ન વખતે જાનૈયાઓને હોંશે હોંશે પીરસી. ‘આમની આ વાડીમાં કાંક નવું હોય’ એવી વાત બધેય ફેલાણી.

## ખેત ઉત્પાદનમાં વૃક્ષોની ભાગીદારી



**વૃક્ષોની વચ્ચે કૃષિ કપલ-**

અમારો વિસ્તાર બાગાયત વિહોણો. પંખીની ચાંચ , ચોરની દાઢ અને મજૂર-બજારની અગવડ વેઠવી ન પડે તેવા પાક- લીંબુ –ચીકુને પહેલાં નોતર્યાં. પછી માફકસરની માવજતે ઉત્પાદન આપી જાણે એવાં બોર , જામફળ, સીતાફળ, આમળાં અને ગણેશ દાડમ ઊછેર્યાં. શેઢે અને રસ્તાની ધારે લગાડ્યાં ખલેલાં અને ગુંદાં. 60 વીઘામાં ઝાડ ઉછેરવાની એવી મહેનત લીધી કે જોતજોતામાં સૌ મંડી ગયા ઉત્પાદનની તૈયારી કરવા ! મન મંડ્યું પોરહાવા ! આવતી સિઝનમાં ફળો ભરેલી આખી ટ્રક વાડીએથી પૅક થઈ સમજોને !

**કુદરતના રિસામણાં**

પણ કુદરતને આ મંજૂર નહોતું. 1985-'86 અને '87ના ઉપરા ઉપરીના ખાબક્યા ત્રણ દુષ્કાળ ! કૂવાનાં પાણી ડૂક્યાં. તળ તોડાવ્યાં, આડા-ઊભા દાર કરાવ્યા પણ પાણી ન વધ્યું. કુદરતનાં રિસામણાં સામે માનવી શું કરી શકે ? માત્ર પોણો કલાકનું પાણી , અને સામે 60 વીઘામાં 4000 ઝાડવાં ! ક્યુ ઝાડ શેનું છે તેયે ન પરખાય તેવાં પાન વિહોણાં નર્યાં હાડપિંજરો ! તેમના "પાણી""પાણી" ના પોકારો વચ્ચે ઊભેલો હું , તદ્દન અવાક, અસહાય ! એ દૃશ્ય આજેય રૂંવાડાં ઊભાં કરી દે છે.

મૂંઝાયે પાર આવે એવું નહોતું. મરતું ઊંટ મારવાડ તરફ જુએ , તેમ હું લોકભારતી પહોંચ્યો. ત્યાં આંબા-નાળિયેરીનાં ખામણાંમાં પ્લાસ્ટિક ઢાંકવાનું કામ શરૂ હતું. પણ આ તો હતી સંસ્થા. આવા ખર્ચા સંસ્થાને પોસાય. પ્રયોગભૂમિ તરીકે તેને કેટલીક અનુકૂળતા સાંપડી રહે. હું તો હતો ખેડૂત.આવું ખર્ચ કરવું ક્યાંથી ? પણ આ જોયા પછી ભેજને કોઈ પણ રીતે ઊડી જતો અટકાવવાના ઉપાયોની જાડી વાત પકડી. વાડીની આડપેદાશો-ઘઉંનું કુંવળ , બાજરાનાં ઢૂંહાં , ડાંગરનું પરાળ , તલહરાં , સાંઠીનો ભૂકો , સૂકાં પાંદડાં વગેરે ખામણાંમાં પાથર્યાં. પણ નીચેથી ઊડે એવું કશું બચ્યું જ નહોતું. શું ઊડે ?

**ભાંગ્યાનો ભેરુ બની 'ટપક પદ્ધતિ'**



મૂળ વિસ્તારમાં માટલાં દાટી , તેમાં પાણી ભરી જોયાં. પણ ખાસ જામ્યું નહીં. ડ્રીપ ઈરિગેશનની વાત જાણી. તેને લગતી માહિતી એકઠી કરી. કંપનીના ડિલરને વાડીએ રૂબરૂ બોલાવી સર્વે કરાવ્યો. તેમણે અંદાજ આપ્યો "સવા લાખ રૂપિયા થશે." આંકડો સાંભળી મન મોળું પડી ગયું. આટલી મોટી રકમ , એનું વ્યાજ કેટલું થાય ? અને આ ડ્રિપ-ઈલમ ન હાલ્યો તો ? તો તો ગોઠણભેર જ થઈ જઈએ ને ?

પણ વાડીએ આવીએ અને ઝાડ સામું જોઈએ ત્યાં મન ચકરાવે ચડે ,'આ ઝાડવાં મરી જશે હો !' ઘડીક આ છાબડું નમે, ઘડીક પેલું નમે ! બે દિવસના મનોમંથન પછી નક્કી કર્યું –સાહસ કરવું, કોઈ પણ ઉપાયે ઝાડવાં જીવાડવાં. ગામની મંડળી, અને જિલ્લા સહકારી બૅંક

અને બૅંકના વડા શ્રી જયવંતસિંહભાઈ જાડેજાની ત્વરિત મદદે ભેર કરી. લોન મળી. વાડીએ વીજ-જોડાણ નહોતું. ઓઈલ એંન્જિનના સહારે જ સાઈઠે વીઘામાં પથરાયેલી ડ્રીપ દ્વારા પાણી પીરસાયું.અને માત્ર પોણા કલાકના પાણીથી , કહો ને દસમા જ ભાગના પાણીથી 60 વીઘાનો મરતો બાગ બચી ગયો ! "ડ્રીપસિસ્ટમ" શું ચીજ છે તેનું મહત્ત્વ જોનાર લોકોને પણ સમજાયું.

આ પદ્ધતિનો ચમત્કાર જ એવો કે ત્રીજા ભાગના પાણીથી પાક પૂરો સંતોષ અનુભવે , વિકસે અને ફૂલે-ફળે પણ વધારે. રોગજીવાંત ઓછાં લાગે. સંરક્ષણ સહેલું બને. મજૂરીનો બચાવ થાય. નિંદામણ ઓછું થાય. ખાતર મર્યાદિત વપરાય. સૌથી મોટી વાત તો એ કે પાણી જ જ્યારે સીમિત હોય ત્યારે આ સિસ્ટમ કાર્યક્ષમ રીતે પિરસી જાણે અને ખેડૂતોને અણધાર્યા ફાયદા અપાવે.

આને તો બાબરા ભૂતની ચોટલી જ કહેવાય ! વીજળી રાતે મળે કે દિવસે , કટકે મળે કે સળંગ, ન પાણી વાળવાની ઝંઝટ કે ન પિયતનો સમય ચૂકી જવાનો ભય ! મને તો ડ્રિપ એવી ફાવી ગઈ છે કે ચોવીસ વરસ થયાં , રસ્તો છોડ્યો નથી. રેળ-રેલાવીને પિયત દેવાની પદ્ધતિથી પાણી ક્યારેય વાપર્યું નથી. ભલેને કાંઠાનો કાળુભાર ડેમ આખો ડહેકા દેતો હોય ! પાકને પાણીની જરૂર છે ? તો પાઈએ તે બરાબર. પણ પાણી વધુ છે માટે ફાવેતેમ વાપરી નાખવું તે તો રાષ્ટ્રદ્રોહ કહેવાયને ! સોએ વીઘાની આખી વાડીમાં પાક ગમે તે હોય , છોડ હોય કે ઝાડ , 3થી માંડી 300 લિટર-જેની જેવી જરૂરિયાત. પાવાનું તો જોખી જોખીને , ટપકણિયાં દ્વારા જ. છતાં કોઈ ઝાડ-છોડની કશી રાવ-ફરિયાદ નથી સંભળાઈ.

અમારા આ સાહસની વાત ચોતરફ ફેલાઈ. મારા મિત્ર વીરજીભાઈ જસાણીએ ડ્રીપ બેસારવાનું કામ સંભાળેલું. વિઠ્ઠભાઈ, વલ્લભભાઈ મો. પટેલ, જીવરાજભાઈ સુતરિયા તેમજ ઘણા સરકારી અધિકારીઓ અમારા માર્ગદર્શક. આ પદ્ધતિનો વ્યાપ વધે તે હેતુથી બે વખત કૃષિતજજ્ઞોની ઉપસ્થિતિમાં 1000-1200 ખેડૂતોને વાડીએ નોતર્યાં. પંચવટી બાગ મુલાકાતીઓથી ધમધમતો થયો. વન વિભાગ , સિંચાઈ વિભાગ અને પર્યાવરણ ખાતાની અનેક શિબિરોને પંચવટી બાગે પ્લેટફોર્મ પૂરું પાડ્યા કર્યું છે. જિલ્લાના બાગાયત અને ખેતી વિભાગે વાડીની વનરાજિમાં અનેક ગોષ્ઠિ ગોઠવી છે.

## દર્શક વાડીએ આવ્યા




એક દિવસ લોકભારતીથી મનુભાઈની ચિઠ્ઠી આવી- "પ્રિય ભાઈ ભીંગરાડિયા, આવતી કાલે તમારી વાડીએ આવું છું. બપોરા વાડીએ સાથે જ કરશું. રોજનું જે જમતાં હો તે જમી લઈશું.સાથે ત્રણ ચાર જણા હશે..... લિ. મનુભાઈ."

જ્યારે જ્યારે મળવાનું થાય ત્યારે કાયમ વાડીના ખબર અંતર પૂછે. શું નવું કર્યું ? ઝીણી ઝીણી વિગતો જાણે. જાહેર વાતોમાં મારો નામોલ્લેખ કરી પ્રશંસે. એવા 'મનુભાઈ પોતે વાડીએ આવે છે' એવા સમાચાર મળે પછી હરખ ક્યાંય સમાય ખરો ?

બીજા ત્રણ શિક્ષકો અને વિજયાબા પણ સાથે આવ્યાં. બરાબર બોરની સિઝન ચાલુ. બોર ઉતારવાનું, વકલ પાડવાનું, પેકિંગ કરવાનું કામ નિહાળ્યું. આખી વાડીમાં ફર્યાં. કાચું-પાકું જે મળ્યું તે ચાખ્યું. વાંહો થાબડ્યો.

વિજયાબાથી ન રહેવાયું. કહે- "હીરજીનાં વખાણનું માપ રાખો , બહુ ચડાવો મા ! હું અહીં આવી ત્યારની જોયા કરું છું. આ કામ કરનારાં બધાંને પૂછી , જાણ્યું છે કે આ વાડીમાં તમારા પોઈરાની જેટલી મહેનત છે , તેનાથી સવાઈ મહેનત તેની ઘરવાળીની-મારી આ દીકરી ગોદાવરીની છે." મારી સામે જોઈ કહે- 'બોલ, તારું શું કહેવાનું છે ?"

"માડી, તમે સાવ સાચાં છો. તમારું કહ્યું મુદ્દલે ખોટું નથી."

જમતાં જમતાં મનુભાઈ કહે, "જમવાનું સરસ છે , પણ તમે ક્યારેય દાળ-ભાત નથી જમતાં ?" જમવામાં દાળ-ભાત નહોતાં એટલે સહેજે તેમનાથી પુછાઈ ગયું.

'જમીએ છીએને મનુભાઈ ! ક્યારેક નહીં , રોજે રોજ ડાળ-ભાત વિના અમને ન ફાવે ! પણ અન્યોની જેમ દાળભાત ભેગાં કરીને નહીં. ઉપર ડાળ , નીચે ભાત એમ નોખાં રાખી જમીએ છીએ." મનુભાઈ કહે, "હું કંઈ સમજ્યો નહીં."

"જુઓ મનુભાઈ ! સવારમાં સાથે લાવેલ રોટલા એ બપોરા માટેનું ભાત ગણાય.અને આ ઝાડની ઉપર રહી તે ડાળે એને ટીંગાડી દઈએ. અને બપોરે ડાળને છાંયે બેસીને જમીએ ભાત; અમારાં એવાં ડાળ-ભાત !"

"માળાં બેય અસ્સલ ડાળ–ભાત જેવાં જ છો" કહી હસવા માંડ્યા.

કાળુભારને કાંઠે તે દિવસે પંચવટી બાગ ધન્ય બની ગયો. આગલાં બધાં વરસોનો અમારો હિસાબ ઓડિટ થઈ ગયો. અમારો બધો થાક ઊતરી ગયો. આ મુલાકાત પછી તેમણે 'કોડિયું'માં ઉત્પાદકતા, બચત અને વિજ્ઞાનના સુમેળને વાસ્તવિક જીવન સાથે અમે જોડ્યાં છે, તેવું નોંધેલું.

એકવાર તેમના ઘેર વિજયામાડી સાથે શાકભાજીના બિયારણની કશીક આપ-લે કરી રહ્યો હતો. તે જોઈ તેમને કંઈક યાદ આવી ગયું."ભીંગરાડિયા ! તમે માલપરા જવા નીકળો ત્યારે બાલુભાઈ ગજેરા અને ભલાણીભાઈને મળીને જજો ! આપણા સંશોધન કેંદ્રમાં લોક-1 કરતાંયે શ્રેષ્ઠ જાતના સંશોધનનાં એંધાણ વરતાણાં છે , તે જાણતા જજો , અને હું બહારદેશ ગયેલો ત્યારે ત્યાંથી નવી જાતનાં સીતાફળનાં બીજ લાવેલો , બાલુભાઈએ થોડા રોપા ઉછેર્યા છે, બે-પાંચ રોપાઓ તમને આપશે , તેને કાળજીથી ઉછેરી , શું પરિણામ આવે છે તે મને કહેજો !" આમ તેમની પાસેથી ઘણું નવું પણ અમને મળ્યા કર્યું છે. મારી પ્રયોગશિલતા પર તેમને પૂરો ભરોસો હતો.

**નિરીક્ષણ દ્વારા લાધ્યું ઉત્તમ પરિણામ [દૂધીમાં અઢીગણું વધુ ઉત્પાદન]**

ધારૂકામાં બહેન શાંતુના ફળિયાંમાં ખૂબ ફેલાએલા તગડા દૂધીના વેલા પર ઘણી ઓછી લાગેલી દૂધી જોઈ મનમાં પ્રશ્ન ઊઠ્યો કે "આવડો મોટો વેલો, અને બે-પાંચ જ દૂધિયાં ? આનું કારણ શું ?" અને બસ, આ પ્રશ્ન મનમાં એવો ઘૂમરાવા માંડ્યો કે , જ્યાં ક્યાંય દૂધીનો વેલો ભાળું, ત્યાં વેલાની લંબાઈ, વેલાની ગાંઠો, એમાંથી નીકળતાં પાન, એની બગલમાંથી ખીલતાં ફૂલો અને એનું જુદાપણું-વગેરે બધું તપાસ્યા કરું.

સતત નિરીક્ષણ કરતા રહેવાથી ખ્યાલ આવ્યો કે , તૂરિયાં, ગલકાં, કારેલાંના વેલા કરતાં દૂધીના વેલામાં ફૂલો જુદી રીતે ખીલે છે. વળી જે નવી શાખા ફૂટે તેમાં શરૂઆતનાં થોડાં પાનની બગલમાંથી જ માદા ફૂલો ખીલે છે , અને પછીથી એકલાં નરફૂલો જ ખીલતાં

રહે છે. વેલો ગમે તેટલો લાંબો થાય છતાં વચ્ચે માદા ફૂલ ખીલતું જ નથી. તો પછી વધુ ફળો મળે એ માટે શું કરવું પડે ? અને વિચાર કરતાં કરતાં ઉપાય જડી ગયો !

આ માટે દૂધીનો વેલો ચારેક ફૂટનો થાય એટલે એની ડૂંખ મોરી લેવી. આથી વેલામાં નવી શાખાઓ ફૂટશે અને દરેક શાખા પર શરૂ શરૂમાં માદા ફૂલો ખીલતાં ભળાશે. હવે જ્યારે માદા ફૂલો પૂરાં થઈ , નર ફૂલો ખીલવા લાગે , અને બે-ત્રણ નરફૂલ ખીલી જાય એટલે આ શાખાઓની ડૂંખો પણ મોરી લેવી. આમ કરવાથી માદા ફૂલોમાંથી ફળ બની જાય કે તરત દરેક શાખાઓમાંથી પ્રશાખાઓ ફૂટવા માંડશે, અને એને પણ શરૂ શરૂમાં માદા ફૂલો ખીલતાં ભળાશે. આમ વેલાને બિન જરૂરી વાનસ્પતિક વિકાસમાંથી બચાવી-ઉત્પાદનમાં રૂપાંતરણ કરી શકાય છે.




**નિરીક્ષણ-ચિંતનનું પરિણામ : દૂધીનો મબલક પાક**

વળી પ્રશ્ન થયો કે “વેલા પાસેથી ફળો વધુ મેળવવાં હોય તો વેલો ખોરાક પણ વધુ મેળવી શકે તેવું કંઈક કરવું પડશે ને ?” તેનો ઉપાય જડ્યો કે “જેમ જેમ વેલો મોટો થતો જાય, તેમ તેમ વેલાની કોઈ કોઈ ગાંઠ પર પાવડોક માટી નાખી ઢગલી કરી દીધી હોય તો, વેલો ત્યાં જમીન ભીની રહેતી હોવાથી વડવાઈઓ મૂકી દેશે અને ખોરાક ચૂસી ચૂસી ઉપર મોકલવા માંડશે, વેલાને માત્ર એક જ મૂળ વિસ્તારને બદલે અનેક મૂળતંત્ર યુનીટો કાર્યરત થઈ જતાં, વેલાને લાગેલ ફળો પોષાવા લાગશે.” આ રીતે વરસોથી અમે તો વધુ ઉત્પાદન મેળવીએ છીએ. પણ કહેવું છે એ કે, માત્ર અમે જ નહીં પણ કેટલાય ખેડૂત મિત્રોએ પંચવટી બાગમાં નજરો નજર જોયું છે , કેટલીય વાડીઓમાં અમે જાતે જઈ તેના દૂધીપાકમાં આ

નુસ્ખો શિખવાડ્યો છે, અને સૌ એ પ્રમાણે અમલ કરી વધારાના કશા ખર્ચ વિના અઢીગણું વધારે ઉત્પાદન મેળવી રહ્યા છે.

**સાગના ખેતી-સાહસમાં થયા 'નાપાસ'**

"રૂપિયા 500-પાંચસો રોકો અને સાગના છોડ નોંધાવો , અને બાર-પંદર વરસે લાખો રૂપિયાનો ફાલ લણો ! " એવી સ્કીમો બહાર પડતી જોઈ ,ચાર-પાંચ મિત્રો અભ્યાસ કરવા ત્રણ જગ્યાએ જઈ આવ્યા , પણ એમાં બહુ ધ્યાન પડ્યું નહીં , એટલે બંધ રાખ્યું. પણ વળી વિચાર આવ્યો કે,'બીજા ભલે અન્યના પ્લાંટેશનમાં મૂડી રોકે , આપણે એવું નથી કરવું. પણ આપણે આપણી વાડીમાં જ અખતરો કર્યો હોય તો ?' અને ગુજરાતના ખેડૂતોના વાદે ચડી, કહોને ગાડરિયા પ્રવાહમાં ખેંચાઈને 25 વીઘા જમીનમાં સાગની ખેતી કરી. અમે નહોતી તપાસ કરી કે અમારી જમીનનો દળ કેટલો ઊંડો છે એની , કે નહોતું જોયું જમીન ગોરાડુ , ચીકણી કે કેવા પ્રકારની છે એવુંયે ! અરે , નહોતું વિચાર્યું કે સાગ જેવાં બહુવર્ષીય ઝાડવાંને આ નપાણિયા અને છાશવારે વરસાદનું માઠું પડે એવો દુકાળિયો વિસ્તાર ફાવશે કે નહીં એવુંયે, અને બીજાનો વદાડ કરી જે દુ:સાહસ કરેલું , એમાં અમે નાપાસ થયા. ન ફાવી પંચવટી બાગની નીચે ચીકાશવાળી જમીન સાગને કે ન આપી શક્યા ડ્રીપ દ્વારા પણ જરૂરી પિયત એને ! પરિણામ ? પરિણામે જોઈએ એવી જાડાઈ સાગ પકડતા નહોતા. 7-8 વરસ પછી રાંડ્યા પછી ડહાપણ આવ્યું કે "આપણે આપણી હાલ્ય છોડી , બીજાની હાલ્યે હાલવા ગયા, એમાં આ ભૂંડી દશા થઈ છે. " અને અમારે પંચવટી બાગમાંથી સાગનો વિદાય સમારંભ ગોઠવી, મૂળસમેત ઉખાડવા જેસીબી મૂકવું પડ્યું.

**મધમાખીઓએ વાડીનું "રખોપું" આદર્યું**

વાડીમાં ખેતીપાકોનો કોઈ પાર નહોતો. અનાજ , કઠોળ, તેલીબિયાં, શાકભાજી, લીલો ચારો અને ફળાફળાદિના પાકો ઉપરાંત ઈમારતી અને દેશી ફળનાં પણ અનેક વૃક્ષોનો વસવાટ થઈ ગયો હોવાથી અનેક જાતનાં ફૂલોની હાજરી કાયમ રહેતી હોવાથી મધમાખીઓએ કેટલીય જગ્યાએ પૂડા બનાવી વસવાટ શરૂ કરી વાળ્યો હતો. પણ શોખને ખાતર એવું થયું કે "લાવોને આપણે ક્યાંકથી પાલતુ મધમાખીઓ લાવીએ ! " શારદાગ્રામ જઈ, એની દેખરેખ અને માવજત અંગેની વિગતો જાણી , અને 'એપિસઇંડિકા' જાતની મધમાખીની બે પેટી ખરીદી લાવ્યા.વાડી મધમાખીઓને ખૂબ ગમી ગઈ. ધીરે ધીરે બે માથી 7 પેટી સુધી વિસ્તરણ થયું. પંચવટી બાગમાં અજમાવેલ નવો નુસ્ખો જોવા-સમજવા બહુ બધા લોકો આતુર હોય છે. વાત વાયુવેગે આસપાસની વાડીઓ અને વિસ્તારમાં પહોંચી

ગઈ. અમારે તો આગંતુકોને મધમાખીઓના પ્રકાર , મધપૂડામાં રાણીમાખી ,નરમાખી, અને સ્વયંસેવક માખી દરેકને પેટી ખોલી ઓળખાવવી , તેના દરેકને વિશે વાતો કરવી , મધમાખીઓથી વાડીમાં થતા ફલીકરણના લાભો સમજાવવા વગેરેનું એક વધારાનું કામ થઈ પડ્યું. પણ એ બહાનેય લોકો વાડી પર આવે છે ને ? અહીં આવશે તો વાડીમાંથી કંઈક નવું નજરે જોશે, કંઈક એકાદી નવી વાત સાંભળશે , તો થોડીક તો વ્યવહારમાં મૂકશે ને ? એ લોભે આવનારને આવકારતા અને માત્ર મધમાખીઓ વિશે જ નહીં , પણ ખેતીની અન્ય જરૂરી વાતો પણ કરતાં. મધમાખીઓના સ્વભાવની વાત કરતાં કરતાં એક એવી વાત પણ સહજ રીતે થતી કે "આમાં જે સયંસેવક માખી હોય છે તે જ મીણ બનાવી પૂડો બનાવે , ભીની માટી, ફૂલો વગેરેમાંથી કાચો માલ લાવી મધ બનાવે , મધના ખાનાને ભારાઈ ગયા પછી સીલ કરે. અરે ! આખી વસાહતનું રક્ષણ પણ તે જ કરે છે. અગત્યની વાત તો એ છે , કે એને વહેમ પડી જાય કે 'अ व्यक्ति' આપણી વસાહતનો દુશ્મન છે , તો તે તેની પાછળ પડે છે, અને પાંચ કિલોમિટર સુધી પીછો છોડતી નથી. એક માખી ડંશ દે એટલે એવી ગંધ છોડે છે કે તે પછી ઘણી બધી માખીઓ ભાગનારને વળગી પડે છે."

આ બધી વિગતની જાણ કેટલાક અસાગરા [રંજાડ કરનારા] માણસોને થતાં એના મનમાં એક ધાક એવી બેસી ગઈ કે "પંચવટીબાગમાં ચાળો કરવા જવાય નહીં , ત્યાં તો વાડીનું રખોપું કરવા મોટા મધની માખીઓ પાળી છે , જે પાંચ કિલોમિટર સુધી કેડો મૂકતી નથી !" અમારું તો કામ થઈ ગયું ! મધ મળ્યું , વાડીમાં ફલિનીકરણ સુધર્યું અને વાડીમાં અસો મટ્યો એ લટકામાં !

**સજીવ ખેતીની કરી શરૂઆત** : ખેતીના મહત્તમ ઉત્પાદનની લ્હાયમાં નવી જાતનાં બિયારણો, ભાતભાતનાં રાસાયણિક ખાતરો અને ઝેરિલી જંતુનાશક દવાઓના હદબહારના વપરાશ છતાં આવક થાય કમ અને ખર્ચ આવે વધુ. છેડામેળ કરવો કેમ ? રસ્તો કંઈક ભૂલ ભરેલો-અવળો પકડાઈ ગયો હોય એવું લાગતાં શ્રી કપિલભાઈ શાહ[જતન ટ્રસ્ટ-વડોદરા]ના માર્ગદર્શન નીચે નવી તરાહની ખેતી-સજીવ ખેતી પદ્ધતિનો પ્રયોગ આરંભ્યો. શરૂઆત કરી ફળપાકોમાં. રાસાયણિક ખાતર, ઊંડા દાર-બોરનાં નબળાં પાણી અને ઝેરિલી પેસ્ટીસાઈડ્ઝ કર્યાં બંધ. બોરડી, દાડમી અને જામફળી જેવાં મીઠાં ફળઝાડો તો સંરક્ષણ બાબતે ઢીલાં હોવાથી ફસકી ગયાં. અમે તેને વાડીમાંથી રજા આપી દીધી અને લીંબુડી , ચીકુડી, આમળી, આંબલી, ગુંદા ,. ખલેલી , સરગવા જેવાં કઠણ ઝાડોને ચાલુ રાખ્યાં. ફળપાકોમાં સફળતા જોયા પછી આખી વાડીના તમામ પાકોને સજીવખેતી પદ્ધતિને ચરણે મૂક્યા.

**ચૂસિયા જીવાતોએ મચાવ્યો કાળો કેર !** 2002ની સાલ. અમે નક્કી કરી વાળેલું કે આપણી વાડીમાં હવે આ વરસથી મોલાતોમાં રાસાયણિક ખાતર અને ઝેરીલી પેસ્ટીસાઈડ્ઝ કરી દેવાના છે નેવકા બંધ ! અને માળું બન્યું એવું કે વાડીમાં "બીટી" કપાસ વાવેલો ,એટલે ઈયળોની તો બીક નહોતી જ ! પણ કપાસ ઊગીને ગોઠણ સમાણો થયો અને ચૂસિયાનો હુમલો આવ્યો ખરાખરનો ! કપાસનાં પાંદડાં બધાં થઈ જાવા માંડ્યાં લાલ.વાડીના મજૂર-ભાગિયા માંડ્યા કકળાટ કરવા કે "તમે આવા બધા 'દવા નહીં છાંટવાના વ્રત લીધા કરો એમાં અમારે શું સમજવું ? જો કપાસ દર્દે ભેળાઈ જાય તો અમારી તો મજૂરી ડૂલ થાય ને ?" એની વાતેય સાચી હતી. "તમે મૂંઝાવ મા , હું તમારી બધાની'હાજરી' ભરી દઈશ , તમને માથે નહીં પડવા દઉં," કહી સમજાવ્યા કરું, પણ એમના મનનું સમાધાન થાય નહીં. અને માળું ચૂસિયાનો એટેક પણ એવો જોરદાર કે કપાસનાં પાંદડાં બધાં લાલ થઈ એવાં બરડ થઈ જવા માંડ્યાં કે દબાવતાં પાપડ ભાંગે એમ ભાંગી જાય ! મજૂર-ભાગિયાનો કકળાટ વધતો ચાલ્યો. હું મૂંઝાયો. ઘરવાળીને કહ્યા કરું, "શું કરશું , વાડીએ ગયા ભેળા ભાગિયા-મજૂરો માથું ખાય છે. એનો કકળાટ હવે સહ્યો જતો નથી , દવા લાવી દઈશું ?" તો મને કહે,"તમે આમ ઢીલા કાં પડો ! આપણે એકવાર નક્કી કર્યું છે કે 'આવા દવા-ખાતર બંધ કરવાં છે,' તો પછી એનો પૂરો તારેજો લીધા વિના વચ્ચે થોડું છોડી દેવાય ? તમે એક કામ કરો ! આપણા ભાઈઓ અને છોકરાંઓ પાસે એક આંટો જઈ આવો. મજૂર-ભાગિયાને હું સંભાળી લઈશ , તેને સમજાવવાની મહેનત હું કરીશ , તમે બેફીકર રહો ! " અને હું તો સાચેસાચ અમદાવાદ અને સુરત જવા નીકળી ગયો. સાંજ પડે અને ઘેર રહેલી દૂઝણી ગાયો માટે લીલી નીરણ નાખવા વાડીએથી માણસો આવે અને પૂછપરછ કરે કે "બહેન ! ભાઈ ક્યાં ? કપાસ માટે દવા જોવે છે ." તો મીઠપથી કહે ," ભલા માણહ ! બે દી ' નહીં ખમાય ? તમારા ભાઈ અમદાવાદ અને સુરત દિમના ગયા છે , અને મને કહેતા ગયા છે કે સારામાં સારી દવા લઈને જ આવીશ. " એમ સમજાવટ કરતાં કરતાં છ દિવસ નીકળી ગયા. સાતમે દિવસે ગોદાવરીનો ફોન આવ્યો કે "હવે વહ્યા આવો ! ગઈ સાંજે ભાગિયા એમ કહેતા હતા કે બહેન ! કાંક્ય ચત્કાર થયો છે-કપાસના છોડવાના માથે કુણાં લીલાં પાંદડાં આવી ગયાં છે, હવે વાંધો નહીં !" અને સાચ્ચે જ મેં વાડીએ આવી તપાસ કરી તો વાત સાચી હતી- સમય મળવાથી પ્રકૃતિએ એનું કામ કર્યું હતું. કપાસના છોડવામાં ચૂસિયા સામે ધક ઝીલવાની તાકાત આપમેળે આવી ગયેલી નજરો નજર નિહાળી. એ વખતે કરેલા નિર્ણયમાં ટકી રહેવાનું બળ –ભાંગ્યાનો ભેરુ બની મને ગોદાવરીએ પૂરું પાડ્યું.

## પત્ની તરફથી કાયમનો સધિયારો

અને ખેતીમાં તો એવું ઘણીવાર બનતું રહ્યું છે કે બધી વખતે આપણે ધાર્યું હોય એવું બધું થયું ન હોય !. ક્યારેક કુદરતી સવા-કવા , વરસાદ વધુ-ઘટુ વરસે , ક્યારેક તળમાં પાણી ખૂટી જાય , પાકમાં જીવાત લાગી જાય , ગાય-બળદ જેવું જાનવર માંદુ થઈને કે જીવડું કરડવાથી ફાટી પડે , ખેતી ઢોર વગરની ને છોકરાં છાશ વગરનાં થઈ પડે , ઓઘા-ગંજી સળગી જાય, કોઈ ખળામાંથી તૈયાર માલ ચોરી જાય કે પાકને હીમ લાગી જાય , અરે ! વાવાઝોડું ખાબકે અને ઘડીના છઠ્ઠા ભાગમાં વાડીમાં બધું હતું-નહોતું કરી મેલે-જેવા આકસ્મિક અને અણધાર્યા કુદરતી અકસ્માતના ઓચિંતાના આવી પડવામાં જ્યારે લમણે હાથ દઈ, ઢીલાઢફ થઈ, બેસી જવાયું હોય ત્યારે પાસે આવી , હિંમતનાં બે વેણ કહી "થયા કરે, મરદ જેવા મરદ થઈને આમ મૂંઝાણે પાર આવશે ? ભડ થઈને ભાંગી ગયા ? બધું થઈ રહેશે. એકમાં નુકસાન ગયું તો બીજામાં એનો એ લાભ દઈ રહેશે. તમે શીદ મૂંઝાઓ છો ? હું છું ને તમારી પડખે ! " આવી હિંમતતો ઈશ્વરમાં જેને ભારોભાર શ્રદ્ધા હોય તે સ્ત્રી જ આપી શકે ને ? ગોદાવરીની આવી હિંમત અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાએ અમને આવેલી મુશ્કેલીઓમાં કાયમ બળ પૂર્યા કર્યું છે.

### શરૂ કર્યા નવતર કાર્યકમો

<u>**પોષણ મુદ્દે :**</u> વાડીનો ખેતકચરો સળગાવવાની સખ્ત મનાઈ. પાળેલી ગાયોની સંખ્યામાં વધારો કરી ઢોરવાડા બનાવ્યા. કંપોસ્ટ ખાતર ગાડાંમોઢે બનવા માંડ્યું. શેડ ઊભો કરી અળસિયાં પાળ્યાં.વર્મીકંપોસ્ટ તૈયાર થવા લાગ્યું.અખાદ્ય ખોળ , કૂકડા ચરક , બોનમીલ જેવાનું ઊમેરણ શરૂ કર્યું. પાકની ફેરબદલી , મિશ્રપાક પદ્ધતિ, લીલો પડવાસ અને કઠોળના વાવેતરને પ્રાધાન્ય આપ્યું. જૈવિક કલ્ચરનો ઉપયોગ આદર્યો. રસોઈ માટેની ઊર્જા , અજવાળું અને ઉત્તમ રબડી સ્વરૂપે સેંદ્રીય ખાતર–થ્રી ઈન વન, ગોબરગૅસ-ખાતર પ્લાંટ તો છેલ્લા 32 વર્ષથી ચાલુ હતો જ. ખેતીપાકની ખોરાકી જરૂરિયાતે સંતોષ દેખાયો.

<u>**મીઠાપાણીના પિયત મુદ્દે :**</u> વરસોના અનુભવે પાકને "પાણી"ની નહીં,"ભેજ"ની જરૂર હોય છે એ વાત સમજાઈ હતી. અને એ માટે વરસાદી પાણીનો પૂરો લાભ લેવા માટે એને વાડીમાં જ રોકી રાખવા કંટુરપાળા , આડા ઢાળે ખેડ અને વાવેતર , તથા નીચલા શેઢે તલાવડી બનાવી. સંગ્રહાયેલાં પાણીના વિવેકસભર ઉપયોગ અર્થે "ટપક પદ્ધતિ " તો હતી જ ! ઉપરાંત ઝાડવાંના ખામણાંમાં ટપકણિયે ટપકણિયે રેતીનું મલ્ચિંગ આદર્યું. આ પંચવટી

બાગમાં રોજિંદો ક્રમ બની ગયો. અરે, અઢીસો ફૂટથી ઊંડા-નબળાં પાણીવાળાં-દાર સિમેન્ટ-રેતીથી નેવકા સીલ કરી દીધા.

**પાક સંરક્ષણ મુદ્દે :** કિટકશાસ્ત્રના અભ્યાસમાં જાણેલું કે ખેતીપાકોમાં ભમતાં જીવડાંઓમાં 94 % તો માંસાહારી છે. જે ખેતીપાકોને નડતાં જ નથી. એ બધાં તો ખેડૂતોના મિત્રો ગણાય. એટલે જીવડું "ભાળ્યા ભેળું ઠાર કરો"ની રણનીતિ છોડી "થોભો અને રાહ જુઓ"ની નીતિ પર ચાલ્યા. કુદરત કુદરતનું કામ કરે છે , તેને તેમ કરવાનો ગાળો તો આપવો જોઈએને ?

'નબળાં ઢોરાંને બગાયું ઝાઝી !' નબળાને બેવડો માર પડે ! છોડવો બાળપણથી જ બળૂકો બને તે માટે ખડતલ બીજ , ભરપૂર સેંદ્રીય ખોરાક , છોડની ખડતલતા માટે સ્વરક્ષણની પડાતી ટેવ જેવા કાર્યક્રમો અમલમાં મૂક્યા. રોગ-જીવાતને ફેલાવામાં અગવડ પડે તે માટે મિશ્રપાક પદ્ધતિ, પાકની ફેરબદલી, ઉપરાંત દુશ્મન જીવાતોને છેતરી, ફસાવી પાડવાના-શેઢે પાળે શ્યામ તુલસી અને પીળાં ફૂલવાળા છોડવાઓનું વાવેતર ઉપરાંત પ્રકાશપીંજર અને ફેરોમેન ટ્રેપ જેવા નુસખા ગોઠવ્યા. મિત્રકીટકોની ભેર કરવા વાડીફરતે અનેક પ્રકારનાં વૃક્ષો ઉગાડી જીવંતવાડ ઊભી કરી. તેના પર પંખીઓનો પણ વસવાટ વધ્યો.

પાક સામે નજર કરતાં જો તે પોતાનું રક્ષણ કરવામાં ઢીલો પડ્યો છે, એવું દેખાય તો ગોમૂત્ર અને વનસ્પતિજન્ય દવાઓથી એની ભેર લેવાનું શરૂ કર્યું.

વ્યવસાયને ઊંડાણથી સમજવાના પ્રયત્નો શરૂ થતાં જાણ્યું કે ખેતી એ તો સજીવો અને કુદરતી પરિબળો વચ્ચે ગૂંથાયેલ વ્યવસાય છે , ભાઈ ! જમીન , પાણી, પોષણ, બીજ, આબોહવા અને સંરક્ષણ-ગણાય બધાં જ પાયાંનાં પરિબળો , પણ પૂરેપૂરા કુદરત પર આધારિત. અને કુદરતની સામે પડ્યે કંઈ સારાં પરિણામ થોડાં મળે ? એમાં તો નક્કી હાર જ થાય. પરિણામ સારું મેળવવું હોય તો કુદરતની સાથે સુમેળ સાધતાં રહેવું પડે તેવું અમને સમજાયું.

વળી જમીન , એના ગુણધર્મો , એમાં વસેલાં બેક્ટેરિયા , જમીનની ફળદ્રુપતા , પાકને ભાવતાં તત્ત્વો, ભેજની આવશ્યકતા , ખેતીની આડપેદાશો , દૂધ, ખાતર અને ગૌમૂત્ર પૂરું પાડતી ગાયો ! આ બધું વિચારતાં વિચારતાં...ખેતીનું એક અખંડ દર્શન લાધ્યું. ખેતીમાં કોઈ એક પરિબળનું નહીં, જમીન, પાણી, આબોહવા, છોડવા, ઝાડવાં, જીવડાં,જાનવરો અને પંખીઓ બધાંનું યોગદાન રહેલું છે. કોઈને બાદ રાખીને નહીં , પણ સૌનો સાથ

લઈને,એકબીજા સાથે અનુકૂલન સાધીને આગળ વધાશે , તો જ સફળ રહેવાશે એવો સમગ્રતાનો મનથી સ્વીકાર કર્યો.




**દૂઝતી ખેતીનાં દૂઝણાં સાથીદારો સાથે ગોદાવરીબહેન**

*****************

## મગફળીની ખેતીના વિશેષ અભ્યાસાર્થે ચીનનો પ્રવાસ



2010ની સાલમાં ત્યાંની બહુ ચર્ચિત મગફળીની ખેતી જોવા ચીન ગયો હતો. બહુ ઝીણવટથી બધું જોવા સમજવાનો અવસર મળેલો. ચાઈનાના સેંડોંગ વિસ્તારમાં જ્યાં મગફળી વિશેષ વવાય છે તે વિસ્તાર જ જોવા માટે પસંદ કરેલો. અમે ત્યાં જોયું કે મગફળીને જાણે ભગવાનનું વરદાન મળેલું હોય એમ તેને ગમતાં, ભાવતાં બધાં પાસાં ત્યાં અનુકૂળ ભળાયાં. આ સમયે મગફળી ક્યાંક હજુ ઊભી હોય , ક્યાંક ઉપાડવાનું કામ ચાલુ હોય, તો ક્યાંક છોડવામાંથી ડોડવા અલગ કરવાનું કામ ચાલતું હોય , તો ક્યાંક વળી ચુંટાએલી મગફળીમાંથી ભેજ ઊડાડાતો હોય-તેવી બધી જ પ્રક્રિયાઓ નજરે જોવા જુદા જુદા વિસ્તારની 15-17 જગ્યાઓનાં ખેતરોમાં ફર્યા અને બધું નજરોનજર જોયું.

**ચાઈનાની મગફળીની ખેતી પદ્ધતિ**



**ચીનની મગફળીનાં ખેતરો વચ્ચે હીરજીભાઈ**

1089 ચો.ફૂટ=એક ગુંઠો જમીન. જમીનમાં વચ્ચે એક ફૂટની જગ્યા છોડી , દોઢ ફૂટ પહોળા બેડ બનાવેલા હતા. એક ગૂંઠામાં આ રીતે 13 બેડ બને. દરેક બેડ પર પાંચ માઈક્રોનનું પાણી કલરનું પ્લાસ્ટિક પાથરેલું. આવા દોઢ ફૂટ પહોળા અને 33 ફૂટ લાંબા એક બેડમાં 9 ઇંચના ગાળે બે હારમાં 9 ઇંચનાં અંતરે પ્લાસ્ટિકમાં કાણાં પાડેલાં તેનું ગણિત કર્યું તો- 44+44=88 અને એવા 13 બેડ , એટલે કે કુલ મળી 1144 કાણાં એક ગૂંઠા જમીનમાં આવે.. દરેકમાં બે બે બીજ ચોપેલાં છે , એટલે 1144 બેતડિયા છોડ મળે. અરે ! અમે તો આંટો મારી એ પણ જોયું કે ફૂલ કેટલાંક પડેલાં છે ? જવલ્લે જ નજરમાં આવ્યાં, છતાં માની લઈએ કે .... 44 જેટલાં કાણાં ખાલી પડ્યાં છે , તો પણ 1100 છોડવાનો ઉછેર તો પાકો જ જોવા મળ્યો.

ઊભા પ્લોટમાંથી ઘણી જગ્યાએથી છોડ ખેંચી , બેતડિયા છોડવાની ગણતરી કરી જોઈ , કુલ ડોડવામાંથી 33 % અણવિકસિત અને 66 % વિકસિત શીંગો દેખાઈ. આવી વિકસિત શીંગોની સંખ્યા એક બેતડિયા છોડમાં 27થી માંડી 33 સુધીની સંખ્યામાં-એટલે કે સરેરાશ 30 શીંગો ગણી લઈએ, તો કુલ મળીને 33000 શીંગો થાય. અમે સૂકી શીંગનું વજન કરી જોયું તો 1 કિલોમાં 350 શીંગ તોળાઈ.આ માપે એક ગુંઠામાં 94 કિલો અને આપણા નાના વીઘે 1508 કિલો વજન ઊતરે ! પણ આ તો થઈ ચાઈનાની ધરતીની વાતો કે જ્યાં મગફળીને બાર બાદશાહીની અનુકૂળતા મળતી રહે છે.

ત્યાંનુ હવામાન, એની ફળદ્રુપ જમીન , ત્યાંનુ સ્પેશ્યલ બિયારણ વગેરે તો અહીં ન લાવી શકાય, પણ ખેતી કરવાની એની નવતર પદ્ધતિનો અમલ કરી શકાય તેમ લાગ્યું. તેથી પંચવટી બાગમાં એનો અખતરો કર્યો.

### પંચવટી બાગમાં કર્યો પ્રયોગ

માપીને એક એકર જમીન પસંદ કરી. તેના ત્રણ સરખા ભાગ કરી **પહેલાભાગમાં** ટ્રેકટરના ઓટોમેટિક વાવણિયાથી ચાલુ પદ્ધત્તિથી બીજ વાવી , ક્યારા-ધોરિયા બનાવી રેલાવીને પિયત દીધું. **બીજા ભાગમાં** વચ્ચે 30 સે.મિ.જગ્યા છોડી , 60 સે.મિ.ની પહોળાઈવાળા અને ત્રણેક ઇંચ ઊંચા એવા 16 બેડ બનાવ્યા. અને એના પર મીની ટ્રેક્ટરની મદદથી મગફળીના ત્રણ ચાસ વાવ્યા , અને ચરમાં પિયત આપી બેડ રીઝાવ્યા. **ત્રીજા ભાગમાં** આવા જ બેડ બનાવી , તેના પર ચાઈના પદ્ધત્તિવાળું 5 માઈક્રોનનું પાણી કલરનું

પ્લાસ્ટિક પાથરી એના પર 20 બાય 20 સે.મિ.ના અંતરે કાણાં પાડી , ત્રણ લાઈનોમાં હાથથી બીજ ચોપ્યાં અને ચરમાં પિયત આપી બેડ રીઝાવ્યા.

ત્રણેય પ્લોટમાં સમયે સમયે થયેલ કામગીરીની વિગત આ પ્રમાણે હતી.

| ક્રમ/ પ્લોટ | પદ્ધતિ | ગુંઠા | વા.તા. | પિયત | કા.તા | ઉત્પાદન | ભુંડ થકી નુકશાન 10% | વિઘાદીઠ ઉત્પાદન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ધોરિયા ક્યારા | 13:33 | 3/2/11 | 9 | 3/6/11 | 250 કિલો | 25 કિલો | 330 કિલો |
| 2 | ખુલ્લા ગાદી ક્યારા | 13:33 | 3/2/11 | 9 | 3/6/11 | 400 કિલો | 40 કિલો | 528 કિલો |
| 3 | ગાદી ક્યારા+પ્લાસ્ટિ | 13:33 | 3/2/11 | 9 | 3/6/11 | 440 | 44 કિલો | 581 કિલો |

એટલે ઉનાળા દરમ્યાન ઊભડી મગફળી [અમે ટી.પી.જી.-41 વાવેલી]ના વાવેતર માટે આ ત્રણ પદ્ધતિઓ પૈકી ગાદી-ક્યારા પર પ્લાસ્ટિક આવરણવાળી પદ્ધતિ પંચવટી બાગમાં સર્વશ્રેષ્ઠ સાબિત થઈ છે. ચોમાસાની ઋતુમાં કઈ પદ્ધતિ કેવું પરિણામ આપી શકે તે ચોમાસાની ઋતુમાં પ્રયોગ કરીને પુરવાર કરવું પડે. સાથોસાથ બીજી પણ એક વાત કરવી છે કે જે ખેડૂતને પ્લાસ્ટિક મલ્ચ અને એની કેટલીક વધારાની ચીવટના મુદ્દે નહીં પહોંચી શકાય તેમ લાગતું હોય , તેમણે અમને સૂઝી આવેલ બન્ને વચ્ચેની-ખુલ્લા ગાદી-ક્યારા વાળી પદ્ધતિએ કશી જ વધારાની મહેનત કે ખર્ચ કર્યા વિના , માત્ર પદ્ધતિના ફેરથી દોઢું ઉત્પાદન આપ્યું છે . એનો અમલ કરવો ખૂબ જ ફાયદાકારક રહેશે.સાતસોએક ખેડૂતોએ વાડીએ આવી નજરોનજર જોઈ વખાણ્યું છે.અને હજુ આગળ વાત કરીએ તો મગફળી ઉપરાંત લસણ,ડુંગળી, આદૂં, હળદર, ગાજર, બીટ, બટેટા જેવા જમીનમાં વિકસતાં પાકો માટે આ પદ્ધતિ ઉત્તમ લાગી છે.

**અન્ય અખતરા :** ખેતી સંભાળ્યાને પોણા પાંચ દસકા થવા આવ્યા છે. તેમાં અનેકવિધ પ્રયોગો કર્યા છે. ઊંડું નિરીક્ષણ , સર્વાંગીણ સંશોધનવૃત્તિ અને સમજાયું તેને અનુસરવાનો દ્રઢ સંકલ્પ અમારી આવડત ખીલવવામાં પૂરક પરિબળો રહ્યાં છે.તેમાંનાં કેટલાંક તથ્યો :

[1].....નદીની કાળી, ભૂરી કે લાલ પણ ચોખ્ખી ઝીણી રેતીનું ઉમેરણ વાડી કે ખેતરની ચીકણી જમીનમાં જીપ્સમ ઉમેરવા જેટલું જ ગુણકારી બને છે. [2].......પંચવટી બાગ બધા પ્રકારની વિષમ પરિસ્થિતિથી ઘેરાયેલો રહ્યો હોવા છતાં આ સ્થાનિક સૂકા વિસ્તારમાં જે ફળપાકો સફળ થયેલા જણાયા , તેનો વ્યાપ વધારવા નહીં નફો , નહીં નુકસાનના ધોરણે નર્સરી શરૂ કરીને પંચવટી બાગનાં ફળઝાડોમાંથી રોપા-કલમો બનાવી સારાયે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તેને ફેલાવતા રહ્યા છીએ. [3].......ઔષધીય અને ઈમારતી વૃક્ષોને સ્થાન આપી ભવિષ્ય માટે ફિક્સ ડિપોઝીટ મૂકી રાખી છે. મીઠાં-મધુરાં ફળ-મેવા મળી રહે એ માટે રસ્તાને કાંઠે , શેઢે , તળાવડીની પાળે , વાડીના ત્રાંસિયા-ખૂણિયાંમાં , અરે ! બારેક વીઘા જમીનમાં તો લાગઠ ડૉ. કે.પી. કીકાણી સાહેબ અને ડૉ. રાજુભાઈ ખીમાણીના સૂચનથી આમળાં ઉછેર્યાં અને એ આમળાંએ 2001 ની સાલની રાજ્ય વ્યાપી શ્રેષ્ઠ ફલોત્પાદનની હરીફાઈમાં પાંચ પાંચ ઈનામો મેળવી આપ્યાં છે. [4].......શરૂના ગોપાલનમાં ગીર ગાય સાથે જર્સીના સંકરણ મારફત દૂધ ઉત્પાદનમાં આશ્ચર્યજનક પરિણામો મેળવી શકાયાં. પરંતુ શુદ્ધ ગીરગાય ઉછેરમાં વૈજ્ઞાનિક અભિગમ જોડાય તો તેનાથી સવાયાં પરિણામ મળે તે વાત સમજાતાં માત્ર ગીરગાય સંવર્ધન તરફી ઝોક વધ્યો છે. [5] ....સૂર્યપ્રકાશનો ખેતીમાં વધુમાં વધુ લાભ લેવા માટે ચાસની દિશા , માંડવા પદ્ધતિ , વાડ-ઝાળાંનો ઉપયોગ વગેરે નુસખાઓ બહુ લાભદાયી જણાયા છે. [6]......નર્સરી, કેટલાક ફળપાકો અને કપાસ જેવા મોસમી ખેતીપાકમાં જુદા જુદા હેતુઓ સિદ્ધ કરવા જેમકે , ગુટી કલમ કરવામાં જલદી મૂળિયાં મૂકે એવું કરવા , કપાસ,મગફળી જેવા પાકમાં છોડની વધ મર્યાદિત કરવા , ફળ વૃક્ષોમાં વહેલો-મોડો ફાલ પકડાવવા , વધુ ફૂલો લાવવા , ફળોનું ખરણ અટકાવવા , ફળોનું કદ મોટું કરવા , ફળોને મોડાં-વહેલાં પકાવવાં જેવા અનેકવિધ હેતુઓ પાર પાડવા જુદા જુદા હોર્મોન્સના બહુ જ ચોકસાઈ રાખી કરેલા પ્રયોગોમાં સારાં પરિણામો મેળવી શકાય છે તે વાતની ખાતરી કરી જોઈ છે. પણ આવા પ્રયોગો આકસ્મિક અને ખાસ સંજોગોમાં જ કરવા જોઈએ- કાયમ ખાતે નહીં , એવા તારણ પર આવ્યા છીએ. [7] ......ખેતીકામમાં એકલપંડ્યે કદી પહોંચી શકાતું નથી. રોજમદાર મજૂરોની સરખામણીએ ઊપજ-નીપજમાં તેમની સીધી ઉત્પાદનમાં ભાગીદારી અને તેમની સાથેનો માનવીય વ્યવહાર ખેતીકામોમાં વિશેષ લાભકર્તા નીવડે છે, તેવું અનુભવાયું છે.

## કુદરતની કૃપાવર્ષા

ખેતી એ કુદરત સાથેના સતત સાન્નિધ્યવાળો કુદરતની વચાળે જ રહીને કરાતો અને પળેપળે પરિવર્તન પામતો વ્યવસાય છે ભાઈ ! જ્યારે જેની જરૂર પડી તેવા હાથવગા ઉપાયો લીધા છે. પસંદગીથી તૈયાર કરેલાં બીજ પણ વાવ્યાં છે અને હાઈબ્રીડ , બીટી અને ટીસ્યુકલ્ચર જેવા નવાં વિજ્ઞાનને પણ આવકાર્યું છે. વિવેકપૂર્ણ રીતે બહુ થોડાં રસાયણોને પણ અનિવાર્ય અનિષ્ટ તરીકે કોઈવાર જવલ્લે ઉપયોગમાં લીધાં છે. સરખામણીએ સેંદ્રીય ખાતર અને ગોમૂત્રના છંટકાવ પર વધુ ભરોસો બેઠો છે.અળસિયાંયે પાળ્યાં છે અને જરૂર પડ્યે ટ્રેક્ટર-હાર્વેસ્ટરને પણ ઉપયોગમાં લીધાં છે. પરિણામે ખેતી આર્થિકરીતે સધ્ધર થઈ છે. ખેતીની આવકે પ્રોત્સાહન આપ્યા કર્યું છે. ખેતીમાં કદી કંટાળો કે અફસોસ પ્રગટ્યો નથી. પરસેવે નવરાવતી ખેતી આનંદ આપનારી બની રહી છે, અમારે માટે ધર્મરૂપ બની રહી છે. **स्वधर्मे निधनं श्रेय:** ને સાર્થક્ય માન્યું છે. જીવનયાપનના આ પ્રાપ્ત વ્યવસાયે અમને અને કુટુંબને તમામ પ્રકારનાં સુખો ,સમૃદ્ધિ અને આનંદપ્રદ જીવન આપ્યાં છે. એક નમૂનેદાર ખેડૂતની ઓળખ ઊભી કરી શક્યા છીએ એનું અમોને ગૌરવ અને સંતોષ છે. અમારે માટે પંચવટી બાગ માત્ર આવક-ઉપાર્જનનું સાધન માત્ર નહીં રહેતાં મારી શૈક્ષણિક મહેચ્છાએ કંડારી આપેલ જીવનમાર્ગ બની રહ્યો છે. પંચવટી બાગને સમગ્ર ખેડૂત આલમ માટે એક રોલમોડેલ બનાવી શક્યા છીએ. આ અમારી ઉપલબ્ધિને કંઈ કમ ગણતાં નથી.

## મુલાકાતીઓનું આકર્ષણ




પર્યાવરણવાદીઓ વાડીની મુલાકાતે




વૉટરશેડના ખેડૂતો સાથે વાડીમાં




આત્મા પ્રોજેક્ટનાં બહેનો




સાહિત્યકારો પંચવટી બાગમાં

પંચવટી બાગ હવે ખેડૂતો માટે ખેતીની સર્વાંગી બાબતો માટેનું નિદર્શન કેંદ્ર બની ગયું. ફોરેસ્ટવાળા , સિંચાઈવાળા , બાગાયતવાળા , સજીવખેતીના હિમાયતીઓ અને પર્યાવરણવાદીઓ, બધાંને એમ લાગવા માંડ્યું કે જાણે અમારું જ કામ અહીં થઈ રહ્યું છે. જોયા પછી પાછાબીજાને ચીંધે , સરનામું આપે. તેથી શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ આવે , સહકારી મંડળી-બૅંકના હોદ્દેદારો આવે , ખેડૂત તાલીમવર્ગના તાલીમાર્થીઓ આવે , વોટરશેડ યોજના અને સર્વોદય યોજનાના ગામડાંઓના યુવાનો આવે, મહિલા મંડળની તો બસો ભરી ભરીને આવે , પર્યાવરણ શિક્ષણકેંદ્ર અને આત્મા પ્રોજેક્ટના ખેડૂતોની ટુકડીઓ આવે , પ્રગતિશીલ ખેડૂતોનાં પ્રાઈવેટ વાહનો , અધિકારીગણની જીપો , અને તદ્દન અજાણ્યા હોય તેવાઓની રીક્ષાઓ ભરી ભરી એવી આવજા શરૂ થઈ ગઈ છે કે કોઈ વાર ટુકડીઓ દોંઢે ચડી જાય છે ! કોઈવાર વાડીનું કામ ક્યારે કરવું તે કોયડો બની જાય. છતાં મુલાકાતીઓના નિત્યના મેળાઓએ અમને ખુશાલી આપી છે.

લોકભારતીમાં ભણ્યા પછી જે કરવાનું નક્કી કર્યું હતું તે આજે પણ થઈ રહ્યું છે. આવનાર મુલાકાતીઓ આવીને આપણો થોડો સમય લેશે , બહુ બહુ તો ચા-પાણી નાસ્તો લેશે, અનુકૂળતા હોય ત્યારે ફળાહાર કે બપોરા , વાળુ કે રાતવાસો- જે કરવું પડે તે કરશું. પણ આટલા બધા ખેડૂતો , વિદ્યાર્થીઓ, વિજ્ઞાનીઓ, તજજ્ઞો, અભ્યાસુઓ અને અનુભવીઓ આ વાડીમાંથી કંઈકને કંઈક ઉપયોગી વાત સાથે લઈને જતા હોય , તો બીજું શું જોઈએ ? એ અમને જ મળ્યાનો સંતોષ છે.

## પ્રેરણાસ્રોત લોકભારતીએ કરાવ્યાંઅનેકવિધ સન્માનો

શાળા કે કૉલેજો તો રજિસ્ટર પર ચાલુ વિદ્યાર્થી હોય તેને ભણાવે અને પરીક્ષામાં પાસ થવા સુધીનું ધ્યાન રાખતી ઘણી શાળા-મહાશાળા જોવા મળે. પણ ભણીને છૂટા થઈ ગયા પછી, જ્યાં કામ કરતાં હોઈએ , ત્યાંયે પાછી સાર-સંભાળ લીધા કરે , મુશ્કેલી હોય તો માર્ગદર્શન આપ્યાં કરે , કોઈ નવી વિગતો -માહિતી મળ્યાં હોય તો પહોંચાડ્યાં કરે , તેવી સંસ્થાઓ કે વ્યક્તિઓ કેટલી ? જેઓ ભણી ગયા પછી પણ સારું કામ કરતાં હોય , સંસ્થાના આદર્શોને સમજી, તેને વ્યવહારમાં મૂકી દાખલો પૂરો પાડતાં હોય તેવી વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી ભૂતપૂર્વ વિદ્યાર્થી-પ્રતિભાઓનું સન્માન લોકભારતી સંસ્થાના વાર્ષિકોત્સવ વખતે થતું હોય છે. તેવું દર્શકદાદા તરફથી મળતું –

**"ઝાડનાં પારખાં ફળ પરથી - ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન "1992** માં મેળવવાને હું સદભાગી થયો છું. એ અમારાં કામોનું પ્રેરકબળ રહ્યું છે. આ પ્રકારે સન્માનિત કરવાનો ગુરુજનોનો હેતુ ભૂતપૂર્વ છાત્રોનાં જીવનકાર્યોને પ્રોત્સાહિત કરવા સારુ , વાંહો થાબડવા માટે , કહોને , વધારાની ત્રેવડ પૂરી પાડવા બેટરી ચાર્જ કરી આપવાની કૃપાદૃષ્ટિ છે તેમ કહેવું વધારે ઉચિત ઠરશે.પોતાના કામઢા છોકરાની વાત સૌને કરવાની લોકભારતીની આ રીતથી ખેડૂત અને ગ્રામીણ સમાજમાં એક નવો પરિચય ઊભો થયો. ખાસ કરીને ગામડાંમાં કામ કરતી શૈક્ષણિક અને ખાનગી સંસ્થાઓની નજર અમારી બાજુ વળી. કૃષિ યુનિવર્સિટીના વિભાગો , સહકારી સંગઠનો, અને સરકારના ઉચ્ચ અધિકારી વર્ગ દ્વારા વાડી પર થઈ રહેલું કામ પ્રત્યક્ષ જોવાયું. તેને મુલવાયું અને એ બધાંની ફલશ્રુતિ સમાં માન-સન્માન અને ઍવૉર્ડ મળતાં રહ્યાં. જેવાં કે......




**લોકભારતીમાં જયાબહેન શાહ દ્વારા "શ્રેષ્ઠ વિદ્યાર્થી સન્માન"**




અહલુવાલિયા દ્વારા “F.G.I. Award” [વડોદરામાં]




સોમપાલ શાસ્ત્રી દ્વારા દિલ્હી ખાતે ઇનોવેટીવ ફાર્મર”એવૉર્ડ“

1993 “ધરતી પુત્ર એવૉર્ડ ” ખેતીક્ષેત્રે નવીનતમ પ્રયોગો અને વિસ્તરણ માટે સ્નાતક મિત્રમંડળ ભાવનગર તરફથી

1994 “ઈનોવેટીવ ફાર્મર એવૉર્ડ”ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિની પહેલ માટે ગુ.રાજ્ય અને રાજ્ય સહ. બૅંકતરફથી

1996 “કૃષિ પથદર્શક એવૉર્ડ ” બાગાયતી ખેતી , નવીનતમ પ્રયોગો માટે ફૂલછાબ અને ગુજરાત સરકાર તરફથી

1998 “સરદાર-કૃષિ સંશોધન એવૉર્ડ ” સૂકા વિસ્તારમાં ફળવૃક્ષોના સફળ વાવેતર માટેગુજરાત સરકાર તરફથી

1999 "કૃષિ સેવા એવૉર્ડ " કૃષિમાં નવાં સંશોધનો માટે વેસ્ટર્ન એગ્રી સીડ્ઝ અને માનવસેવા ટ્રસ્ટ બગસરા તરફથી

2005 "બલરામ એવૉર્ડ" કૃષિ સાહિત્ય અને નવા અભિગમો માટે –ભારતીય કિસાન સંઘ અમદાવાદ તરફથી

2005 "સ્વામી નારાયણ સન્માન " કૃષિક્ષેત્રે અનેકવિધ સિદ્ધિઓ માટે –સ્વામી નારાયણ ગુરૂકૂળ ઢસા તરફથી

2006"લાઈફ ટાઈમ એચીવમેંટ એવૉર્ડ" ખેતીમાં સક્રિયતા, નવી દિશાના રાહબર થવામાટે એગ્રીલેંડ નેટવર્કતરફથી

2007 "સૃષ્ટિસન્માન" સજીવખેતીના પ્રયોગો અને વિશિષ્ટ લેખનશૈલી બદલ-સૃષ્ટિ ઈનોવેશન્સ- અમદાવાદ તરફથી

2008 "વિશિષ્ટ વ્યક્તિ સન્માન " ખેતીના નવીનતમ આયામો –રાષ્ટ્રિય પર્વ ઉજવણી-ગુજરાત સરકાર તરફથી

2008 "પ્રાણવાન કિસાન દંપતી " ગોપાલન અને સજીવખેતીમાં જીવંતતા માટે – જળક્રાંતિટ્રસ્ટ રાજકોટ તરફથી




વી.સી., કૃષિ યુનિ. જૂનાગઢ દ્વારા શ્રેષ્ઠ ખેડૂત દંપતી"એવૉર્ડ "

2009 "કૃષિના ઋષિ " માઈક્રોઈરીગેશન , અને સજીવખેતી માટે - ગુજરાત રાજ્ય અમદાવાદ તરફથી

2009 "F.G.I Awards for EXCELLENCE" ખેતી વિકાસમાં વિશિષ્ટકામગીરી માટે ફેડ.ઓફ ગુજ.ઈન્ડ.વડોદરાતરફથી

2012 **"नवोन्मेषी कृषक सम्मान "कृषितकनीकियांका विकास ,भारतीयकृषि अनुसंधान संस्थाननई दिल्लीकी ओरसे**

2012 "શ્રેષ્ઠ ખેડૂત દંપતી એવૉર્ડ " કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ કાર્યો બદલ-ઈન્ફોકોમ વર્લ્ડ-'ખેતીનીવાત' રાજકોટ તરફથી

**2012 "नवोन्मेषी कार्य स्म्मान "मुंगफलीमें नवीनतम कार्यप्रणालि [चाइना पध्धति] के लिये NRCG जुनागढकी ओरसे**

2013 "બેસ્ટઆત્મા ફાર્મર એવૉર્ડ " [રાજ્યકક્ષા] આગવી કોઠાસૂઝથી ઉચ્ચતર સિદ્ધિ-કૃષિ-સહ.વિભાગ ગાંધીનગરતરફથી

**2013 "श्रेष्ठ किसान पुरस्कार " वाइब्रंट गुजरात2013ग्लोबल एग्री समीट [मु.मंत्री.] गुजरातसरकार गांधीनगरकी ओरसे**

2013 "કૃષિરત્ન એવૉર્ડ-2013" કૃષિમાં પ્રયોગશીલતા બદલ-એચ.ડી-સેટેલાઈટ ન્યૂઝ ચેનલ VTV દ્વારા-રાજકોટ દ્વારા

2013 "કૃષિ પંડિત સન્માન પત્ર" કૃષિ સન્શોધન અને સાહિત્ય બદલ ડૉક્ટર પંપ્સ રાજકોટ તરફથી

2013 "ડી.ડી. ગિરનાર કૃષિ શિરોમણિ એવૉર્ડ-2013 " કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ દૂરદર્શન અમદાવાદ તરફથી




સનતભાઇ મહેતાના હસ્તે ગિરનાર કૃષિ શિરોમણી"એવૉર્ડ

2014 "કૃષિ વિજ્ઞાન-સાન્દીપનિ ગૌરવ એવૉર્ડ 2014 " કૃષિક્ષેત્રે લોકશિક્ષણ બાબતે યોગદાન- સાન્દીપનિ વિદ્યાનિકેતન પોરબંદર




રમેશભાઇ ઓઝાના હસ્તે કૃષિવિજ્ઞાન સાંદિપનિ ગુરુગૌરવ"એવૉર્ડ"

**2014 "વિવેકાનંદ કૃષિ-સન્માન" કૃષિ સંશોધનના બહોળા વિસ્તરણ બદલ વિવેકાનંદ વિદ્યા પ્રતિષ્ઠાન ઢસા-ગામ તરફથી**

**2015 "FRIEND of ISRAEL"** ઈઝરાઈલની મુલાકાત લેવા બદલ-ટુરીઝમ એમ્બેસેડર ફોર ઈઝરાઈલ રતફથી

**2015 "કૃષિ અસ્મિતા-સ્વમાન રક્ષક માન" કૃષિ અંગેના પ્રયોગો-સંશોધન-લેખન-વિસ્તરણ બદલ કૃષિ વિકાસ મંડળના મિત્રો તરફથી**

આનાથી અમારા માટે નવી ઓળખાણોનું વિશાળ ક્ષેત્ર ખૂલ્યું છે.




સન્માન-પ્રતીકો સાથે હીરજીભાઈ

## ઇન્ટરનેટ પર મારાં કાર્યોનો પરિચય

મારા લોકભારતીના અભ્યાસ સમયના સહાધ્યાયી મિત્ર જુગલભાઈએ મારો પરિચય પોતાના બ્લૉગ '**Net**–ગુર્જરી' https://jjkishor.wordpress.com/ પર વિગતો સાથે મોકલવાનું શરૂ કરીને મારાં કાર્યોને ઇન્ટરનેટ દ્વારા નેટજગત સુધી પહોંચાડી આપ્યાં !

બાકી હતું તે તેમના દ્વારા શરૂ કરાયલી નેટજગતની એક વિશાળ ફલક ધરાવતી સાઇટ 'વેબગુર્જરી' http://webgurjari.in/ પર તેમણે મારાં લખાણો પ્રગટ કર્યાં તો વળી એની માગ તો એટલી બધી વધી કે હવે 'વેબગુર્જરી' પર મારાં લખાણોને નિયમિત કૉલમરૂપે રજૂ કરવાનો નિર્ણય પણ તેમણે લીધો છે !!

મારી આ જ પુસ્તિકાનાં કેટલાંક પ્રકરણો જુગલકિશોરભાઈએ પોતાના બ્લૉગ ઉપર પ્રગટ કર્યાં. આ પ્રકરણો વાંચીને કેટલાય અભિપ્રાયો આવ્યા જેમાં અમારી બન્નેની સંસ્થા લોકભારતી માટે બહુ આદર જોવા મળ્યો. મારી આ પુસ્તિકાનું જે નવસંસ્કરણ થયું તેની ઇ–બુક બનાવીને તેઓએ જ પ્રકાશિત કરવાનું બીડું ઝડપી લેતાં હવે આ પુસ્તિકા પણ નેટજગતમાં ફરતી થશે તેનો આનંદ વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી.




મારી આ પુસ્તિકાનું ઇ–બુક સ્વરૂપ વાંચવા માટે જે કોઈ ઇચ્છે તેમને આ પુસ્તિકાના આગળના પાને આપેલા સરનામા ઉપરાંત ઉપરોક્ત બન્ને ઇ–સરનામે પણ જાણ કરવા ભલામણ કરું છું.

## અમારું તારણ

ખેતી એક સંપૂર્ણ કુદરત આધારિત વ્યવસાય છે. જ્યારે જ્યારે કુદરતની સામે પડવાની મહેનત લીધી છે , ત્યારે ઝાઝાભાગે કાયમ કારમી થપાટ ખાધી છે. પણ તેમની સાથે સંવાદ સાધતાં રહીએ, ખેડૂત તરીકેનાં આંખ-કાન ખુલ્લાં રાખી, નવું નવું જાણતાં રહી, વિજ્ઞાનને ભેરે લઈ , પર્યાવરણ કહે તેમ , સમય સમયના પરિવર્તન કરતાં રહી , જાગતલ ખેડૂત તરીકે મહેનત કરીએ તો પ્રામાણિક રોટલો રળવામાં ખેતી ક્યારેય તાણ પડવા દેતી નથી, એ અમે પુરવાર કરી શક્યાં છીએ.

**આંખ-કાન હોય છે કાયમ ખુલ્લાં**

કૃષિયાત્રાનો લાંબો પ્રવાસ હવે કેડી મટી રાજપથ બન્યો છે. ક્યારેક સીમાંત અભણ ખેડૂત પાસેથી પણ કંઈક શીખવા મળી જાય છે. જ્યાં નવું જાણવા જેવું હોય , પછી તે કોઈ વિદ્વજ્જન હોય, કોઈ સંસ્થા હોય, કે કોઈ પ્રયોગશીલ ખેડૂત હોય , અરે ! કોઈ જગ્યાએ કૃષિ મેળો હોય , કૃષિ યુનિ.નું સંશોધન કેંદ્ર હોય , સારી ગૌશાળા હોય કે ભલેને જંગલખાતા તરફથી ઉછેરેલ ગ્રામજંગલ હોય – જ્યાં જ્યાં નવું સાંભળ્યું ત્યાં પહોંચ્યાં છીએ. અરે ! કોઈ છાપામાં નજરે ચડી જતાં , કૃષિ મેગેઝીન તપાસતાં , પુસ્તક વાંચતાં , રેડિયો સાંભળતાં કે ટીવી નીરખતાં તાજી, નવી, ઉપયોગી લાગતી બાબતો જણાઈ આવે છે , તો તેને ચકાસવા કાયમ લલચાઈએ છીએ. અને અમારી દેખરેખ નીચે સારાં પરિણામો મળ્યાં હોય તો અન્યોને પણ અમારી વાડીએ નોતરીને અમારા સુખમાં , આનંદમાં ભાગીદાર બનાવીએ છીએ.

**સુખ વહેંચણીના કાર્યક્રમો**

લોકભારતીમાંથી એવા સંસ્કારો મળ્યા છે કે 'દુ:ખ વહેંચવાથી ઘટે અને સુખ વહેંચવાથી વધે છે.' એ ન્યાયે વર્ષોના અનુભવે ખેતી કરતાં કરતાં અમને બન્ને માણસો- પતિ-પત્નીને જે કંઈ પાસ-નાપાસનાં પરિણામો મળ્યાં છે, તેના પરથી અન્ય ધંધાર્થીઓ ધડો લઈ શકે, એ વાસ્તે સુખ વહેંચણીના પ્રયત્નો આદર્યાં છે. જેમ કે....

## છાપાં અને કૃષિ સામયિકોમાં લખવાં શરૂ કર્યાં અનુભવ લખાણ :




લખાણ લખવાની નહોતી આદત કે નહોતી ફાવટ. જીવનમાં ઘણી રીતે માર્ગદર્શક થઈ રહેલા પ્રતાપભાઈ ત્રિવેદીને મારી આ કચાશ ખટકે. તેઓ શિક્ષક, હું ખેડૂત. મને લખતો કરવાની મહેનત લેતા જ રહ્યા. લાભુભાઈ ગ. પટેલનો પણ એવો જ સૂર. તેઓનો તો આજેય એવો ને એવો લખાણ બાબતે હુંફ-હોંકારો મળી રહ્યો છે. કવિ મનોહરભાઈ ત્રિવેદી અને લલ્લુભાઈ પટેલ અને અન્ય મિત્રો "સારું લખો છો"ની સાખ પૂરતા રહ્યા. એટલે સંદેશ અને ફૂલછાબમાં લખાતું રહ્યું. અને ખેતીવિષયક સામયિક "કૃષિ વિજ્ઞાન"ના સંપાદક શ્રી પ્રવીણભાઈ પટેલે તો દર મહિને એક લખાણ આપવાની ફરજ પાડી , કોઈ પણ જાતની દલીલને અવકાશ જ ન રહેવા દીધો !

પછી તો 'કૃષિ વિજ્ઞાન', ઉપરાંત 'ખેતીની વાત','સમૃદ્ધખેતી','ગ્રામજતન,''કોડિયું,''ગ્રામસેતુ,''એક પ્રયાસ,' કોમોડિટીવર્લ્ડના 'કૃષિપ્રભાત','તાઝામાઝા,''સરદાર જ્યોત,''કૃષિકર્મ,''ખોડલધામ સ્મૃતિ,''ગ્રામસેતુ','સમાજસુવાર''કૃષિજીવન,''જલ જીવન,''સોમનાથસંદેશ,' જેવા કૃષિ, શિક્ષણ અને સંસ્કારલક્ષી અનેક સામયિકો લખાણો આપીએ કે ન આપીએ , તેમને ક્યાંયે જોવા મળે તો અમારાં લખાણ છાપી દે છે.

## કૃષિ વિષયક પુસ્તકોની વિશાળ શ્રેણી :



**નરોતમ પલાણના હસ્તે પુસ્તક વિમોચન લોકભારતીમાં [**

ઉપરાંત અનુભવ આધારિત કૃષિ વિષયક 31 જેટલી પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે. જે પ્રત્યક્ષ કાર્યાનુભવનો નીચોડ હોઈ ગુજરાતના પ્રબુદ્ધ મહાનુભાવો ઉપરાંત સામાન્ય ખેડૂત આલમે – પોતાને ઉપયોગી ગણી છે.

**[1] ખેતી કરીએ ખંતથી શ્રેણી અન્વયે ....12 પુસ્તકો**

**સંપુટ: 1 પ્રેરણા, ઝીણા જીવો અને સજીવખેતી**

[1] ખેતી: દિલડાનો રંગ

[2] ઝીણાં જીવડાંની મોટી મહેર

[3] સજીવખેતી: વિચારથી વ્યવહાર તરફ

**સંપુટ: 2 જમીન, પાણી અને સાચવણ**

[1] જમીન: પાકનું ભાણું

[2] પાક-પાણીને ન્યારો સંબંધ

[3] વાડી, મોલ અને માલ, રખોપાથી ન્યાલ

**સંપુટ: 3 વ્યવસ્થાપન, કુનેહ અને કોઠાસૂઝ**

[1] જમીનમાં દટાએલા ધનની તરકીબથી શોધખોળ

[2] ખેતીમાં કુનેહી કામગીરી

[3] કોઠાસૂઝના કીમિયા

**સંપુટ: 4 ગોપાલન, બાગાયત અને વેલીવૃક્ષો**

[1] બેલડાનું બીજું ભાંડરડું-ગોપાલન

[2] વૃક્ષો આપણાં કમાઉ ભાંડરડાં

[3] ખેડૂતોના સાથી-સેવક વેલી-વૃક્ષ

**[2] કૃષિ દંપતીનાં અન્ય પુસ્તકો**

[1] બોલકી વાડીનો સજીવ સંસાર..................જતન ટ્રસ્ટ પ્રકાશન  વડોદરા

[2] પાણી–પ્રશ્ને દેખાડીએ આપણું પાણી...જતન ટ્રસ્ટ પકાશન  વડોદરા

[3] કેરડે કૂટ્યાં ફૂલ - પ્રથમ.લોકભારતી,પછી લટૂર પ્રકાશન ભાવનગર

[4] સફળ ખેડૂતનાં સાત પગલાં................... કૃષિ વિજ્ઞાન પ્રકાશન રાજકોટ

[5] આપણો ખેતીસંગ...................................કૃષિ વિજ્ઞાન પ્રકાશન રાજકોટ

[6] ખેતી: પ્રેમ અને કુનેહ...........ભરાડ ફાઉન્ડેશન પ્રકાશન રાજકોટ  |

[7] વૃક્ષો ખેડૂતોના કમાઉ કંધોતર..............ભરાડ ફાઉન્ડેશન પ્રકાશન રાજકોટ

[8] જમીન એક ખજાનો.........ભરાડ ફાઉન્ડેશન પ્રકાશન રાજકોટ  |

[9] સજીવખેતી અને તેનું વિજ્ઞાન.............ભરાડ ફાઉન્ડેશન પ્રકાશન રાજકોટ

[10] પાણી, મોલ ને માલ રખોપાથી ન્યાલ..ભરાડ ફાઉન્ડેશન પ્રકાશન રાજકોટ

[11] ખેતીમાં કોઠાસૂઝ અને ગોપાલન..........ભરાડ ફાઉન્ડેશન પ્રકાશન રાજકોટ

[12] ખેતીમાં મનોમંથન અને કૌશલ્યો.જતન ટ્રસ્ટ પ્રકાશન વડોદરા

[13] કૃષિરથનાં પૈડાં બે,'જમીન' અને 'પાણી જતન ટ્રસ્ટ પ્રકાશન વડોદરા

[14] ઝાડ, છોડ ને ગાય – ખેડૂતોના જાય-ભાઈ...જતન ટ્રસ્ટ પ્રકાશન વડોદરા

[15] પાકને રક્ષતાં પાંખાળાં...........................જતન ટ્રસ્ટ પ્રકાશન વડોદરા

[16] ખેતીની સમજણ – સમજણની ખેતી    ......પંચવટી પ્રકાશન માલપરા

[17] ખેતીકાર્યોમાં ખ્યાલ – ઉત્પાદનમાં ન્યાલ ....પંચવટી પ્રકાશન માલપરા

[18] વાડીની માવજત અને રખોપું .....................પંચવટી પ્રકાશન માલપરા

[19] ગામને ચોરે રેડીયો વાગે [ઊંઝા જોડણીમાં]..પંચવટી પ્રકાશન માલપરા

[20] વાડી-ખેતરોમાં હરતાં-ફરતાં-કામ કરતાં..કૃષિ વિજ્ઞાન પ્રકાશન-રાજકોટ

**ઉપરનાં પુસ્તકો માટે સંપર્ક : પુસ્તકોના પ્રકાશકશ્રી અને હીરજીભાઈ ભીંગરાડિયાનો.**

## આકાશવાણી અને ટી વીમાં રજૂઆતો :




વાડી પરના પ્રયોગોની વાતો વિશાળ સમાજના હિતમાં જ્યારે જ્યારે આમંત્રણ મળ્યાં ત્યારે ત્યારે આકાશવાણી રાજકોટ-ગામનો ચોરો વિભાગ , દૂરદર્શન-ડીડી ગિરનાર , વીટીવી, ઈટીવી ગુજરાતી અને સેટકુ કૃષિગોષ્ઠિ જેવાં પ્રચાર-પ્રસાર માધ્યમોમાં રજૂઆત કરતાં રહ્યાં છીએ.

## કૃષિ સંમેલન-સેમિનારમાં ભાગ લઈને :




દાડમ ફળપાક પરિસંવાદ-

શાળા-કૉલેજો, કૃષિ યુનિવર્સિટીઓ , ખેડૂત સેમિનારો , કૃષિમેળા , કે સ્વૈચ્છિક સંસ્થાઓમાં જ્યારે ક્યાંય વિદ્યાર્થીઓ કે ખેડૂતો સમક્ષ ખેતી વિષયક કોઈ પણ બાબતે વાતો કરવાનાં આમંત્રણો મળે છે , ત્યારે અમને થયેલા ખેતીના અનુભવોની વાતો કરીએ છીએ. ખેડૂતોના કોઈ ખાસ પ્રશ્નો વખતે સમય કે ખર્ચની મર્યાદા રાખ્યા વિના તેમની વાડીઓમાં ભમી, શક્ય નિરાકરણો કરીએ છીએ.




**એન્યુઅલ ટ્રેડ મીટ [લોનાવાલામાં]**

**"આવાજ દે" મોબાઈલ ફોન સેવા દ્વારા :**

દર બુધવાર અને રવિવારે સજીવખેતીને લગતા પ્રશ્નોના જવાબ માટે "આવાજ દે" મોબાઈલ ફોન સેવા ચાલે છે , એમાં આવતા પ્રશ્નોના જવાબો રેકર્ડ કરાવીએ છીએ. અરે ! રૂબરૂ કે ટપાલ દ્વારા સૂઝ્યા તેવા ઉકેલો સૂચવવા ઉપરાંત અમે અખબારો અને કૃષિ મેગેઝિનોમાં અમારાં પ્રસિદ્ધ થતાં લખાણોની સાથોસાથ અમારા મોબાઈલ નંબર પણ જણાવતાં હોઈએ છીએ , એટલે અમારી પાસેથી માર્ગદર્શન મળી રહેશે એવી ગણતરીથી મોબાઈલ પર દિવસભર પ્રશ્નોત્તરી ચાલુ રહેતી હોય છે , અને અમારી જાણમાં હોય તે વિગતો સૌને આપતાં રહીએ છીએ.

## કૃષિ વિકાસ મંડળની સ્થાપના અને સંચાલન :



**ખેડૂતોની સભા**

ગઢડા, બોટાદ, શિહોર અને ઉમરાળા તાલુકાના 80-90 ખેડૂતોનું જ્ઞાતિ-જાતિ , રાજકીય પક્ષાપક્ષી કે ધર્મ-સંપ્રદાયને કોરાણે રાખીને , દર મહિનાના છેલ્લા બુધવારે નિયમિત રીતે મળતું અને ખેતી, ગોપાલન, શિક્ષણ, સંસ્કાર,આરોગ્ય અને સમાજ જીવનના પ્રશ્નોને ચર્ચતું ખેડૂતોનું એક મંડળ શરૂ કર્યું છે. એમાં કોઈ સભ્યફી નથી. મંડળ પાસે કોઈ સિલક-મૂડી રાખવાની નહીં, કોઈ પ્રમુખ-મંત્રી નહીં. બધાં સરખા. "આવતી મિટિંગ મારી વાડીએ" એમ જે આમંત્રણ આપે છે , એ યજમાન બપોરે સૌને એની વાડીએ રોટલા ખવરાવે છે. એટલે વાડીમાં મળવાનું, શરૂઆતમાં ગત મહિના દરમ્યાન કોઈની પાસે કોઈ નવું બીજ , પ્રયોગ, વાત કે વિગત આવી હોય , કોઈને એના પાકમાં રોગ-જીવાત-મૂંઝવણ દેખાયાં હોય તો રજૂઆત કરે ,અને એ બધાં સાંપ્રત ખેતીપ્રશ્નોનાં નિરાકરણો અંદરોઅંદરના અનુભવોની આપલેથી મેળવાયા પછી , કૃષિ યુનિ.જુનાગઢ-આણંદ-કે નવસારી જેવાના વિજ્ઞાનીઓ કે કોઈ એનજીઓ, વીજળી બોર્ડ,મામલતદાર કચેરી, પોલીસ ઑફિસ, સારી ગૌશાળા, હૉસ્પિટલ જેવામાંથી કોઈ તજજ્ઞને આમંત્રણ આપી ખાસ બોલાવ્યા હોય , તેની પાસેથી વધુ ઊંડાણવાળી વિગતો મેળવી સૌની જાણકારીની બેટરી ચાર્જ કરવાનો કાર્યક્રમ પૂરો થાય , એટલે સૌએ સાથે બેસી બપોરા કરવાના. "જેનાં અન્ન ભેળાં ,એનાં મન ભેળાં ! " આવું નિયમિત રીતે છેલ્લાં 8 વર્ષથી સતત ચાલુ છે. આના પરિણામે કેટલાય સભ્યોએ ડ્રીપ બેસાડી છે, કેટલાયે સજીવખેતી શરૂ કરી છે , કેટલાય ગાયો પાળતા થયા છે , અરે, હજાર હજાર રૂપિયા કાઢીને "અપના કિસાન મોલ " નહીં નફો , નહીં નુકસાનના ધોરણે સહકારી પાયા પર દુકાન શરૂ કરી છે . આ મોલના હિસાબે ખાનગી એગ્રોવાળાને ચીજ વસ્તુઓના ભાવ માપે લેવા પડી રહ્યા છે . આનાથી ખેડૂતોનું શોષણ અટકાવવાનો અમારો હેતુ બર આવી રહ્યો છે.

## કેટલાક યશભાગીઓ

આંબલા સસ્થા સાથે પણ એટલો જ નિકટનો ઘરોબો. અનિલભાઈ , લાલજીભાઈ , રઘુભાઈ, ભીખાભાઈ , ભાનુભાઈ અને મેહુલભાઈ મને સંસ્થાના કાર્યક્રમોમાં , વાલી સંમેલનોમાં, ખેડૂત શિબિરોમાં, વિદ્યાર્થીઓની ગ્રામ શિબિરોમાં વારંવાર નોતરી ખેતીની વાતો કરાવે છે. આવું જ લોકભારતીનું. દર્શકદાદા , ઝવેરદાદા,ઇસ્માઇલદાદા, બૂચભાઈ, રતિભાઈ અંધારિયા, અને રતિભાઈ પંડ્યા , કુમુદભાઈ, જ.મ.શાહ, પ્રભાતસિંહદાદા, સોમાભાઈ પટેલ, અંબાવીભાઈ ભલાણી , જિતુબાપુ , વંડ્રાભાઈ , ઝાલાબાપુ , પ્રવીણભાઈ ઠક્કર , સલ્લાભાઈ , બાલુભાઈ ગજેરા તથા મનુભાઈ ઝાલાવાડિયા જેવા જૂના કાર્યકર્તાઓ તો વહાલ વરસાવતા જ. પણ હાલમારા સંસ્થા [વાત્સલ્યધામ લોકશાળા માલપરા] સંચાલન કાર્યમાં અને અમારા કૃષિ વિષયક પુસ્તક પ્રકાશન-વિસ્તરણ તથા ખેતી અને સમાજ જીવનના સાંપ્રત સવાલોમાં અનેક રીતે માર્ગદર્શક બની રહેલા અરુણભાઈ દવે , તેમજ રામચંદ્રભાઈ , દેવદાસભાઈ, સતીષભાઈ, હસુભાઈ દેવમુરારિ , નીતિનભાઈ ભીંગરાડિયા , હસમુખભાઈ સુથાર , અને ભાવનાબહેન, પ્રીતિબહેન મૈયાણી , કાંતિભાઈ પંડ્યા , કાંતિભાઈ ગોઠી , શ્રીધરભાઈ ગજ્જર , અને વીરાભાઈ , હાજીભાઈ , ભરતભાઈ દવે જેવા કાર્યકરો તથા કૃષિ વિજ્ઞાન કેંન્દ્રના નિગમભાઈ શુકલ અને K.V.K. પરિવાર પણ એટલા જ સ્નેહ પ્રયોગોને જુએ અને વહાલ વરસાવે. લોકભારતીના અભ્યાસકાળ ઉપરથી પાંચ દસકા વહી જવા આવ્યા , પણ હજુ હું વર્તમાન વિદ્યાર્થી અને ત્યાંનો જ કાર્યકર હોઉં તેવો ભાવ અનુભવું છું.

કોઈ રાજકીય પક્ષનો નહિ, ખેતીનો આજીવન સભ્ય રહ્યો છું.મારી પ્રામાણિક માન્યતા છે કે મારી સમગ્ર વિકાસયાત્રામાં વાત્સલ્યધામ માલપરા , ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતીનો સ્પર્શ ન થયો હોત તો ખેતીના સંશોધનક્ષેત્રે કે ગ્રામસેવા ક્ષેત્રે કશું ન કરી શક્યો હોત !

અમારી પ્રામાણિક માન્યતા છે કે ખેતીમાં, સજીવખેતીમાં,બાગાયત,ગોપાલન,પર્યાવરણ અને જળવિદ્યા જેવા વિષયોમાં કપિલભાઈ શાહ[વડોદરા] , રાજેંદ્રભાઈ ખીમાણી [અ.વાદ] , કે.પી.કીકાણી સાહેબ [આણંદ] , મનસુખભાઈ સુવાગિયા [રાજકોટ] , વીરજીભાઈ જસાણી [ભાવનગર], રામજીભાઈ ઇંટાળિયા[સુરત] , પ્રવીણભાઈ પટેલ [રાજકોટ] , નાનુભાઈ શિરોયા [વાળુકડ] ,જીવરાજભાઈ સુતરિયા [શિહોર] , વજુભાઈ ઢોલરિયા [રાજકોટ] , અંબાવીભાઈ ભલાણી [સોંદરડા], શિવુભાઈ પંડ્યા[અમરેલી], કાંતિભાઈ પડસાળા[થોરડી], માધુભાઈ નાંદરિયા[ટાટમ] , વલ્લભભાઈ પાંચાણી [રસનાળ] , શંભુભાઈ જાસોલિયા

[વડોદરા], હર્ષદભાઈ દવે [રાજકોટ] , જગદીશભાઈ ધાનાણી [ગાંધીનગર] , રમેશભાઈ ભોરણિયા અને પ્રવીણભાઈ આસોદરિયા [રાજકોટ] , અને મારા સહાધ્યાયી ભાઈ જગલકિશોર વ્યાસ જેવા બધાનાં અવાર નવાર હુંફ અને હોંકારા મળતાં રહ્યાં છે.

ઉપરાંત કૃષિ યુનિ. જૂનાગઢના માજી કુલપતિ ડૉ. પેથાણી સાહેબ , અત્યારના કુલપતિ ડૉ. એન.સી.પટેલ સાહેબ , વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પારખિયા સાહેબ , ડૉ. નરેંદ્રભાઈ ભરાડ, તેલીબિયા સંશોધન વિભાગના વડા ડૉ. ડોબરિયા સાહેબ, અને કૃષિ યુનિ. નવસારીના કુલપતિ ડૉ. પાઠક સાહેબ તથા કેવીકે કેંદ્રના વડા ડૉ.સી.કે.ટીંબડિયા સાહેબ જેવા કૃષિ તજજ્ઞશ્રીઓનું પણ માર્ગદર્શન અવિરત મળતું રહ્યું છે.

એવું જ, ખેતી કરતા કરતા સફળ થયેલા પ્રયોગોની વાત ખેડૂત આલમ સુધી પહોંચાડવામાં અનિલભાઈ કામદાર [મુંબઈ] , ગિજુભાઈ ભરાડ [ત્રંબા-રાજકોટ] ,અને લોકભારતી-લોકશાળાગૃપની શિક્ષણસંસ્થાઓ ઉપરાંત ગાંધી વિચારને વરેલી સામાજિક સંસ્થાઓ તથા સરકારશ્રીના 'આત્મા' જેવા ખેતી અને ખેડૂતોને પ્રોત્સાહન આપનારા વિસ્તરણ વિભાગો , અરે ! અસંખ્ય એવા કૃષિ વિજ્ઞાન , ખેતીની વાત , સમૃદ્ધખેતી, ખોડલધામ સ્મૃતિ , કોડિયું, ગ્રામસેતુ જેવા ગ્રામાભિમુખ સામયિકોના તંત્રી-સંપાદકો તથા સંદેશ, ફૂલછાબ અને કોમોડિટી વર્લ્ડ જેવા અખબારો ઉપરાંત આકાશવાણી-રાજકોટના ગામનો ચોરો વિભાગ અને ઈટીવી-ગુજરાતી, વીટીવી, ડીડીગિરનાર-દૂરદર્શન જેવાંદૃશ્ય-શ્રાવ્ય માધ્યમોએ પણ પૂરા હોંશ અને ઉત્સાહથી અમે કહેલી વાતને વધાવી લઈ , વધુમાં વધુ જનસમાજ સુધી પહોંચાડવાના જે પ્રયત્નો કર્યા છે તેની અમારે મન બહુ મોટી કિંમત છે.

## અને છેલ્લે......

વાત્સલ્યધામનું નિર્માણ નાનાભાઈ અને મનુભાઈ જેવી વિભૂતિઓની પ્રેરણાથી માટલિયાભાઈએ અહીં માલપરામાં કરેલું. તેમણે વિકસાવેલ સેવાની પરંપરા સ્વાર્પણની ભાવનાથી ભરેલી હતી.[સાંપ્રત હવામાન થોડું બદલાયું છે] અહીં સેવા આપતી વ્યક્તિઓના ચારિત્ર્યનું પ્રતિબિંબ સંસ્થાનું ચારિત્ર્ય છે. એવી સમજ સાથે વાત્સલ્યધામના સુકાન-મૅનેજિંગ ટ્રસ્ટી પદ-સંભાળ્યું છે. સંસ્થાનો વ્યાપ વધે તેના કરતાં તેને ક્યાંય ડાઘ ન લાગે તેની સતત કાળજી રાખીએ છીએ. સંસ્થાના વડીલ ટ્રસ્ટી દલસુખભાઈનું તાજેતરમાં [2013] નિધન થતાં સંસ્થાએ એની ખોટનો જબરો આંચકો અનુભવ્યો છે. પણ રવજીભાઈ રાજપરા , બાબુભાઈ જાદવાણી , પ્રતાપભાઈ ત્રિવેદી , હિંમતભાઈ સવાણી , શંભુભાઈ ગોટી , પ્રસન્નવદનભાઈ મોરડિયા-બધા જ ટ્રસ્ટીઓ સંસ્થાની સક્રિય ચિંતા કરે છે , અને સંસ્થાની વિકાસયાત્રામાં સતત જીવંત રસ દાખવી રહ્યા છે.

માલપરા ગામમાંથી પણ મનુભાઈ સવાણી , રમેશભાઈ પ્રેમજીભાઈ , મધુભાઈ મોહનભાઈ, ઉપેંદ્રભાઈ ભીંગરાડિયા તેમજ અરવિંદભાઈ જાદવાણી, આશારામભાઈ રામાનુજ, લાભુભાઈ ગ.પટેલ જેવા અગણિત મિત્રો અને મુરબ્બીઓનો સમર્થ હોંકારો મળતો રહે છે. અરે ! મારા નાના ભાઈઓ અને કુટુંબના સભ્યો ધંધાર્થે બહાર હોય તેથી શું ? નાના મોટા સૌ સભ્યો મારો પડ્યો બોલ ઝીલવા કાયમ તૈયાર જ હોય છે , પણ માલપરા સ્થિત નાનાભાઈઓ [કાકાના દીકરા] ભાઈ લવજી , સવજી, મનોજ, બાબુ અને ઈશ્વર તથા મારા સહાધ્યાયી અને મોટાભાઈ સમાન ચંદુભાઈ ગોટીનો પુત્ર મહેંદ્ર સુધ્ધાં કૌટુંબિક કાર્યોમાં પડ્યો બોલ ઝીલવા ખડેપગે તૈયાર હોય છે.

વાત્સલ્યધામ સંસ્થા ઘણી નાની છે. કાર્યકર્તા ભાઈ-બહેનોની સંખ્યા ઘણી ઓછી છે, પણ સુરેશભાઈ દેવમુરારિ , કાનજીભાઈ કોરડિયા , નીતાબહેન ભાલિયા , જેરામભાઈ ગીલાતર, છગનભાઈ ગોંડલિયા ,અને મહેશભાઈ સાગઠિયા-બધાં જ બમણું-ત્રણગણું કામ ખેંચી લઈ વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપરાંત છાત્રાલયજીવન અને સંસ્થા સંચાલનમાં સહભાગી બની રહ્યાં છે. એવું જ , શરૂઆતમાં દાસભાઈ રામાનુજ અને હવે દોસ્તભાઈ બ્લોચ અને હરિભાઈ જોગરાણા વાત્સલ્યાધામ સંચાલિત સર્વોદયયોજનાનું સુપેરે સંચાલન સંભાળી રહ્યાં છે. તે કારણે સંસ્થાના ઉજ્જવળ ભાવિ માટે હું શ્રદ્ધાવાન છું. ગામડાંનું કામ , ગામડાંનાં લોકો માટે અને ગામડાંનાં લોકો દ્વારા અહીં સરસ રીતે થઈરહ્યું છે. ગામેગામ આવાં રચનાત્મક કામો થતાં રહેતાં હોય તો ગ્રામસ્વરાજનું લક્ષ અશક્ય નહીં રહે.

અવતરણો

**સત્ય શોધન એ આપણું કામ છે**

"હું થોડા દિવસ પહેલાં અમારા એક વિદ્યાર્થી હીરજી ભીંગરાડિયાને ત્યાં ગયો હતો. 60 વીઘામાં તેણે ડ્રીપ મૂકાવેલું છે. બોરડી , આમળાં બધું લીલું છમ્મ. ડ્રીપ ગોઠવનાર પણ અમારો વિદ્યાર્થી વીરજી જસાણી. ડ્રીપથી 75 % પાણી બચે છે. જમીન સારી થાય છે. જરૂર હોય એટલું જ પાણી મળે. એના કામની કિંમત ઘણી મોટી છે. આ સાચી પેદાશ છે. દિલ્હીથી અબજોની નોટો છાપે તેથી કંઈ ઉત્પાદન વધી જતું નથી. મર્યાદા બહારનો ફુગાવો તે ચોરી છે. એક માણસે બચત કરી , પરંતુ ફુગાવાને કારણે ચાર ઓરડા બાંધી શકાત તેને બદલે એક જ બાંધી શક્યો. તો તેના ત્રણ ઓરડાની ચોરી જ થઈ. રૂપિયાની કિંમત 13 પૈસા થઈ ગઈ છે. એટલે કે 87 પૈસાની ચોરી થઈ ગઈ.

એટલે જીવનની વાસ્તવિકતા સાથે શિક્ષણને જોડવાની જરૂર છે. હીરજી અને વીરજીએ એ કર્યું છે. તેમાં ઉત્પાદન , બચત, વૈજ્ઞાનિકતા બધું છે. જે શિક્ષણ આ નથી કરતું તે વંધ્ય છે. શિક્ષણની સાર્થકતા છે જીવનની વાસ્તવિકતા સાથેના અનુબંધમાં. વાસ્તવિક પ્રશ્નો સાથે લડતી નથી તે સાચી વિદ્યા નથી , તે સાચા શિક્ષકો નથી , વેદિયા છે, મંત્રોચ્ચાર કરનારા છે, બીજે ઘણી કૉલેજો છે , તેના જેવા તમારે નથી થવાનું , તમારે એને નવી દિશા બતાવવાની છે. આપણે સત્તા નહીં , સત્ય જોઈએ છે. સત્યશોધન એ આપણું કામ છે. ભીંગરાડિયાની વાડી અને ત્યાં થઈ રહેલ કામ જોઈ હું બહુ રાજી થયો."]

-મનુભાઈ પંચોળી

લોકભારતીની સુવર્ણ જયંતી પ્રસંગે ઉપહાર

[શ્રદ્ધા અને સત્યશોધન-લખાણ-'કોડિયું'-નવેમ્બર-1990માંથી સાભાર

**************

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના સ્થાપક પુણ્યશ્લોક શ્રી નાનાભાઈ ભટ્ટના શતાબ્દી વર્ષ પ્રસંગે "ઝાડનાં પારખાં ફળ પરથી" નામની ગ્રામદક્ષિણા મૂર્તિ અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની અનુભવકથાની 21 પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવેલી.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ઇતિહાસમાં વળી એક શુભપ્રસંગ પ્રાપ્ત થયો છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપનાને પચાસ વર્ષ પૂરાં થયાં છે. સુવર્ણ જયંતીની ઉજવણી નિમિત્તે "ઝાડનાં પારખાં ફળ પરથી " શ્રેણીમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કામનો

પરિચય આપતી બીજી પાંચ પુસ્તિકાઓ તૈયાર થઈ છે ,[તે માહ્યલી એક “કેરડેફૂટ્યાં ફૂલ”] તે સમાજના ચરણે મૂકતાં આનંદ અનુભવું છું.

લોકભારતીના સ્થાપક-સંવર્ધક સ્વ.શ્રી મનુભાઈ પંચોળીએ શ્રી નાનાભાઈ ભટ્ટ શતાબ્દી પ્રસંગે એ 21 પુસ્તિકાઓ ઉપહારરૂપે ગુજરાતને ચરણે ધરી હતી. સુવર્ણ જયંતી પ્રસંગે સ્વ. મનુભાઈ પંચોળીનું પાવન સ્મરણ થાય છે. તેમણે લોકભારતી ગ્રામવિદ્યાપીઠને વૈચારિક સ્તરે તેમ જ ગ્રામસ્વરાજના ઉત્થાનમાં ટોચે પહોંચાડી. પરિણામે કેંદ્ર સરકારનામાનવસંસાધન વિભાગે લોકભારતી ગ્રામવિદ્યાપીઠને રાષ્ટ્રીય મહત્ત્વવાળી ગ્રામઉચ્ચશિક્ષણની સંસ્થા [The Institute of Rural Higher Education of National Importance] ગણાવીને ગૌરવ કર્યું છે.

નાનાભાઈ શતાબ્દી નિમિત્તે પ્રસિદ્ધ થયેલી પુસ્તિકાઓ માટે સ્વ. શ્રી મનુભાઈ પંચોળીએ કહેલું :

“રસોઈની પરીક્ષા ખાઈને થાય છે , તેના આકાર પરથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ સમાજમાં ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારા-અજવાળામાં રસ્તો કાઢ્યો તે છે.”

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના સામાજિક પ્રદાનને મૂલવવામાં આ પુસ્તિકાઓ શિક્ષણ , ગ્રામપુનરુત્થાન અને નરવા સમાજજીવનમાં રસ લેનારા સૌને ગમશે તેવી આશા છે.

**- જયાબહેન શાહ**

**[“લોકભારતીની સુવર્ણ જયંતી પ્રસંગે ઉપહાર” [પ્રથમ આવૃત્તિ-ઓગસ્ટ-2004ની પ્રસ્તાવના]માંથી ટૂંકાવીને]**

*************

## કૃષિ દંપતીનું ઋષિકાર્ય

હીરજીભાઈ અને ગોદાવરીબહેન ભીંગરાડિયાએ કૃષિના પ્રયોગો દ્વારા પ્રકૃતિ અને સંસ્કૃતિને જોડતાં સૂત્રો શોધી આપ્યાં છે. એમની વાડીનું નામ છે “પંચવટી બાગ. ” વલ્લભીપુરથી અમરેલી જતાં અને ભાવનગરથી રાજકોટ જતાં લગભગ મધ્ય સૌરાષ્ટ્રમાં માલપરા ગામ આવેલું છે. “પંચવટી બાગ”ના સર્જક આ કૃષિ દંપતીને કારણે માલપરા ગામ ભારતના કૃષિ વિશ્વ વિદ્યાલયો અને કૃષિને જીવનમૂલ્યો સાથે જોડતા અભ્યાસીઓ માટે આકર્ષણનું કેંદ્ર બન્યું છે. આ દંપતીનો પરિચય આપતાં કવિ મનોહર ત્રિવેદી લખે છે : “હીરજીભાઈ-ગોદાવરીબહેનના સ્વજન હોવું એમાંય ક્યાં ઓછું સન્માન છે.”

કાળુભાર નદીને કાંઠે આવેલું ચોસલા ગામ બંધ બંધાતાં ડૂબમાં ગયું. હીરજીભાઈ સને 1982થી માલપરા આવ્યા. નઈતાલીમના વિદ્યાર્થી, લોકભારતીના સ્નાતક, કૃષિ-સર્ટિફિકેટમાં ભારતભરમાં પ્રથમ આવેલા. પણ નોકરી ન લીધી. દુલેરાય માટલિયા , સર્જક દર્શક,ઇસ્માઇલદાદા,રતિભાઈ અંધારિયા જેવા કૃષિ દ્વારા ગ્રામ પુનરુત્થાનનું માર્ગદર્શન આપનાર ગુરુજનો-વડીલોનું સ્વપ્ન સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો. એમના પ્રયોગોનું પરિણામ આજે એકવીસ જેટલી પુસ્તિકાઓરૂપે પ્રગટે છે. પ્રથમ ત્રણ પુસ્તિકાઓ રાજકોટના સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશનના અનિલભાઈ કામદારે પ્રગટ કરી છે. નવ પુસ્તિકાઓ લોકભારતીના પ્રો. અરુણ દવે સાથે સંકળાયેલા રવિકૃપા ટ્રસ્ટે અને બાકીની પુસ્તિકાઓ સજીવ ખેતીનું મિશન "જતન"–વડોદરાના કપિલભાઈ શાહે પ્રગટ કરી છે. સજીવ ખેતી , ઝીણા જીવોની કામગીરી, વાડીનો મોલ, પાક અને પાણીનો સંબંધ, પાકનું ભાણું જમીન, જમીનમાં દટાએલું ધન શોધવાના કીમિયા , વેલી-વૃક્ષો , ગોપાલન જેવા અનેક વિષયોની અહીં અનુભવના આધારે તલસ્પર્શી છણાવટ છે.

લેખક તરીકે હીરજીભાઈ સાથે ગોદાવરીબહેનનું પણ નામ છે. એ જોઈને આ દંપતીને જાણનારને આનંદ થશે. હીરજીભાઈ ધરાવે છે એવી કોઈ પદવી કે પુરસ્કાર ગોદાવરીબહેન ધરાવતાં નથી. પણ પંચવટી બાગના સર્જન અને પર્યાવરણલક્ષી મૂલ્યોનું સર્જન બન્નેનું સહિયારું છે. મનોહરભાઈ આ વિરલ "ગ્રામમાતા" વિશે લખે છે : "પિતા ભીખાભાઈની નીડરતા અને સચ્ચાઈ , માતા દિવાળીબહેનની સંસ્કારપ્રેરિત ઉદારતા ને શ્રમનિષ્ઠા હીરજીભાઈના રોમેરોમમા છે. એમાં ઉમેરાયું ગોદાવરીબહેનનું ગરવાઈભર્યું સખ્ય. આમ જુઓ તો ગોદાવરીબહેન શાળાશિક્ષણથી વંચિત. ઊંડાણનું ગામ ધારુકા એમનું પિયર. પણ સૂઝ, સમજ, કલા-કસબ ને આવડતથી હર્યાંભર્યાં. અણઘડનું ઘડતર કરે એવા હાથ. એમનાં ટેરવાં અડે તે ચીજ ધબકતી લાગે. એમના કંઠથી નીતરતાં કીર્તન-લોકગીત ત્રિલીનિલીને હીરજીભાઈ સમેત પંચવટીનું પર્યાવરણ લીલું કુંજાર રહે છે.

શહેર અને ગામ વચ્ચેનો ભેદ ઓછો થયો અને નાનીમોટી ખુલ્લી જગા ધરાવતા નાગરિકો ફૂલછોડ, શાકભાજી અને વૃક્ષ-વેલી ઊછેરતા થયા. તો ગ્રામ વિસ્તારમાં શિક્ષિતો ખેતી અને પશુપાલન ભણી વળ્યા. આનું પ્રમાણ વધતું જવાનું છે એ સંજોગોમાં આ પુસ્તિકાઓ ભોમિયાનું કામ આપી શકશે.

યુરોપ-અમેરિકામાં સજીવ ખેતી દ્વારા મેળવેલા ઉત્પાદનનું મહત્ત્વ વધ્યું છે. જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના બેશુમાર વપરાશથી પકવેલાં અનાજ અને

ફળફળાદિનો અસલ સ્વાદ ઘટતો જાય છે . જ્યારે સજીવ ખેતી દ્વારા મેળવેલ ખાદ્ય વસ્તુઓ મૂળ સ્વાદનો અનુભવ કરાવે છે. એથી પણ મોટો લાભ એ છે કે સજીવ ખેતીનું ઉત્પાદન આરોગ્ય માટે લાભદાયી છે. ખેડૂત પોતે જીવનને ઉત્સવ બનાવી શકે છે. મૂળથી તે ટોચની ટગલી સાથે , અળસિયાં , ઝીણાં જીવડાં સાથે હૃદયનો ધબકાર મેળવીને , દિલડાનો રંગ ઉમેરીને ખેતી કરવાની આ નવી દિશા છે. એની સાથે જીવ-સૃષ્ટિ સંતુલનની વિધાયક વિચારસરણી સંકળાયેલી છે.

હર્ષદ દવે આ પુસ્તિકાઓને કૃષિસાહિત્ય અને એક સદીથી પણ વધુ સમયથી ખેડાતા કૃષિપત્રકારત્વ સાથે જોડીને મૂલવે છે. જીવ-જગત વિશે સામાન્ય જ્ઞાન મેળવવામાં રસ ધરાવતા વાચકોને પણ અહીં અવનવી જાણકારી મળી રહેશે.

વનસ્પતિ વિજ્ઞાની ફ્રાંસના કહેવા પ્રમાણે ડાળીનું વળવું , પાંદનું ધ્રૂજવું અને મૂળનું આગળ વધવું જેવાં અનેક પ્રકારનાં હલન-ચલનમાં છોડવાઓ સતત રોકાયેલા જ હોય છે. વેલાઓની આગળના ભાગે લાગેલા પાતળા તંતુઓના અભ્યાસ પરથી માલૂમ પડ્યું છે કે તેની આસપાસની એક ફૂટની ત્રિજ્યાના વર્તુળમાં આધાર શોધવા કલાકભર ફરતા રહે છે. આધાર ફરતે ગોળ ગોળ વિંટળાઈ જાય છે. એકાદ કલાકમાં તો એવી સજ્જડરીતે ચોટી જાય છે કે તેને અલગ કરવું હોય તોયે ના થાય ! વેલાની વધવાની દિશા જ જે બાજુ વધુ નજદીક અવલંબન મળવાનું હોય તે બાજુની સ્વયંસ્ફૂરણાથી રહેતી હોય છે. વનસ્પતિને ભગવાને આંખો તો આપી નથી , પણ બાહ્ય આંખોને બદલે જે જોવા જેવું છે તેને બરાબર જોઈ લેવા અંતઃચક્ષુ કુદરતે તેને બક્ષેલાં છે. અખતરાઓ ઉપરથી સાબિત થયું છે કે આપણા કાન જે ન સાંભળી શકતા હોય તેવા અવાજ અને આપણી આંખ ન પારખી શકતી હોય તેવા રંગોને વનસ્પતિ ઓળખી શકવા શક્તિમાન છે.[પૃ.9, ખેતી દિલડાનો રંગ]

પોતાના વિશાળ પરિવાર અને મજૂરોને પણ પરિવારના સભ્ય માનતા આ દંપતીએ એમના સુડતાલીશ વર્ષના પુરુષાર્થમાં છેલાં દસ વર્ષથી સજીવ ખેતીનો અભિગમ અપનાવ્યો. સજીવ ખેતીના નિષ્ણાત કપિલ શાહ કહે છે કે ભાવના સાથે આ દંપતી વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે તેથી એમની કામગીરી સમાજ માટે ઉપકારક નીવડી છે. તો કપિલના પિતા અને પ્રયોગવીર સર્વોદય કાર્યકર જગદીશ શાહ લખે છે :

“સામાન્ય રીતે ખેતી કરનારો બોલતો નથી અને બોલનારો ખેતી કરતો નથી. આ દંપતી શિક્ષિત, શ્રમિક, વિચારક, વક્તા, લેખક અને સમગ્રપણે ચિંતક મિશનરી છે. આ શ્રેણીના પુસ્તકો વાંચનાર ખેતીપ્રેમી બનશે તે નિ;શંક છે. ખેડૂત હશે તે વાંચતો-વિચારતો થશે, માત્ર

લખનારો-બોલનારો હશે તો ધરતી સાથે સંપર્ક વધારવા પ્રયત્નશીલ બનશે. આંખ-કાન ખુલ્લાં રાખી ધરતી, ધરતીના સંતાનો અને કુદરતની સ્થૂળ-સૂક્ષ્મ ભાષા સમજવા મથશે."

સજીવ ખેતી સૌથી પહેલાં તો પર્યાવરણનું જતન કરે છે. જે જ્યાં છે એનો રચનાત્મક ઉપયોગ કરીને જડ માટીને સજીવ કરવી , જોકે માટીને 'જડ' કહેવામાં ભૂલ છે છતાં પાણી-પ્રકાશ-પવનનો સંયોગ પામીને માટી વધુ સજીવ બને છે. જંતુનાશકો એ સજીવતાને ઘટાડે છે. વધુ પડતા રાસાયણિક ખાતરો જમીનનું પોત બગાડી એને કઠણ બનાવી દે છે. અળસિયાં જેવા જીવો હળનું કામ કરે છે અને છાણ માટી ખાઈને ખાતર આપે છે. શરૂઆતમાં ખેડૂતને લાગશે કે ઉત્પાદન ઘટ્યું, પણ પાંચમાં વર્ષે વિશેષ ઉત્પાદન મળતું થાય છે એવો આ દંપતીનો અનુભવ છે. એમાં સેંદ્રિય ખાતરનો જરૂર ફાળો છે. જીવજંતુંને મારવાનાં નથી, સૌને જિવાડવાનાં છે. કુદરતના એ કારીગરો ખેતીમાં મદદ કરે છે. "વંશ ચાલુ રાખવાની જિજીવિષા વનસ્પતિમાં કુદરતે મૂકી છે " જેવાં સુત્રાત્મક વાક્યો સાથે કાવ્યપંક્તિઓ પણ વાંચવા મળે છે:

**કઈ તરકીબથી તેં પથ્થરની કેદ તોડી છે ?**
**કુંપળ ! તવ પાસે શું કુમળી હથોડી છે ?**

**- રઘુવીરભાઈ ચૌધરી**

**[દિવ્યભાસ્કર -21 સપ્ટેમ્બર-2008 "વિશેષ" કોલમના લખાણમાંથી]**

*********

**હીરજીભાઈ ભીંગરાડિયા એક દૃષ્ટિવાન ધરતીપુત્ર**

"હીરજીભાઈ ભીંગરાડિયા એટલે ધીંગા અને દૃષ્ટિવાન ધરતીપુત્ર. અખૂટ આત્મવિશ્વાસ , અપાર હિંમત અને વણથાક મહેનતથી વિકસેલા ગ્રામઆગેવાન.

ભણેલા ગામ છોડે એ કહેવત ખોટી પાડીને ભણ્યા પછી વતન ચોસલા [તા ગઢડા]ને કાર્યક્ષેત્ર બનાવ્યું. ચોસલા અને માલપરાના અભ્યાસ પછી લોકભારતીના અભ્યાસમાં ઝળકી ઊઠ્યા. બુદ્ધિ, ખંત અને સદા જાગ્રત જિજ્ઞાસાથી લોકભારતીમાં રૂરલ ઇન્સ્ટિટ્યૂટના અભ્યાસક્રમમાં ભારતભરમાં પ્રથમ આવ્યા. આણંદમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષા લેવા આવેલા ડૉ. બી.એમ.પટેલે હીરજીભાઈના જવાબોથી પ્રસન્ન થઈને ગોપાલનના સ્થાનિક પ્રાધ્યાપક શ્રી પંડ્યાભાઈને કહેલું કે "આટલા સારા જવાબો મને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓએ નથી આપ્યા !" લોકભારતીની સ્નાતક પદવીમાં પણ ડીસ્ટીંકશન સાથે ઉત્તીર્ણ થયા.

ભલભલા જમીન વેચીને સુંવાળી જિંદગી પસંદ કરે , ત્યારે હીરજીભાઈએ હોંશપૂર્વક ખેતી સંભાળી, અને વૈજ્ઞાનિકતા તથા પ્રયોગશીલતાના બળે નફાકારક સાબિત કરી દેખાડી. લોકભારતીનું શિક્ષણ તેમને કામ લાગ્યું.. ખેતીમાં પણ સારું વળતર મળી શકે તે સિદ્ધ કર્યું. આજે તેમનો પંચવટી બાગ અમૃતફળ જેવાં આમળાં માટે અને પ્રયોગશીલ ખેતીના ઉત્તમ નમૂનારૂપે જાણીતો છે. ખેતીની આનુષંગિક બાબતો માટે પંચવટી બાગ આસપાસના ખેડૂતો માટે પૂછવા ઠેકાણું છે.

માત્ર ઉત્પાદન વધે તેથી ગ્રામસમાજ સુખી નહીં થાય. સંગઠિત અને સંપીલા થવું પણ જરૂરી છે એ ખ્યાલ ભણતરમાંથી કેળવાયેલો..

ગામની સહકારી મંડળી અને પંચાયત બન્ને માથાભારે અને ભ્રષ્ટાચારી આગેવાનોના હાથમાં. લોકો દબાઈ ગયેલા. હીરજીભાઈથી આ સહન ન થયું. હીરજીભાઈમાં માટલિયાભાઈના આત્મવિશ્વાસનો અને પિતાની હિંમતનો વારસો હતો. સંગઠનની સૂઝ અને શિક્ષણમાંથી મળેલી દૃષ્ટિ હતી. તેમણે આગેવાની લીધી. ચૂંટણી લડ્યા. ધાક-ધમકીથી ન ડર્યા. મંડળીના મંત્રી, પછી પ્રમુખ, અને પંચાયતના સરપંચની જવાબદારી પણ 11 વરસ સુધીસંભાળી.મંડળી અને પંચાયતને સધ્ધર અને સ્થિર કરી. પછી બીજાને સોંપી દીધી. આજે એકે હોદ્દામાં નથી. હોદ્દાનો મોહ નહીં , પણ માથાભારે તત્ત્વોને નમતું ન આપવાની ત્રેવડ પૂરેપૂરી.

કાળુભાર નદી પર ડેમ બંધાતા હવે રહેણાંક માલપરા ગામમાં કર્યું છે. વાત્સલ્યધામ સંસ્થાના ટ્રસ્ટી તરીકેની ફરજ બજાવે. ગામાયત કામમાં સહજપણે ઘસાય , પણ કામનો દેખાડો નહીં. નમ્રતાપૂર્વક થાય તે કરી છૂટે.

ભણીને માણસ પાછો ગામડામાં જાય, ગ્રામજીવનને સુખી અને સંપીલું બનાવવા સતત મથતો રહે, સ્વવિકાસ સાથે સાથે ગ્રામસમાજના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહે તેમાં તેના શિક્ષણની સાર્થકતા છે. હિંમતવાન અને દૃષ્ટિવાળા ખેડૂત આગેવાન તરીકે વિકસી રહેલા હીરજીભાઈએ લોકભારતીના શિક્ષણને સાર્થક કર્યું છે. તેમનું ગૌરવ કરવામાં સંસ્થા તૃપ્તિ અનુભવે છે."

**- શ્રી મનસુખભાઈ સલ્લા**

**[સંસ્થાના વાર્ષિકોત્સવ વેળાએ ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન [1992] વખતે અપાયેલ પરિચયમાંથી ટૂંકાવીને સાભાર]**

## સજીવ સભરતાનો આસ્વાદ

લેંગે નામના માણસનું એક પુસ્તક છે : God is my Adventure.આધ્યાત્મિક પુરુષોને મળીને દરેકનું એમાં થોડું થોડું વર્ણન કર્યું છે.એમાં જે. કૃષ્ણમૂર્તિ સાથેની એક મુલાકાત પણ છે. પૂછ્યું કે તમે એકલા આનંદમાં રહો છો, તો શું તમે પોતાનામાં મસ્ત રહો છો ? તેમણે કહ્યું કે આ ઝાડપાન , ઘાસનું આ એકેક તણખલું અને આ નદીનું પાણી એ મારો જ અંશ છે, એમ મને લાગે છે. 'અહં બ્રહ્માસ્મિ' એનાથી આગળ 'સર્વ ખલું ઈદં બ્રહ્મ' આ બધું હું જ છું, એવી મારી ખાતરી છે.

આ તો થઈ જે.કૃષ્ણમૂર્તિની વાત. પણ આવી જ વાત કર્મમાં ઉતારી છે હીરજીભાઈ ભીંગરાડિયા અને એમનાં પત્ની ગોદાવરીબહેન ભીંગરાડિયાએ એમના સજીવખેતીના પ્રયોગોમાં. એમનું પુસ્તક છે 'બોલકીવાડીનો સજીવ સંસાર '. સંવાદ તો સોક્રેટિસે પણ અપનાવ્યો હતો અને 'હિંદસ્વરાજ'માં ગાંધીજીએ પણ અપનાવ્યો છે, પણ આ પુસ્તકમાં તો બધા જ સંવાદ કરે છે. વાડી , લીમડો, ચીકુ, રેતી, લીંબુ, દૂધી, આમળાં-બધાં જ વાડીને જોવા આવનાર મહેમાન આગંતુક સાથે વાતો કરે છે , અને એ વાતમાંને વાતમાં સજીવ ખેતીના પ્રયોગોની બધી જ વાત રસાળ શૈલીમાં કહેવાઈ છે. પુસ્તક તો છે માત્ર 45 પાનાનું, પણ એમાં આ કૃષિ કપલના જીવનનો નિચોડ ભર્યો છે. ગુજરાત વિદ્યાપીઠના સ્નાતકોએ ગાંધીનાં મહત્ત્વનાં મૂલ્ય લઈને ગામડે ગામડે શિક્ષણ સંસ્થાઓ સ્થાપી અને ગામડાંઓમાં શિક્ષણ પ્રસરાવ્યું. લોકભારતી સણોસરાના સ્નાતકો પણ ઉત્તમ ખેડૂતો બન્યા અને ખેડૂતોને ઉત્તમ ખેતી કઈરીતે થઈ શકે ,તેના નમૂનાઓ પૂરા પાડ્યા. હીરજીભાઈ પણ લોકભારતીના સ્નાતક અને નમૂનેદાર ખેડૂત બન્યા.પ્રસ્તાવનામાં મનોહરભાઈ હીરજીભાઈને લખે છે કે 'તમે પ્રયોગ કરતા રહ્યા,નિષ્ફળતા ક્યારેક તમારા સગડ સૂંઘવા આવતી રહી,પણ ભોમને કોઈને ભરોસે છોડી શહેરના લોભામણા માહોલ ભણી આંખ ના માંડી તે ના જ માંડી'.

હીરજીભાઈ અને ગોદાવરીબહેનના જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. ઘરની બધી જવાબદારીઓ બન્ને ઉપર આવી પડી. પણ ગોદાવરીબહેને પણ પતિવ્રતા નારીની જેમ ખભેખભો મિલાવીને સજીવ ખેતીના પ્રયોગોના ઉતાર-ચઢાવમાં સાથ આપ્યો. ખેતી કરનારાઓ માટે કહેવાય છે કે તેના માટે કોઈ દિવસ રજા માટેનો હોતો નથી. બારેમાસ કામ, કામ ને કામ. ગોદાવરીબહેન હીરજીભાઈના ઘરમનાં પત્ની તો બન્યાં છે ,પણ કામનાં પત્ની પણ બન્યાં છે. તેઓ પેલા મહેમાન સાથે વાત કરે છે કે 'થાકી શુંકામ જઈએ ? થાક કાંઈ શરીરને થોડો લાગે છે ? અને જ્યાં દિલમાં રંગ હોય ત્યાં થાક આઘો રહે ! ખેતીમાં

ગાયની સેવા, ધરતીની સેવા, ઘરનાં તાજાં અને ચોખ્ખાં દૂધ-ઘી-છાશ, શાકભાજી અને અનાજ, વગડાની ચોખ્ખી હવા, શું નથી ખેતીમાં? પળે પળે નવું ને નવું દેખાયા કરે ચારેકોર. અમને તો ભગવાન આ ગાયુંમાં, ઝાડવાંમાં અને છોડવામાં જ દર્શન દે....તે મંદિરમાં ક્યાંય જવું નથી પડતું અમારે.'- છે ને કોઈ આધ્યાત્મિક સંત પુરુષની વાણી !

દાદા ધર્માધિકારીએ 'મૈત્રી' નામના પુસ્તકમાં લખ્યું છે કે સાંસ્કૃતિક વિકાસ એટલે જીવનનો વિકાસ અને જીવનનો વિકાસ એટલે મનુષ્યના વ્યક્તિત્વનો વિકાસ, પશુની વિભૂતિનો વિકાસ સૃષ્ટિ-પ્રકૃતિનો વિકાસ. પ્રકૃતિનું શોષણ નહીં. આજે ફરિયાદ એ છે કે આપણે સૃષ્ટિનું એટલું બધું શોષણ કરી રહ્યા છીએ કે વસુમતિમાં જેટલું જેટલું વસુદ્રવ્ય છે, જેટલી સંપત્તિ છે, એ બધી જ આપણે લૂંટી લેવા મંડ્યા છીએ. હવે થોડાક દિવસ પછી એમાં કશી સંપત્તિ રહેવા જ નહીં પામે. હવે મનુષ્યને એ ચેતવણી આપવામાં આવે છે કે સૃષ્ટિની સાથે આપણો માત્ર અનુબંધ જ નહીં, સંબંધ પણ હોવો જોઈએ. એ સંબંધ વળી સજીવ [ઓર્ગેનિક] સેંદ્રીય પણ હોવો જરૂરી છે.

આ સેંદ્રીય [સજીવ] વિચાર હીરજીભાઈએ બરાબર પકડ્યો. કારણ કે રાસાયણિક ખાતરોનો પ્રયોગ એમને સફળ લાગ્યો નહીં. મૂળે ખેતીના જીવ એટલે એમણે જોયું કે રાસાયણિક ખાતરથી જમીનમાં અંદર રહેલા જીવો ખવાઈ જાય છે અને જમીન મૂરઝાય છે. તેથી સજીવખેતી તરફ વળ્યા. લેખકનાબે બોલમાં તેઓ લખે છે કે 'ધરતી, પાણી,હવા અને સૂર્યપ્રકાશ ભલે રહ્યા કુદરતના જ અંશો બધા, પણ વાડીમાં વવાતાં ઝાડવાં, છોડવા અને વેલાઓની અવિરત કરાતી ગોવાળીમાં, તેઓ બધાં પણ કેમ રચ્યાં પચ્યાં રહે અને તેની ત્રેવડનો લાભ વાડીમાં વસનારાંને પણ કેમ વધુમાં વધુ મળ્યાકરે, ઉપજનાં ઉત્પાદનો પણ ઉપભોક્તાના સ્વાસ્થ્યને હિતકારી બની રહે તેવા થઈ રહેલા અહીંના ખાસ પ્રયત્નોને અમે 'ખેતી' કહીએ છીએ. વાડી અને તેની સાથે સંકળાયેલાં તમામે તમામ કૃષિ ,વનસ્પતિ, જીવ-સજીવ અમારી સાથે એટલાં ઓતપ્રોત રહ્યાં છે કે એ અમારા પરિવારનો હિસ્સો બની ગયાં છે. એ અમારાં હૈયાંની અને અમે એમનાં હૈયાંની વાતો કાનોકાન સાંભળી શકીએ છીએ'-ખરેખર કાનોકાન વાત સાંભળવી હોય તો આ ચોપડીને વાંચવી જ પડે. ચોક્કસ હકીકતો, ચોક્કસ પદ્ધતિ દ્વારા સૃષ્ટિ સાથેના તાદાત્મની, ચોક્કસ પ્રયોગોની કથા તરીકેનું ઉત્તમ ભાથું પૂરું પાડે છે. આમ આ પુસ્તક સજીવખેતીના પ્રયોગો કરનારને માટે અભ્યાસક્રમરૂપ બની શકે તેમ છે. 'પંચવટી' પ્રયોગોની વાડીનું નામ છે. અને એ જ નામ આખા કુટુબીજનોએ સ્વીકારી લીધું. તેઓ સુરત રહેતા હોય કે અમદાવાદ રહેતા હોય, બધાં જ પોતાના બંગલાનું

નામ 'પંચવટી' રાખે છે. પંચવટીમાં રામ-સીતાએ નિવાસ કર્યો હતો ,પર્ણકુટી બનાવી હતી. આધુનિક પંચવટીમાં હીરજીભાઈ અને ગોદાવરીબહેન સજીવોનો સંસાર માંડીને બેઠાં છે. આ પુસ્તક સજીવખેતીના પ્રયોગોનો નક્કર પુરાવો છે. મુ. મનુભાઈ પંચોળીએ સાચા અર્થમાં શાબાશી આપી હતી કે "હીરજીભાઈ જેવા વિદ્યાર્થીઓ જેને મળ્યા હોય તેનો મોક્ષ જ થાય."– ગુરુ આવા શિષ્ય પાસેથી જ પોરસાય કે જેણે જીવનની ઉદ્યોગશાળામાં નવીન પ્રયોગને જ પોતાનું જીવનપાથેય બનાવ્યું.

**–શ્રી ભદ્રાબહેન સવાઈ**

**[ ભૂમિપુત્ર- 16-7-2004 માંથી સાભાર]**

*************

## આદર્શ ખેડૂત હીરજીભાઈ ભીંગરાડિયા

ભારત ખેતી પ્રધાન દેશ હોવા છતાં આપણે ત્યાં આદર્શ ખેડૂતોની સંખ્યા બહુ જૂજ હશે. વર્ષોથી પરંપરાગત ખેતી કરતા લાખો ખેડૂતોની સંખ્યા ભારતમાં છે. જેઓ પોતાની રૂઢીગત ખેતી કરે છે. આધુનિક વૈજ્ઞાનિક ખેતી , ખેતીમાં અવનવા પ્રયોગો , સુધારેલાં બિયારણો , આધુનિક ખેત-ઓજારો, સજીવ ખેતી , કુદરતી ખાતરો , ટપક સિંચાઈ વગેરે ક્ષેત્રે અનોખા પ્રયોગો કરીને પ્રગતિશીલ ખેતીકરતા વિકાસશીલ ખેડૂતોની સંખ્યા આપણે ત્યાં ઓછી છે. પણ એવા થોડાખેડૂતો પણ છે કે જેમની ખેતીમાંથી દેશભરના ખેડૂતો પ્રેરણા મેળવી શકે. ગુજરાતમાં અનેક સફળ અને આદર્શ ખેડૂતો છે કે જેમણે પોતાની મર્યાદિત જમીન થકી પણ આદર્શ ખેતી કરીને લાખો રૂપિયાની કમાણી કરી છે અને ખેતીમાં પોતે અપનાવેલા રાહ થકી અનેક ખેડૂતોને નવો રાહ ચીંધ્યો છે. જેઓ ખેતીને માત્ર આજીવિકાનું સાધન જ નહીં પણ

એક આદર્શ બાપુકા વ્યવસાય યા નિજ ધર્મ તરીકે ગણી ખેતી કરે છે અને અન્ય ખેડૂતોના રાહબર બનીને તેમને નવી દિશા ચીંધે છે. આવા જ એક આદર્શ અને સફળ ખેડૂત છે , સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાના માલપરા ગામના હીરજીભાઈ ભીંગરાડિયા.

ઓછા વરસાદ અને પાણીની અછતનો સામનો કરીને પડકારરૂપ ખેતી કરનાર હીરજીભાઈ સાચા અર્થમાં 'કૃષિઋષિ' છે. ગામમાં આવેલી તેમની ખેતીની વાડીનું નામ છે 'પંચવટીબાગ'. બે દીકરા અને એક દીકરીનો પરિવાર ધરાવતા હીરજીભાઈનાં પત્ની ગોદાવરીબહેન ખરા અર્થમાં ધર્મપત્ની બનીને તેમનાં વ્યવસાયી જીવનસંગિની બની રહ્યાં છે. આમ આદર્શ સુખી પરિવાર ધરાવતા હીરજીભાઈ સુખી દંપતી અને સુખી કૃષિકાર છે.

હીરજીભાઈના પિતા ભીખાભાઈ પણ વ્યવસાયે ખેડૂત હતા અને હીરજીભાઈને ખેતી વારસામાં મળી હતી. હીરજીભાઈએ ગાંધીવિચારની બુનિયાદી શિક્ષણની માલપરાની લોકશાળામાં પ્રારંભિક અને પાયાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. ઉચ્ચ શિક્ષણ પ્રસિદ્ધ બુનિયાદી શિક્ષણની સંસ્થા મનુભાઈ પંચોલી- 'દર્શક'ની લોકભારતી સણોસરામાં મેળવ્યું અને 1965માં ખેતીના સ્નાતકની પદવી પ્રાપ્ત કરીને ખેતી , બાગાયત , ગોપાલન માટે ગ્રામસેવાના વિષયોનું પાયાનું શિક્ષણ મેળવ્યું. પારિવારિક વારસામાં તો આ બધું હતું જ પણ નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી, કૃષ્ણકાંત શુકલ, રતિભાઈ પંડ્યા, રતિભાઈ અંધારિયા અને મૂળશંકર ભટ્ટ જેવા ગાંધી વિચાર અને ગ્રામસેવાને વરેલા શિક્ષકવૃંદના હાથે ભણતર અને ઘડતરનો લાભ તેમને ભરપૂર મળ્યો.

હીરજીભાઈ પાસે શહેરમાં જઈને કમાવાની બીજા યુવકો જેવી લાલચ અને તક હતી પણ તેમણે ગામમાં જ રહેવાનું પસંદ કર્યું અને ગામડાના ખોળે રહીને ખેતરને વહાલું કર્યું. 40 એકર જેટલી જમીન છે. જે તમામ જમીનને ટપક સિંચાઈથી આવરી લીધી છે અને પાણીના કરકસરયુક્ત છતાં પૂરતા ઉપયોગ થકી ખેતી કરીને પાણીની અછતવાળા ખેડૂતોને ટપકસિંચાઈનો સંદેશ આપી રહ્યા છે. તેમની વાડીમાં અનેક પ્રકારનાં વૃક્ષો પર્યાવરણનું જતન કરે છે. જમીનમાં ખેત તલાવડી , પાણી રિચાર્જ થકી તેનાઉપયોગ જેવી વ્યવસ્થા ઉપલબ્ધ છે. આંબળાં, ચીકુ, લીંબુ, સરગવો, ગુંદાં, બોરડી અને ખલેલાં જેવાં જુદી જુદી 12 જેટલી જાતનાં સેંકડો વૃક્ષોથી તેમની વાડી જાણે લીલી ચાદર ઓઢી હોય તેવી લીલીછમ લાગે છે. લીમડા , ગુલમહોર , હરડે ,બહેડાં, ગરમાળો , નાળિયેરી ,સાગ,અરીઠા જેવાં અનેક પ્રકારના વૃક્ષો છે. જેમાં કેટલાંક ઉત્પાદકીય અને કેટલાંક માત્ર પર્યાવરણના જતન માટે છે. કપાસ, સમગફળી, શાકભાજી, લીલો ઘાસચારો અને ઔષધીય વૃક્ષો પણ જોવા મળે છે.

ગીરની લુપ્ત થતી જતી ઓલાદની દૂજણી ગાયો પણ તેમની વાડીમાં છે. દૂધ વેચવાને બદલે પરિવારના સભ્યો સહિત વાડીમાં કામ કરતા માણસોના ખાવાના ઉપયોગમાં લેવાય છે.

વાડીની માત્ર બાવળ જ ઊગે તેવી બિન નિતારવાળી ગોરમટું જમીનને જાત મહેનત અને ઉત્તમ માવજત થકી તેમણે શ્રેષ્ઠ ખેતીને લાયક ઉપજાઉ જમીન બનાવી છે. અળસિયાંનું જૈવિક ખાતર , છાણિયું ખાતર અને લીલાપડવાસના કુદરતી ખાતર જેવાં ખાતરોના ઉપયોગથી તેઓ ખેતીકરે છે.

તેઓ આદર્શ ખેતી કરીને બેસી રહ્યા નથી પણ તેમની પંચવટી વાડીમાં ખેડૂતોને નિમંત્રીને ખેતીદર્શન કરાવીને, માહિતીપ્રદ સેમિનાર યોજીને હજારો ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડે છે. પોતે પણ ખેતી વિષયક કાર્યક્રમોમાં હાજરી આપે છે. ટેલિવિઝનની વિવિધ ચેનલોમાં ઇન્ટર્વ્યૂ આપે છે અને તેમની ખેતી બીજા ખેડૂતોને ઉપયોગી થાય તેવા પ્રયાસો કરે છે.તેમણે ખેતીને લગતાં પુસ્તકો અને લેખોપણ લખ્યાં છે.અનેક કૃષિ વિષયક સામયિકોમાં પણ તેમના ખેતી વિષયક લેખો આવે છે. આવા સફળ ખેડૂતને અનેક માન-સન્માન પ્રાપ્ત થયાં છે. 1992માં મળેલ માતૃસંસ્થા લોકભારતીનું "ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન"થી શરૂ કરીને "ધરતીપુત્ર ઍવૉર્ડ","ઈનોવેટિવ ફાર્મર ઍવૉર્ડ", રાજ્યસહકારી બૅંકનો "પથદર્શક ઍવૉર્ડ ", રાજ્ય સરકારનો "કૃષિ સંશોધન ઍવૉર્ડ ","સ્વામીનારાયણ સન્માન","લાઈફટાઈમ એચીવમેંટ ઍવૉર્ડ ","વિશિષ્ટ વ્યક્તિ સન્માન ","સૃષ્ટિ સન્માન","કૃષિઋષિ ઍવૉર્ડ ","F.G.I ઍવૉર્ડ ફોર એક્સલંસ ", પુસા ઇંસ્ટિટ્યૂટ ન્યુ દિલ્હી તરફથી "**नवोन्मेषी कृषक सन्मान**","શ્રેષ્ઠ ખેડૂત દંપતી ઍવૉર્ડ", ગુજરાતસરકારનો "બેસ્ટ આત્મા ફાર્મર ઍવૉર્ડ", વાઈબ્રંટ ગુજરાત સમિટ [મૂખ્યમંત્રી]-"શ્રેષ્ઠ કિસાન પુરસ્કાર",V.T.V તરફથી "કૃષિરત્ન ઍવૉર્ડ ","કૃષિ પંડિત સન્માન ", દૂરદર્શન અમદાવાદ તરફથી "ડી.ડી.ગિરનાર કૃષિ શિરોમણી ઍવૉર્ડ ","પ્રાણવાન કિસાન દંપતી સન્માન " અને છેલ્લે હમણાં 2014માં સાંદીપનિ વિદ્યાનિકેતન પોરબંદર તરફથી પૂ. ભાઈશ્રી –રમેશભાઈ ઓઝાના હસ્તે "કૃષિવિજ્ઞાન સાંદીપનિ ગૌરવ ઍવૉર્ડ" સહિતના અનેક ઍવૉર્ડ તેમને પ્રાપ્ત થયા છે. તેમણે ચીનની મગફળીની ખેતીનું પ્રત્યક્ષ દર્શન કરવા ચીનની મુલાકાત લીધી હતી અને તે અંગે લખ્યું પણ છે. તેમણે ચીનના ખેડૂતોની રીત-પદ્ધતિનો પોતાની વાડીમાં સફળ પ્રયોગ કરીને, ભારતના ખેડૂતોએ આ પદ્ધતિને અમલમાં મૂકવા જેવી છે તેવું પણ સૂચવ્યું છે. એક ખેડૂત ઉપરાંત સાદાં ખાદીનાં વસ્ત્રો પહેરતા અને ખભે રૂમાલ રાખતા હીરજીભાઈ ગામની અને અન્ય ખેતીની અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી , પ્રમુખ કે ઉપ પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપીને ગ્રામીણ વિકાસ યજ્ઞકાર્યમાં સમાજસેવકની ભૂમિકા અદા કરીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યા છે. આધુનિક છતાં પરંપરાગત સજીવખેતી , ગીરની ગાયોનું જતન, વૃક્ષ ઉછેર અને પર્યાવરણનું જતન , ટપક સિંચાઈ , કુદરતી ખાતરોનો ઉપયોગ , જળસંગ્રહ અને અન્ય ખેડૂતોને પોતાના જ્ઞાનનો લાભ આપવાની પરોપકાર વૃત્તિને કારણે હીરજીભાઈએ સાચા હીરા જેવું તેમનું નામ તેમના કામ થકી સાર્થક કર્યું છે.

**– શ્રી મણિલાલ એમ. પટેલ ['ગ્રામ ગર્જના' તા-15-9-2014 માંથી સાભાર]**

## ખેડૂતો અને સંસ્થાઓ તરફથી આવેલા પત્રોમાંથી કેટલાક

હવે ફોન અને એમાંય ખાસ કરીને દરેક પાસે મોબાઈલની સગવડ ઊભી થઈ જતાં પત્રો ઓછા થઈ ગયાં છે. પણ થોડાં વરસો પહેલાં અમારી પર તો ખેડૂતોના ખૂબ બધા પત્રો આવતા. આવા સાતસોએક પત્રોમાંથી દસ-બારને અહીં મૂકું છું.

***********

અમરાપુર,તા-જસદણ, જિ.રાજકોટ તા-6-7-1992

અમે બધા મિત્રો પર્યાવરણના સ્ટાફ સહિત ગઈ તા-14-4-91ના રોજ તમારી વાડીએ આવ્યા હતા. ત્યાં અમે બધી જાતનાં ફળઝાડ જોયાં અને તેમાંથી મળતી આવક પણ જાણી. આથી અમોને પણ આવાં ફળઝાડ ઉગાડવાની જિજ્ઞાસા થઈ છે. અને આપને રૂબરૂ મળ્યા પછી આપના તરફથી યોગ્ય માર્ગદર્શન મળશે જ એવી આશા છે. મારે ગણેશ દાડમનો એક એકરનો ઘેરો કરવાની ઇચ્છા છે. તો દાડમની ખેતી વિષે ખાડાનું માપ , વાવેતરનું અંતર , પૂર્તિ ખાતર,ઇયળ લાગે તો કઈ દવા , આંતરપાક વગેરે બધી વિગતની ટપાલ લખશો તો તમારો ખૂબ આભાર માનીશ. લિ. તમારો વિશ્વાસુ લવજી ધરજિયા

***************

उबेश्वर विकास मंडळ फतहपुरा उदेपुर ता. 24.2.93

आशा है आप ठीक होंगे ! उम्मीद है कि आपको हमारी मुलाकात याद होगी ! प्रात 6 बजे ही इतना जोशीला स्वागत बरबस आपकी याद दिलाता रहता है तथा उसके बाद पंचवटी बागका भ्रमण तो हमेशा आंखोके सामने घूमता रहता है !

आपके प्रयास एव साहससे काफी सीखनेकी प्रेरणा मिली तथा निजी जोतको किस तरह आर्थिक रूपसे अधिक सशक्त बनाया जा सकता है , अच्छी तरह देखने एव समजनेका मौका मिला ! पूरे बागको टपक सिंचाई विधिसे सिंचित करनेका अनूठा प्रयोग देखकर हमारे इधर अपनानेकी काफ़ी उत्साह बढा ! अन्य साथीयोंको भी फलदारी वृक्ष लगाने संबंधी काफ़ी उपयोगी जानकारी मिली ! आप द्वारा दिये समय एव सहयोगके लिये बहुत बहुत धन्यवाद, भाभीजीको भी बहुत बहुत नमस्ते एव धन्यवाद ! आशा है यह संबंध आगे भी बनाये रखेंगे ! धन्यवाद !

लि आपका कृष्णावतार शर्मा

***************

મુ.વલ્લભીપુર જિ.ભાવનગર તા-9-9 1995

સવિનય, હું ત્યાં આવ્યો , આપ્તજનને ત્યાં ગયો હોઉં તેવો અનુભવ થયો. તમે જે પ્રેમથી પ્રાકૃતિક આનંદ મેળવો છો તેનો થોડા કલાક માટે સહભાગી થયો તે તાજગીપ્રેરક છે. તે તક આપી તે માટે આભાર. આ કુદરતી પ્રેમની પ્રવૃત્તિ તમોને સત્યમ ,શિવમ અને સુંદરમ તરફ અનાયાસે તમોને ખબર પણ ન પડે તે રીતે ખેંચી જાય છે , તે જાણ્યું અને જોયું. રણથી અરણ્ય સુધીનું પ્રસ્થાન છે. આ જિલ્લામાં આવી દૃષ્ટિપૂર્વકની વૃક્ષની ખેતી પહેલી વખત જોઈ છે. જે બીજા માટે પ્રેરણાદાયી છે. તમારી વૃત્તિ અને પ્રવૃત્તિ સાફ છે, તેથી બીજા પ્રશ્નો તમારા મનનો કબજો લેવામાં સફળ થશે નહીં. ક્ષણિકરંજ પ્રેરશે-તરત જ મનથી સ્વસ્થ થઈ જવાશે. આ બાજુ આવવાનું થાય અથવા ખાસ આવો સજોડેતો ખૂબ ગમશે. આભાર. કુશળ હશો. છું.

લિ.તમારો હરિભાઈ જાદવાણી

*************

મુ.વાવ, વાયાસોનગઢ,જિ.ભાવનગર તા-26-5-1997

ગઈકાલે આકાશવાણી રાજકોટના ગામના ચોરામાં ખેડૂતોને ખેતી કરવામાં મું મૂંઝવતા પ્રશ્નો બાબતે બહુ સારી વાતો કરી તમે હો ! મારે ઘેર કુટુંબનો એક પ્રસંગ હતો અને અમે ઘણા બધા ગામના ખેડૂતો તથા આસપાસથી આવેલા મારા સગા-સબંધીઓ ભેળા બેઠા હતા, બરાબર એવે ટાણે જ મારા નાના દીકરાએ રેડિયો ચાલુ કર્યો ત્યાં અમારા સંબંધી બાબુભાઈ ભીમાણી બોલ્યા કે અલ્યા છોરા ! થોડોક અવાજ વધાર્ય , આતો હીરજીભાઈ બોલે છે, સાંભળ્યાં જેવી વાતો હશે ! અને અમે બધાએ પછીની આખેઆખી વાત સાંભળી. બધાને ખૂબ ગમ્યું. આવી વાતો કરતા રહેજો.

લિ. સવજીભાઈ ખોખાણી તથા બધા ખેડૂતોના રામરામ

***************

લોકભારતી સણોસરા જિ.ભાવનગર તા-4-8-2000

અમે બધા વિદ્યાર્થીઓએ આપના ફાર્મની મુલાકાત લીધી. અમે અત્યાર સુધીમાં આનાથી પણ મોટાં ફાર્મ જોયાં છે , પણ આ ફાર્મમાંથી જે નાનીનાનીઅને જીવન ઉપયોગી બાબતો જાણવા મળી છે તે ખરેખર ક્યારેય ભૂલાય એમ નથી. ઘણા દિવસથી આપને ત્યાં આવવાની ઇચ્છા હતી ,તે હવે પૂર્ણ થઈ.આપની પાસેથી હજુ ઘણું શીખવાનું છે. એટલે

આપણો સંબંધ હંમેશમાટે રહેશે. આપની વાતો અમારા દિલને સ્પર્શી ગઈ છે , અને એણે જીવનનો નવો વળાંક આપ્યો છે. આપનો આભાર ન માનતા અમારા સૌ વતી આનંદની લાગણી વ્યક્ત કરૂં છું.

લિ. લોકભારતીના સૌ વિદ્યાર્થીઓ વતી રાજેશ વી. ખૂંટ

*************

અમદાવાદ તા-24-1-2002

અમદાવાદ-થલતેજ ટેકરા ખાતેના સેમિનારમાં આપશ્રીએ કપાસ અંગે ખેડૂતોના લાભની દૃષ્ટિએ જે જોરદાર રજૂઆત કરી તે જાણી આનંદ થયો. આવી જાતનું બિયારણ ખેડૂતોને મળે તેવી શુભેચ્છાઓ કે જેથી એ દિશાના પ્રયાસોને સફળતા મળે. અમદાવાદ આવો ત્યારે રૂબરૂ મળશો તો આનંદ થશે.

લિ. દિનકર દેસાઈના સ્નેહવંદન

***********

મુ.પો ઉચ્છલ જિ. સુરત તા-28-12-2004

આપનો લેખ વાંચી જણાવવાનુ કે અમોને વધુ જાણકારી મળતી રહે તેવી આશા છે. આજે ખેતી કરવી બહુ ગમે તેવી વાત આવી છે. તે બીટી કપાસનો સારો પાક આવે એવી માહિતી પૂરી પાડજે હીરજીભાઈ ! સાઈબ અમારી જમીન આદિવાસી વિસ્તાર સુરત જિલ્લામાં આવી છે. અમને કોઈ માહિતી પડતી નથી. અમને વધુ જાણકારી આપજે-નમ્ર વિનંતી છે. બીટી કપાસ છોડે કેટલો લાગે , હલકી જમીનમાં કેટલો પાક આવી શકે , તે માહિતી કાગળમાં મોકલીયો આપજે. સાઈબનમસ્કાર.

લિ.બાલજુ રેશમા ગામીત

**************

મુ. ખડીલ તા-કઠલાલ જિ. ખેડા તા-24-8-2006

“કૃષિવિજ્ઞાન”માં આપના લેખોમાંથી સરસ માહિતી મળતી રહે છે. અમને ઉદભવેલ પ્રશ્નોની માહિતી આપવા વિનંતી.

[1] સોયાબીનની ખેતી જૂન-જુલાઈમાં શરૂ કરીએ પછી ઉત્પાદનનો સમયગાળો અને કાપણી થતાં સુધીમાં કુલ સમયગાળો કેટલો ?

[2] વરિયાળીના પાક માટે બિયારણ, રોગોની ઓળખ, જરૂરી દવા, વાવણીનું અંતર વગેરે આવતા અંકમાં લખવા વિનંતી.

[3] ટીસ્યુકલ્ચર કેળની ખેતી માટેની રોગો-દવા વગેરેની તમામ જરૂરી માહિતી મોકલવા વિનંતી.

[4] ભીંડા અને કપાસમાં આ વરસે સુકારો આવેલ છે.તેના માટે જરૂરી દવા અને સૂચનો – જેથી આવતા વરસે ધ્યાન રાખી શકાય.

[5] કૂવારિચાર્જ ને બોર રિચાર્જ માટે ટૅકનિકલ માહિતી, જરૂરી સહાયની માહિતી આપશોજી.

લિ.આભારસહ ખેડૂત જયરાજબા રા.ઝાલા

************

પર્યાવરણ કેંદ્ર, જસદણ તાલુકા પંચાયત પાસે જિ.તા-19-6-1992

આભાર સહ જણાવવાનું કે 14-6-92ના અમે અમારા કાર્યક્ષેત્રનાં છ ગામમાંથી ખેડૂતભાઈઓને લઈને તાલીમાર્થે ત્યાં [વાડીપર] આવેલ.આ સમયે આપે અમારી વ્યવસ્થા કરી અને બાગાયતીપાકો વિશે જે કંઈ સમજાવ્યું , તેમજ અમારા ખેડૂતભાઈઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા. પાણી અને શરબતની વ્યવસ્થા ઉપરાંત વાડીના દાડમનો આસ્વાદ કરાવ્યો તે બદલ હું આપનો અમારી સંસ્થા વતી ખૂબ ખૂબ આભાર માનું છું. કુશળ હશો.

લિ. સ્નેહાધીન દિલીપ સુરકર- પ્રોજેક્ટ કોઓર્ડીસનેટર

***************

# प्रयत्न समिति ग्राम,पोस्ट गुडली, वाया बम्बोरा तहसील गिर्वा जिलापुदेपुर राजस्थान

ता 1,7,95

पंचवटी बाग पर दुबारा आकर बहुत अच्छा लगा ! आप द्वारा की गई आयोजना एव मेहनत वर्तमान परिस्थितियोमे कृषि विकासकी एक ठोस एव कारगर पहल हे , यह देखने ओर समजनेका अवसर मिला आपसे मिलकर सभी साथियोको अपनी सामर्थ्य अनुसार एसी पहल करनेका बहुत प्रोत्साहन मिला.उस पर आपका मृदु एव सरल व्यवहार

काफी हदयस्पर्शी रहा. इच्छा है कि कुछ दिनो वहाँ आकर रहा जाये और आपके साथ काम किया जाये. पुन् आपको धन्यवाद भवदीय ....मोहन डॉन्गी

*************

સ્ટેટ બૅંક ઓફ સૌરાષ્ટ્ર , ભાવનગર

[શાખા-દરબારગઢ] તા-28-11-97

અમારી બૅંક દ્વારા યોજવામાં આવેલ ખેડૂતો માટેના પરિસંવાદમાં તમોએ છોડવાઓ , ફળઝાડની ડાળીઓ, વેલાઓ, જમીનના નમૂનાઓ, અળસિયાં તથા અન્ય સેંદ્રીય ખાતરના નમુનાઓ સાથે લાવી, તમારા ખેતીના અનુભવના નિચોડરૂપી જે માહિતી આપી છે તેનો ખેડૂતો તરફથી સુંદરપ્રતિભાવ મળ્યો છે.જેબદલ આપને અભિનંદન આપી બૅંક તરફથી આભારમાનું છું.

–એ.એમ ધડુક ઝો.ઓ

**************

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ [સેવા] ભદ્ર, અમદાવાદ તા-13-6-13

તે દિવસે મિટિંગમાં તમને મળીને આનંદ થયો. તમારું બોલેલું બહુ મુદ્દાસર – ભૂત,વર્તમાન, ભવિષ્યને સાથે વણી લેતું મને ગમેલું. ખેતી અને ખેડૂતના વિષય પર હજૂ ઘણું વધારે સમજવાનું છે. મારા મનમાં પ્રશ્નો પણ છે. જેમકે ફૂડસિક્યોરીટી બિલથી ભૂખમરો ટળે ? રેશનકાર્ડ અને બી.પી.એલ. જુદાં પાડ્યાથી ગરીબનાં પેટ ભરાય ? ખેતી + ખેતપેદાશ + ખેડૂત પ્રત્યે લક્ષ આપ્યા વિના અન્ન સુરક્ષા પ્રાપ્ત થાય ? અ.વાદ આવો તો જણાવશો , જરૂર મળીશું. કુશળ હશો.

સાનંદ લિ.ઈલાના.....

************

“પ્રયાસ” માંગરોળ તા-15-1-04

તમે અને રાજુભાઈ બન્નેએ સજીવખેતીને પૂરો ન્યાય આપ્યો. ખેડૂતોની રસવૃત્તિ જાગી , જિજ્ઞાસા સંતોષાઈ. તમારી અનુભવી વાણી જોરૂકી છે , નિવડેલી છે, તેથી સૌને સ્પર્શી જાય છે. તમારી ધીંગી અને નિવડેલી વાણીનો લાભ સૌરાષ્ટ્રના ખેડૂતો અને ગ્રામ આગેવાનોની શિબિરિમાં લેતા રહીશું. શિબિરમાં આવ્યા તેનો આભાર, આનંદ પણ.

કુશળતા ઇચ્છતો, લિ. મહેંદ્ર ભટ્ટ

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તા-14-10-11

ગાંધીર્શન વિભાગના આંતરરાષ્ટ્રીય અભાસક્રમના વિદ્યાર્થીઓ આપની "સજીવવાડી"ની મુલાકાતે આવ્યા ત્યારે તા-10-10-11ના રોજ તેમને સજીવ ખેતીની વિસ્તૃત સમજણ અને વાડીનું નિદર્શન કરાવવા બદલ ગુજરાત વિદ્યાપીઠ અને વિભાગ વતી આભાર વ્યક્ત કરું છું. ભવિષ્યે પણ આવો સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા અને આભારસહ –

લિ.આપની વિશ્વાસુ પુષ્પા મોતીયાની

***************

અમેરિકન સ્પ્રીંગ & પ્રેસીંગ વર્ક્સ પ્રા.લિ. મલાડ-મુંબઈ તા-13 -2-13

આપ આપનાં પત્ની ગોદાવરીબહેન સાથે અમારા ફાઉન્ડેશનના ફાર્મની મુલાકાતે આવ્યા એ બદલ આભાર. આપની પાસેથી બહુ જ જાણવા મળ્યું અને ખૂબ જ મજા આવી. આમળાંનો ઉપયોગ દૈનિક જીવનમાં કરવા માટે જુદી જુદી વાનગીઓ આપે બનાવી છે તેનો સ્વાદ માણ્યો. આપનાં પુસ્તકો વંચાણે લીધાં છે , એના વિશે પછીથી લખીશ.

લિ.આપનો વિશ્વાસુ શરદ લ.પટેલ

************

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તા-10-8-11

કૃષિ યુનિવર્સિટી જૂનાગઢમાં "ખેડૂત ઉપયોગી લખાણ લખવાની કળા " વિષયોક્ત કાર્યશાળામાં આપશ્રીએ ઉપસ્થિત રહીને કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો સમક્ષ આપના દ્વારા કરાયેલ મગફળીના પાકમાં [ચાઈનાની ખેતી વિશેના] મલ્ચીંગના સ્વાનુભવો વ્યક્ત કર્યા જે ખૂબ જ રસપ્રદ હતા.જે બદલ અમો આપનો આભાર વ્યક્ત કરીએ છીએ. કૃષિ યુનિવર્સિટીને ખેડૂત ઉપયોગી તમામ કાર્યક્રમોમાં હંમેશાં આપશ્રીનો સહયોગ આપતા રહો છો તે માટે ધન્યવાદ પાઠવું છું.

લિ. આપનો સ્નેહાધિન એન.સી.પટેલ –કુલપતિ.

## કાર્ય અને લખાણ બાબતના પ્રતિભાવો

જેમણે જેમણે લખાણ બાબતેના પ્રતિભાવો આપ્યા છે તે બધાને શબ્દસહ ઉતારવાનું કરીએ તો બીજું ખાસ્સું મોટું અલગથી પુસ્તક પ્રકાશિત કરવું પડે. પણ એ બધાએ વાડીમાં થઈ રહેલ અમારું કામ જોયા પછી, અમારાં લખાણ-પુસ્તકો વાંચ્યાં પછી-“લખતા રહો, સારું લખાય છે, ઉપયોગી વાતોનું નિરૂપણ થાય છે , તમારાં લખાણો અનુભવ આધારિત અને ખેડૂતોની જ બોલીમાં લખાતાં હોવાથી સૌને સમજવાં સરળ પડે છે, સૌ વાંચે છે.અને ખેડૂતો એનો અમલ કરે છે , એટલે કે એનું પરિણામ પણ મળે છે. ” એવા અર્થનું કંઈક ઝાઝું-થોડું લખી, અમારામાં બળ પૂરતા રહેલા મોટા ભાગના કૃષિ લેખકો , સંસ્થાસંચાલકો, અરે ! કૃષિ યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકો અને સંશોધન અધિકારીઓ , મુરબ્બીઓ, ખેડૂતો, મિત્રો અને અન્ય મહાનુભાવોના આવા પ્રતિભાવો વાંચીને કે ફોન પર સાંભળીને અમને કામ કરવાનું અને સફળ પરિણામ સૌ સમક્ષ રજૂ કરવાની હોંશ ચડતી રહી છે. પણ એ બધાં લખાણો અને ફોન-રેકર્ડ અહીં સમાવવા મુશ્કેલ હોઈ સૌ મહાનુભાવો અમને ક્ષમા કરે કે તેમના પ્રતિભાવો આ નાનકડા અહેવાલમાં રજૂ કરી શકતા નથી. તેમનો માત્ર નામોલ્લેખ કરીને જ સંતોષ માનીએ છીએ.

**એવાં થોડાં નામો કે જેમણે કોઈને કોઈ પ્રતિભાવ આપ્યા હોય**

શ્રીઅનિલભાઈ કામદાર સૌ.એજ્યુ.ફાઉન્ડેશન મુંબઈ
શ્રી લાભુભાઈ ગ. પટેલ [લેખક] માલપરા જિ.બોટાદ
શ્રી જગદીશભાઈ શાહ વિનોબા આશ્રમ ગોત્રી વડોદરા
શ્રી હર્ષદ દવે [કૃષિ લેખક] ‘ગાયત્રી’ રાજકોટ
શ્રી કપિલ શાહ મે.ટ્રસ્ટી ‘જતન’ [સજીવખેતી મિશન]વડોદરા
શ્રી પ્રવીણ પટેલ-સંપાદક-“કૃષિવિજ્ઞાન” રાજકોટ
શ્રી કુમુદભાઈ ઠાકર-[પ્રાધ્યાપક લો.ભા] વાવોલ જિ.ગાંધીનગર
શ્રીમહેંદ્રભાઈ ભટ્ટ [કૃષિ લેખક] માંગરોળ જિ.નર્મદા
શ્રી રાજુભાઈ જંત્રાણિયા વ્યારા જિ.સુરત
શ્રી જિતેંદ્રસિંહ ગોહિલ [નિવૃત પ્રાધ્યાપક]લોકભારતી
ડૉ. આઈ.એસ.પટેલ-સંશો.વૈજ્ઞાનિક,સરદાર કૃષિનગર દાંતીવાડા
શ્રી જાદવભાઈ ડોબરિયા [ખેડૂત] અડતાળા જિ.બોટાદ

શ્રીરમેશતન્ના-અનિતા,એડીટર-ગુજરાત-ટાઈમ્સ.અમદાવાદ
ડૉ.સી.કે.ટીંબડિયા પ્રો.કો.ઓ.[કે.વી.કે].કૃષિ.યુનિ.નવસારી
ડૉ. નરેંદ્ર ભરાડ [કૃષિ લેખક] વિ.શિ.વિભાગ-કૃ.યુ.જુનાગઢ
શ્રી શામજીભાઈ આંટાળા [લેખક] ધોરાજી
શ્રી વિનુભાઈ ગાંધી- સમાજ સુધારક-સ્વાશ્રયી આરોગ્ય-ભાવનગર
શ્રી પ્રવીણચંદ્ર ઠક્કર-પ્રાધ્યાપક-નિયામક-લોકભારતી
ડૉ. રાજેંદ્ર ખીમાણી કુલસચીવ-ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ
શ્રી રતિભાઈ પંડ્યા –પૂર્વ પ્રાધ્યાપક-લોકભારતી
ડૉ. કે.પી.કીકાણી-નિવૃત્ત પ્રાધ્યાપક-કૃષિ યુનિ.આણંદ
શ્રી પુરુષોતમભાઈ ઢાંકેચા- [કટાર લેખક-ફૂલછાબ] સુરત
ડૉ.એ.એમ.પારખિયા વિ.શિ.નિયામક કૃષિ યુની.જૂનાગઢ
શ્રીએન.પી. પટેલ તંત્રી-કૃષિ-કર્મ ગાંધીનગર
શ્રી જિતેંદ્ર તળાવિયા [પર્યાવરણવાદી] અમરેલી
શ્રી નરેંદ્ર વાઘેલા તંત્રી-"સમૃદ્ધખેતી" રાજકોટ
ડૉ. કનુભાઈ પેથાણી[નિવૃતકુલપતિ] કૃષિયુનિ.જુનાગઢ] અમદાવાદ
ડૉ.એન.સી.પટેલ[કુલપતિ કૃષિયુનિ.] જૂનાગઢ
શ્રી ગિજુભાઈ ભરાડ [શિક્ષણશાસ્ત્રી] ભરાડફાઉન્ડેશન રાજકોટ
શ્રી ઘનશ્યામભાઈ મહેતા,સાંદિપની વિ.નિકેતન,પો.બંદર
શ્રી રીટાબહેન અને સુમનભાઈ રાઠોડ-પર્યાવરણ કેંદ્ર જસદણ
શ્રી રામજીભાઈ મા. પટેલ-[પ્રચારક-ઉંઝા જોડણી]અ.વાદ
શ્રી રમેશભાઈ પટેલ –સૃષ્ટિ ઈનોવેશન્સ અમદાવાદ
શ્રી અજિતસિંહ સોલંકી [શિક્ષક} વલ્લભીપુર
શ્રી વજુભાઈ ઢોલરિયા –આકાશવાણી-રાજકોટ
ડૉ. આર.એ.શેરસિયા ડાયરેક્ટર-આત્મા ગાંધીનગર
શ્રી પ્રવીણ કે અગ્રાવત [સીતારામ બાપુ]તંત્રી-પુરુષોતમધામપત્રિકા
શ્રી લલ્લુભાઈ પટેલ-નિવૃત્ત આચાર્ય મણાર-સુરત
શ્રી જગલભાઈ વ્યાસ [લેખક-સંપાદક-કોડિયું] અમદાવાદ
શ્રી હરેશ બોરસાણિયા તંત્રી-"ખેડૂત કહાની" અમરેલી

શ્રી ઈલિયાસ શેખ તંત્રી- "ગ્રામસેતુ" રાજકોટ
શ્રી આર.આર.મકવાણા તંત્રી-"સોમનાથસંદેશ" રાજકોટ
શ્રી ચેલાભાઈ પટેલ-પ્રાધ્યાપક- કૃષિ યુનિ.દાંતીવાડા
શ્રી જિતેંદ્ર ભીખાભાઈ જોટાસણા[શિક્ષક] અમરેલી
શ્રી મયૂરભાઈ મહેતા –તંત્રી-કોમોડિટી વર્લ્ડ-અમદાવાદ
શ્રી નરેશભાઈ પટેલ તંત્રી-ખોડલધામ સ્મૃતિ-કાગવડ
શ્રી ભીમજીભાઈ નાકરાણી તંત્રી-સરદાર જ્યોત-અમદાવાદ
શ્રી રમેશ ભોરણિયા કૃષિ લેખક-કોમોડિટી-રાજકોટ
શ્રી દિનેશ ટીલવા કૃષિ લેખક-કોમોડિટી-રાજકોટ
શ્રી પ્રવીણ આસોદરિયા કૃષિલેખક-કોમોડિટી રાજકોટ
શ્રી જયેશ રાદડિયા તંત્રી-ખેતીનીવાત-રાજકોટ
ડૉ. જગદીશ ધાનાણી [કૃષિ લેખક] ગાંધીનગર
ડૉ.ધીરુભાઈ કોરાટ –સહ-સંશો.,નિયામક-કૃષિલેખક કૃ.યુનિ.આણંદ
શ્રી યોગેશભાઈ મિસ્ત્રી-સદકૃષિ-પ્રચારક-સિનોર જિ.વડો..
શ્રીકરણસિંહ-સોલંકી– નિવૃત અધિકારી દૂરદર્શન
શ્રી જીવરાજભાઈ મૈયાણી – ભાવનગર
શ્રી પ્રતાપભાઈ ત્રિવેદી,નિવૃત-પ્રવૃત્ત શિક્ષક, સુરત
શ્રી હિતેંદ્ર આર.પટેલ તંત્રી-એક પ્રયાસ-ગાંધીનગર
શ્રી નારણભાઈ પી પટેલ તંત્રી-કૃષિકર્મ

****************************************